# AmritMahotsav

“आजादी का अमृत महोत्सव यानी आजादी की ऊर्जा का अमृत ।

आजादी का अमृत महोत्सव यानी स्वाधीनता सेनानियों से प्रेरणाओं का अमृत ।“

“आजादी का अमृत महोत्सव यानी नए विचारों का अमृत, नए संकल्पों का अमृत ।

आजादी का अमृत महोत्सव यानी आत्मनिर्भरता का अमृत ।“

75 भारत अमृत महोत्सव

हर राह पर बढ़ते कदम

**Name:** Chaudhari Mrugeshbhai K.

**Roll No:**37

*SUG.COLLAGE OF EDUCATION*
*AHEMDABAD*

Scanned with CamScanner




## અમૃત મહોત્સવ અંગે

દેશની આઝાદીને 75 વર્ષ પુર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે વડપ્રધાન મોદીએ આઝાદીના અમૃત મહોત્સવને મહાત્મા ગાંધીજીની દાંડીકૂચની આજે 91મી વર્ષગાંઠના દીને દાંડી માર્ચને લીલીઝંડી આપીને આઝાદીના અમૃત મહોત્સવનો આરંભ કરાવ્યો હતો. આ તકે વડાપ્રધાને જણાવ્યું હતું કે સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ એટલે સ્વતંત્રતાની ઉર્જાનું અમૃત એટલે કે સ્વતંત્રતા સેનાનઓની પ્રેરણાનું અમૃત છે. સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ એટલે નવા વિચારોનું, નવા ઠરાવોનું અમૃત, સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ એટલે આત્મનિર્ભરતાનું અમૃત. આ તકે વડાપ્રધાને જણાવ્યું હતું કે દાંડીયાત્રાની વર્ષગાંઠે ઈતિહાસ બનતો આપણે જોઈ રહ્યા છીએ અને તેનો ભાગ પણ બની રહ્યા છીએ.

વડાપ્રધાને જણાવ્યું હતું કે આ અમૃત મહોત્સવ 2023 15 ઓગષ્ટ સુધી ચાલશે.મોદીએ જણાવ્યું હતું કે આજે આઝાદીના અમૃત મહોત્સવનો આરંભ મુંબઈના ઓગષ્ટ ક્રાંતિ મેદાન, પંજાબના જલિયાવાલા બાગ સહિતના ઐતિહાસિક સ્થળ સહિત દેશભરમાં થઈ રહ્યો છે.આ પ્રસંગે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમનો ઉલ્લેક કરતા મોદીએ જણાવ્યું હતું કે આજે જે પ્રેઝન્ટેશન થયું તેમાં અનેક સ્તંભો પર ખાસ જોર અપાયું હતું. આ સ્તંભો હતા. ફ્રિડમ, આઈડીયા, એકશન, રિઝોલ્વ આ પાંચેય સ્તંભો આગળ વધવાની પ્રેરણા આપે છે.

પીએમે જણાવ્યું હતું કે કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય ત્યારે ઉજ્જવળ છે જયારે તે અતીતના અનુભવો સાથે જોડાયેલ રહે છે. આપણી પાસે વારસાનો અખૂટ ભંડાર છે.વડાપ્રધાને જણાવ્યું હતું કે વેદોમાં એક વાકય છે. અમે દુખ, કદ, કલેશ, વિનાશથી નીકળીને અમૃત તરફ આગળ વધીએ. આ સંદેશ આઝાદીથી અમૃતનો આપે ચે.વડાપ્રધાને જણાવ્યું હતું કે આ નવા વિચારોનો, આત્મનિર્ભરતાનો, સુરાષ્ટ્રના સપનાને સાકાર કરવાનો મહોત્સવ છે. ગાંધીજીની એક યાત્રા (દાંડીયાત્રા) એ એક નવી પ્રેરણા સાથે જન જનને જોડી દીધી હતી.

નમક-મીઠા પર અંગ્રેજોએ લાદેલા કરના વિરુદ્ધમાં ગાંધીજીના આંદોલનમાં ભારતના સ્વભાવ અને સંસ્કાર હતા. આપણે ત્યાં નમકનો મતલબ વફાદારી, ઈમાનદારી પણ થાય છે. નમકનું મૂલ્ય ન હોય. નમક શ્રમ અને સમાનતાનું પ્રતીક છે. અંગ્રેજોએ મીઠા પર કર નાખીને ભારતના મૂલ્યોની સાથે સાથે આત્મનિર્ભરતા પર ચોટ મારી હતી.આ તકે વડાપ્રધાને સુભાષચંદ્ર બોઝના આઝાદ હિન્દ ફોજની દિલ્હી માર્ચ, ભારત છોડો,



Scanned with CamScanner

1857નો સંગ્રામ વગેરે યાદ કરી આઝાદીના લડવૈયા રાણી લક્ષ્મીબાઈ, ભગતસિંહ વગેરેને યાદ કર્યા હતા તો જવાહરલાલ નહેરુને પણ યાદ કર્યા હતા.

આ તકે વડાપ્રધાને ભારતની વસુધૈવ કુટુંબકમની ભાવનાને યાદ કરીને જણાવ્યું હતું કે આજે ભારત પાસે કોરોના વેકસીન છે અને તેનાથી બીજાના દુ:ખ દૂર કરવામાં આવે છે અને આખી દુનિયા ભારતને ધન્યવાદ કહે છે.વડાપ્રધાન મોદી આઝાદીના 75માં અમૃત મહોત્સવની ઉજવણીના આરંભ નિમિતે જન ભાગીદારીનું પણ આહવાન કર્યું હતું અને આ અમૃત મહોત્સવમાં સામાન્ય નાગરિકને જોડાવા અપીલ કરી હતી.

આ તકે વડાપ્રધાને દેશની શાળા-કોલેજો પણ અપીલ કરી હતી કે દરેક શાળા-કોલેજના છાત્રો આઝાદીની 75 વિવિધ ઘટનાઓનું સંકલન તૈયાર કરે. સૌ પ્રથમ તે હસ્તલિખિત તૈયાર થાય ત્યારપછી તેનું ડીઝીટલ ફોર્મેટ તૈયાર કરવામાં આવે. દરેક લો કોલેજો પણ આઝાદીની લડાઈ દરમ્યાન ચાલેલી કાનૂની લડાઈના પ્રસંગોનું પણ સંકલન કરે. જેમને નાટક, ગીત સહિતમાં રસ હોય તેઓ તે સ્વરૂપમાં આઝાદીની લડાઈના પ્રસંગોને આલેખે મોદીએ જણાવ્યું હતું કે આઝાદીના દિવાનાઓને શ્રદ્ધાંજલી આપવાનો આ જ માર્ગ છે.



## ગાંધીજીનું આઝાદીમાં યોગદાન

તેમનો જન્મ ૧ સપ્ટેમ્બર, ૧૮૮૮ના દિવસે ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ખાતે થયો હતો. એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંબઈ, વઢવાણ તથા ધ્રાંગધ્રા ખાતે લીધું હતું. તેઓ મેટ્રિકની પરીક્ષામાં અનુત્તીર્ણ રહ્યા હતા.

ઇ.સ. ૧૯૧૭ના વર્ષમાં મુંબઈ ખાતે હાજી મહમ્મદ અલારખિયા સંપાદિત 'વીસમી સદી'માં તેમણે નોકરી સ્વીકારી હતી. એક વર્ષ સયાજીપુરામાં ગ્રામસેવા કરી અને પછી સ્વામી આનંદ અને કાકાસાહેબ કાલેલકરના સંસર્ગથી તેઓ સાબરમતી આશ્રમમાં શિક્ષણકાર્ય અર્થે જોડાયા હતા. આ સમયગાળા વચ્ચે એમણે ઇ. સ. ૧૯૧૯ના વર્ષમાં 'નવજીવન' સાપ્તાહિકની જવાબદારી સ્વીકારી, જે એમણે ઇ.સ. ૧૯૨૩ના વર્ષ સુધી સફળતાપૂર્વક સંભાળી હતી. ૧૯૨૩થી ૧૯૨૭માં એમણે દેશભરમાં જાણીતા બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. ઇ.સ. ૧૯૨૮ના વર્ષ પછીનું આખું જીવન એમણે દક્ષિણ ગુજરાતના રાનીપરજ તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલા વેડછી આશ્રમમાં આદિવાસી ગ્રામસેવા અને આશ્રમી કેળવણીમાં ગાળ્યું.અંગ્રેજ સરકાર સામે બાથ ભીડતાં અલગ અલગ સત્યાગ્રહોમાં એમણે કુલ નવ વર્ષ જેલવાસ ભોગવ્યો હતો. ભારત દેશને આઝાદી મળ્યા પછી એમણે ઇ.સ. ૧૯૭૧થી ૧૯૭૮ સુધી 'વટવૃક્ષ' માસિકનું સંપાદન કર્યું.



Scanned with CamScanner

વેડછીનો વડલો તરીકે સંબોધવામાં આવેલા જુગતરામ દવેનું અવસાન ૧૪ માર્ચ, ૧૯૮૫ના રોજ વેડછી ખાતે આવેલા ગાંધી આશ્રમમાં થયું હતું.

છેલ્લો દાયકો :

1939માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું, ત્યારે નહેરુ-સરદાર સહિતના નેતાઓ માનતા હતા કે વિશ્વયુદ્ધ પછી બ્રિટન ભારતને આઝાદી આપવાનું હોય, તો કૉંગ્રેસે વિશ્વયુદ્ધમાં બ્રિટનને ટેકો આપવો.

કૉંગ્રેસ છોડી ચૂકેલા છતાં નૈતિક વજન ધરાવતા ગાંધીજીને એ સદંતર નામંજૂર હતું. તેમની નામંજૂરીથી નહેરુ-સરદાર વગેરે કૉંગ્રેસી નેતાઓ કચવાતા ખરા, પણ અટકતા નહીં. ગાંધીજી પણ તેમને યોગ્ય લાગે તે કરવાનું જ કહેતા.

રાજકીય આઝાદીના મુદ્દે 1942ની 'હિંદ છોડો' ચળવળ છેલ્લી હતી. તે શરૂ થઈ ગાંધીજી અને કૉંગ્રેસની આગેવાની તળે, પણ અંગ્રેજ સરકારે કૉંગ્રેસની આખેઆખી નેતાગીરીને તરત પકડીને જેલમાં પૂરી દીધી.એટલે લડત પર નેતાગીરીનો કાબૂ ન રહ્યો. ચળવળ અરાજકતામાં ફેરવાઈ અને કશું અસરકારક પરિણામ આણી ન શકી. દરમિયાન,

બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટન જીત્યું તો ખરું, પણ લોહીલુહાણ થઈને યુદ્ધ જીતાડનાર ચર્ચિલના રૂઢિચુસ્ત પક્ષને બ્રિટનના લોકોએ હરાવ્યો અને મજૂર પક્ષની જીત થઈ. ખોખરા થઈ ગયેલા બ્રિટન માટે સંસ્થાનો ટકાવી રાખવાનું અઘરું બન્યું.

જાપાનની કૃપાદૃષ્ટિથી અને સિંગાપોર-પૂર્વ એશિયામાં વસતા ભારતીયોની મદદથી સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજ લડી તો ખરી, પણ જાપાન હારી જતાં આઝાદ હિંદ ફોજ વિખેરાઈ ગઈ.

તેના ત્રણ મુખ્ય અફસરો પર અંગ્રેજ સરકારે મુકદ્દમો ચલાવ્યો, ત્યારે લોકલાગણી એવી પ્રબળ બની કે તે અફસરો ગુનેગારને બદલે નાયક તરીકે ઉભર્યા.

સુભાષચદ્ર બોઝનાં રોમાંચપ્રેરક પરાક્રમ અને આઝાદ હિંદ ફોજ પાછળ રહેલી ભાવનાની એવી અસર પડી કે અંગ્રેજ સૈન્યમાં રહેલા ભારતીયોમાં વિદ્રોહની ભાવના ફેલાઈ. નૌકાદળના કેટલાક ભારતીય સિપાહીઓએ બળવો પણ કર્યો. બહુમતી ભારતીયોના બનેલા લશ્કર પરનો કાબૂ જતો રહ્યો, તેનાથી પણ અંગ્રેજ સરકારનો ખેલ ખતમ થઈ ગયો.

આ ઘટનાક્રમને ટાંકીને એવું કહેવામાં આવે છે કે ભારતને આઝાદી ગાંધીજીએ નથી અપાવી, પણ આ બધાં કારણથી મળી છે.

વર્તમાનમાં વિચારવાના મુદ્દા:

'ગાંધીજીએ કંઈ આઝાદી નથી અપાવી'-એમ કહેતી વખતે અને તેને ઐતિહાસિક રીતે સાચું સાબિત કરતી વખતે, ગાંધીજીએ આઝાદીની લડાઈ નિમિત્તે કેવાં પરિવર્તનો આણ્યાં અને રચના-સંઘર્ષની દિશામાં કેવાં કામ કર્યાં તે જાણવું જોઈએ.સાથોસાથ, રાજકીય આઝાદીનો સઘળો જશ ગાંધીજીને આપનારા લોકોએ છેલ્લા દાયકાનો ઘટનાક્રમ પણ સમજવો જોઈએ.



Scanned with CamScanner



## સરદાર વલ્લભભાઈ પટેલ :

સરદાર વલ્લભભાઈ પટેલ (૩૧ ઓક્ટોબ ર૧૮૭૫ - ૧૫ ડિસેમ્બર ૧૯૫૦) ભારતના એક રાજકીય તથા સામાજિક નેતા હતા, જેમણે દેશની સ્વતંત્રતાની લડતમાં મહત્વનો ફાળો આપ્યો અને અખંડ, સ્વતંત્ર ભારતના એકીકરણનું નેતૃત્વ કર્યું. ભારત અને દુનિયાભરમાં તેઓ સરદારના નામથી સંબોધાય છે. તેમજ એના દ્રઢ મનોબળ ના કારણે લોખંડી પુરુષ તરીકે પણ ઓળખાય છે.

તેમનો ઉછેર ગુજરાતના કરમસદ ગામમાં થયેલો અને તેમની શિક્ષા મુખ્યત્વે સ્વ-અભ્યાસથી થઈ હતી. વલ્લભભાઈ પટેલ એક વકીલ હતા. અને તેમની સફળ વકીલાત દરમ્યાન તેઓ મહાત્મા ગાંધીના કામ અને વિચારધારાથી ઘણા પ્રભાવિત થયા હતા. ત્યારબાદ તેમણે ગુજરાતના ખેડા, બોરસદ અને બારડોલી ગામના ખેડૂતોને સંગઠિત કરી, અંગ્રેજોના અત્યાચાર સામે સત્યાગ્રહો કર્યા. તેમની આ ભૂમિકાના લીધે તેમની ગણના ગુજરાતના પ્રભાવશાળી નેતામાં થઇ. ત્યારબાદ તેમણે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતૃત્વ પણ કર્યું અને બળવાઓ તથા રાજકીય ઘટનાઓમાં આગેવાની કરી. તેમણે ૧૯૩૪ અને ૧૯૩૭ની ચૂંટણીમાં પાર્ટીને સંગઠિત કરી અને તેમણે ભારત છોડો આંદોલનમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો.

ભારતના પહેલા ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે, સરદાર વલ્લભભાઈ પટેલે પંજાબ અને દિલ્હીના નિરાશ્રિતો માટે સહાયનું આયોજન કર્યું હતું. અને દેશભરમાં શાંતિની પુનઃસ્થાપના માટે પ્રયત્નો તથા નેતૃત્વ કર્યું હતું. સરદારે ૫૬૫ અર્ધસ્વાયત્ત રજવાડા અને બ્રિટીશ-રાજ વખતની રિયાસતોને એકત્રિત કરી એક અખંડ ભારતના નિર્માણનું બીડું જડપ્યું. તેમની નિખાલસ મુત્સદ્દીગીરીની સાથે જરૂર પડતા સૈન્યબળના વપરાશની તૈયારીને લીધે સરદારના નેતૃત્વએ ભારતના પ્રત્યેક રજવાડાનો ભારતમાં સમન્વય પુરો કરાવ્યો. ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદારને ઓલ ઇન્ડિયા સર્વિસ (સર્વ ભારતીય સેવા - રાજ્યકારભારની બધી બિનલશ્કરી શાખાઓ) ના રચયિતા હોવાથી 'પેટ્રન સૈન્ટ' તરીકે પણ ભારતીય સનદી સેવામાં ઓળખવામાં આવે છે. સરદાર, ભારતમાં મુક્ત વ્યાપાર તથા માલિકી હક્કના સૌથી પહેલાં હિમાયતીઓમાંના એક હતા.



## સ્વતંત્રતા આંદોલનના મહાનાયક સુભાષચંદ્ર બોઝ

પોતાના આ મિશનને અંજામ આપવા અલગ અલગ નામોથી આફ્રિકા, નૈરોબી, બ્રાઝીલ અને અમેરિકાની યાત્રા કરી. ઈ.સ. ૧૯૩૪ માં ઉધમસિંહ લંડન પહોંચી ગયા. ત્યાં ૯ એલ્ડર સ્ટ્રીટ કોમર્શિયલ રોડ પર રહેવા લાગ્યા. ત્યાં તેમણે યાત્રાના હેતુથી એક કાર લીધી હતી. ભારતના આ વીર ક્રાંતિકારી માઈકલ ઓ. ડાયરની હત્યા કરવા માટેના યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હતા.



Scanned with CamScanner

ઉધમસિંહને પોતાના ભાઈ-બહેનોની મોતનો બદલો લેવાનો મોકો ૧૯૪૦માં મળ્યો. જલિયાંવાલા બાગના હત્યાકાંડના ૨૧ વર્ષ પછી ૧૩ માર્ચ ૧૯૪૦માં રોયલ એશિયન સોસાયટીની લંડનના કાકસ્ટન હોલમાં બેઠક હતી. જ્યાં માઈકલ ઓ. ડાયર પણ વક્તાઓમાંનો એક હતો. ઉધમસિંહ તે દિવસે સમયસર પોતાની જગ્યાએ બેસી ગયા. તેમણે પોતાની રિવોલ્વર એક મોટી ચોપડીમાં છુપાવી હતી. અને તેના માટે તેમણે ચોપડીના પાનાને રિવોલ્વરના આકારમાં કાપી નાખ્યા હતા. જેનાથી જનરલ ડાયરની જાન લેનાર હથિયાર સરળતાથી છુપાવી સકાય.

બેઠક પુરી થઇ ત્યારબાદ દિવાલની પાછળથી ઉધમસિંહએ જનરલ ડાયરને ૨ ગોળીઓ મારી જેનાથી ડાયરનું તાત્કાલિક અવસાન થઇ ગયું. ઉધમસિંહ ત્યાંથી ભાગ્યા નહી અને તેઓએ આત્મસર્મપણ કરી દીધું. તેમના પર મુકદમો ચાલ્યો. ૪ જૂન ૧૯૪૦ના રોજ ઉધમસિંહને હત્યાના ગુનામાં ફાંસીની સજા આપવામાં આવી અને ૩૧ જુલાઈ ૧૯૪૦માં પેન્ટનવિલે જેલમાં તેમને ફાંસી આપવામાં આવી.




ભગત સિંહ ( 28 september 1907 to 23 march 1931 )

ભગત સિંહ ભારતનાં સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ ક્રાંતિકારી હતા.

તેમનો જન્મ ૨૮મી સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૭ નાં દિવસે લ્યાલપૂર, પંજાબમાં થયો હતો. વ્યવસાયે તેઓ જાટ ખેડૂત હતા. ભગતસિંહના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું. ભગતસિંહનું પ્રાથમિક શિક્ષણ બંગામાં થયું હતું. ત્યારબાદ તેઓ લાહોરની ડી.એ.વી હાઈસ્કૂલમાં ભણ્યા હતા. અભ્યાસ દરમિયાન તેમના જીવન પર ભાઈ પરમાનંદ અને જયચંદ વિધ્યાલંકાર નામના રાષ્ટ્રવાદી શિક્ષકનો પ્રભાવ પડ્યો હતો.

## યુવાવસ્થા :

ભગતસિંહ શરૂઆતમાં કોંગ્રેસમાં જોડાયા હતા પણ અમુક કારણોસર તેમણે તેનો ત્યાગ કર્યો હતો. ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી હતી. તે પછી તેઓ રાષ્ટ્રસેવામાં જોડાઈ ગયા હતા. તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસીયેશનના સભ્ય બન્યા[ અને આગળના સમયમાં મહામંત્રી પણ બન્યા હતા. ઇ.સ. ૧૯૨૫ માં નવજવાન ભારત સભાની સ્થાપના કરી જેથી તેમને સુખદેવ, યશપાલ, ભગવતી ચરણ વોહરા , ચંદ્રશેખર આઝાદ, યતિન્દ્રનાથ દાસ જેવા વીર ક્રાંતિકારીઓનો ભેટો થયો. તેઓ યતિન્દ્રનાથ દાસ પાસે બોમ્બ બનાવતા શીખ્યા અને ૧૯૨૬ માં દશેરાના દિવસે એક બોમ્બ ફેંક્યો જેમાં તેમની ધરપકડ કરવામાં આવી પણ ભગતસિંહના વિરુદ્ધ કોઈ પુરાવા ન મળ્યા હોવાથી તેઓ છૂટી ગયા.

ભગતસિંહ માર્કસવાદ, સમાજવાદ, સોવિયત સંઘની તથા અન્ય મોટી ક્રાંતિઓ વિષે ઊંડો અભ્યાસ કર્યો હતો અને તેઓ તેમના સાથીઓને પણ વાંચન માટે આગ્રહ કરતાં હતા. તેમના પિતા કિશનસિંહ તેમના લગ્ન કરવાનું નક્કી કર્યું છે તે વાત જાણી તેઓ લાહોરથી નાસી છૂટ્યા હતા અને ગુપ્ત વેશે દિલ્હીમાં જઈ રહ્યા. થોડા સમય બાદ કાનપુર ગયા અને ત્યાં 'અર્જુન' તથા 'પ્રતાપ' નામના સામયિકમાં લેખો લખી ગુજરાન ચલાવ્યું.

## જલિયાવાલાબાગ હત્યાકાંડ :



Scanned with CamScanner


ભગતસિંહ જ્યારે લગભગ ૧૨ વર્ષના હતા ત્યારે જલિયાવાલા બાગ હત્યાકાંડ થયો હતો. આ વાતની જાણ થતાં ભગતસિંહ ૧૨ કી.મી પગે ચાલી જલિયાવાલા બાગ પહોચ્યા હતા.

અસહકારનું આંદોલન :

અસહકાર ચળવળ એ વર્ષો સુધી ચાલી હતી આ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનો મહત્વનો તબક્કો હતો. આ ચળવળ ૧૯૨૦થી શરૂ થઇ અને ફેબ્રુઆરી ૧૯૨૨સુધી મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ચાલી હતી. ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી હતી

સાઈમન કમિશનનો બહિષ્કાર:

૧૯૨૮માં સાયમન કમિશનના બહિષ્કાર માટે ભયાનક પ્રદર્શનો થયા હતા અને તેમાં ભાગ લેનારા પર અંગ્રેજ સરકારે લાઠીચાર્જ કરતા લાલા લાજપતરાય ઘાયલ થયા હતા, થોડા સમય પછી તેમનું મૃત્યુ થયું હતું. આ ઘટનાથી ભગતસિંહ બહુ ક્રોધિત થયા અને તેમના સાથીઓ સાથે મળી અંગ્રેજ અધિકારી મી.સ્ટોકને મારવાનું કાવતરૂં ઘડ્યું હતું. ૧૭ ડિસેમ્બર ૧૯૨૮ ના રોજ લગભગ સવા ચાર વાગ્યે એ.એસ.પી. જ્હોન પી. સાંડર્સના આવતાંજ રાજગુરુએ તેને ગોળી મારી દીધી હતી.



પૂંજાબ કેસરી લાલા લાજપતરાય ( 28 Janyuary 1865 to 17 November 1928)

લાલા લાજપત રાય ( ૨૮ જાન્યુઆરી ૧૮૬૫ – ૧૭ નવેમ્બર ૧૯૨૮) એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમણે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. તેઓ પંજાબ કેસરી તરીકે પણ જાણીતા છે. તેમણે પંજાબ નેશનલ બેંક અને લક્ષ્મી વીમા કંપનીની સ્થાપના કરી હતી. ઈ. સ. ૧૯૨૮માં સાયમન કમિશન વિરુદ્ધ એક પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ આંદોલન દરમિયાન કરવામાં આવેલા લાઠી-ચાર્જમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને અંતે એમનું અવસાન થયું હતું.



Scanned with CamScanner


Bhagwaticharan

## ભગવતી ચરણ વોહરા (૧૫ નવેમ્બર ૧૯૦૩ - ૨૮ મે ૧૯૩૦)

ભગવતી ચરણ વોહરા એક ભારતીય ક્રાંતિકારી હતા, જે હિન્દુસ્તાન સોશ્યાલીસ્ટ રિપબ્લિકન એસોસિએશન સાથે સંકળાયેલા હતા. તે એક વિચારધારક, આયોજક, વક્તા અને અભિયાનકાર હતા.

વોહરાએ ૧૯૨૧ માં સત્યાગ્રહ ચળવળમાં જોડાવા માટે કૉલેજ છોડી દીધી હતી, અને આ આંદોલન બંધ થયા પછી, લાહોરની નેશનલ કૉલેજમાં જોડાયા, જ્યાં તેમણે બી.એ.ની ડિગ્રી મેળવી. અહીંજ તેઓ ક્રાંતિકારી આંદોલનમાં જોડાયા. તેમણે ભગત સિંહ અને સુખદેવ સાથે મળીને રશિયન સમાજવાદી ક્રાંતિના આધાર પર એક અભ્યાસ વર્તુળ શરૂ કર્યો.

વોહરા એક ઉત્સાહી વાચક હતા. તેમણે જે સંસ્થાઓ સાથે કામ કર્યું હતું તેના કાર્યકારી મૂળમાં બૌદ્ધિક વિચારધારાનો ભંગ કરવામાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓ જાતિના પૂર્વગ્રહોથી પ્રભાવિત ન હતા અને તેમણે હિન્દુ-મુસ્લિમ એકતા તેમજ સમાજવાદી સિદ્ધાંતોનો ઉપયોગ કરીને ગરીબોના ઉત્થાન માટે કામ કર્યું.

૧૯૨૬ માં, જ્યારે તેમના મિત્ર દ્વારા નૌજવાન ભારત સભા નામની ક્રાંતિકારી સંસ્થાની રચના કરવામાં આવી, ત્યારે તેઓને સંગઠનના પ્રચાર સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૬ એપ્રિલ ૧૯૨૮ ના દિવસે, વોહરા અને ભગતસિંહે નૌજવાન ભારત સભાના ઘોષણાપત્રની તૈયારી કરી અને યુવા ભારતીયોને સ્વતંત્રતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તેમની એકમાત્ર માર્ગદર્શિકા તરીકે, "સેવા, વેદના, બલિદાન"નો ત્રિપક્ષી સૂત્ર રાખવા આગ્રહ કર્યો.

સપ્ટેમ્બર ૧૯૨૮ માં, ઘણા યુવા ક્રાંતિકારીઓ દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાનમાં મળ્યા અને ચંદ્રશેખર આઝાદ નેતૃત્વ હેઠળ હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનને હિન્દુસ્તાન સોશિયલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન (એચ.એસ.આર.એ.) માં પુન:સંગઠિત કર્યા. વોહરાને પ્રચાર સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને કૉંગ્રેસના લાહોર સત્ર સમયે વ્યાપકપણે વહેંચવા માટે એચ.એસ.આર.એ.નું વ્યાપક ઘોષણાપત્ર તૈયાર કરવામાં આવ્યું. તેઓ જે. પી. સેન્ડર્સની હત્યા અને ભગત સિંહ અને બતુંકેશ્વર દત્ત દ્વારા સેન્ટ્રલ એસેમ્બલી હૉલમાં બોમ્બ ફેંકવાના પક્ષમાં પણ હતા .



## યતીન્દ્રનાથ દાસ (૨૭ ઑક્ટોબર ૧૯૦૪ - ૧૩ સપ્ટેમ્બર ૧૯૨૯)

યતિન્દ્ર નાથ દાસ (ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર્તા અને ક્રાંતિકારી હતા. તેમને જતીન દાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. લાહોરની જેલમાં ૬૩ દિવસની ભૂખ હડતાલ બાદ તેમનું મૃત્યુ થયું હતું.



Scanned with CamScanner

યતીન્દ્રનાથ દાસનો જન્મ ઈ.સ. ૧૯૦૪ કોલકાતામાં થયો હતો. તેઓ નાની ઉંમરે બંગાળના અનુશીલન સમિતિ નામના ક્રાંતિકારી જૂથમાં જોડાયા હતા. ઈ.સ.૧૯૨૧ ના ગાંધીજી પ્રેરિત અસહકારની ચળવળમાં પણ તેમણે ભાગ લીધો હતો. તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી હતા, તેમણે મેટ્રિક અને ઇન્ટરમિડિએટની પરીક્ષા પ્રથમ વિભાગમાં પાસ કરી હતી. તેઓ બંગાળના અનુશીલાન સમિતિ નામના એક ક્રાંતિકારી જૂથમાં જોડાયા અને ૧૯૨૧માં મહાત્મા ગાંધીના અસહકાર આંદોલનમાં, માત્ર ૧૭ વર્ષની વયની ઉંમરે ભાગ લીધો હતો. નવેમ્બર ૧૯૨૫માં જ્યારે તેઓ કોલકાતાની બાંગબાસી કૉલેજમાં બી.એ નો અભ્યાસ કરતા હતા ત્યારે તેમની રાજકીય પ્રવૃત્તિઓમાંના સહભાગ બદલ ધરપકડ કરવામાં આવી હતી અને તેને મૈમનસિંઘ સેન્ટ્રલ જેલમાં કેદ કરવામાં આવ્યા હતા. ત્યાં નજરકેદ થતાં, તેઓ રાજકીય કેદીઓ પર કરવામાં આવતા દુર્વ્યવહારનો વિરોધ કરવા ભૂખ હડતાલ પર ઉતર્યા હતા. વીસ દિવસ ઉપવાસ કર્યા બાદ જેલ અધિક્ષકે માફી માંગી અને તેમણે ઉપવાસ છોડી દીધા. ભારતના અન્ય ભાગોમાં ક્રાંતિકારીઓ દ્વારા તેમનો સંપર્ક કર્યો અને ભગત સિંહ અને સાથીઓ માટે બોમ્બ-બનાવવામાં ભાગ લેવા તેઓ સંમત થયા હતા. સચિન્દ્ર નાથ સન્યાલે તેમને બોમ્બ કેવી રીતે બનાવવા તે શીખવ્યું.

૧૪ જૂન ૧૯૨૯ ના દિવસે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને લાહોર કાવતરાના કેસના વધારાના કેસ હેઠળ તેમને લાહોર જેલમાં કેદ કરવામાં આવ્યા હતા.



## મોતીલાલ નહેરૂ:

મોતીલાલ નહેરૂ આઝાદીના લડત આપનાર કોંગ્રેસના અગ્ર હરોળના નેતા હતા. તેમનો જન્મ ઇ.સ. ૧૮૬૧ માં આગ્રા મુકામે થયો હતો. તેઓ સ્વતંત્ર ભારત દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂના પિતા હતા. તેઓ ઇ. સ. ૧૯૨૯ના વર્ષમાં મળેલા કોલકાતાના કોંગ્રેસ અધિવેશનમાં સક્રિય રહેલા પીઢ નેતા પૈકીના એક હતા. ઇ. સ. ૧૯૩૧ના વર્ષમાં લખનૌ ખાતે તેમનું અવસાન થયું હતું.


Shivram Hari Rajguru

## શિવરામ હરી રાજગુરૂ (૨૪ ઓગસ્ટ ૧૯૦૮ - ૨૩ માર્ચ ૧૯૩૧)

શિવરામ હરી રાજગુરુ (૨૪ ઓગસ્ટ ૧૯૦૮ – ૨૩ માર્ચ ૧૯૩૧) ક્રાંતિકારી હતા. તેઓ મહારાષ્ટ્રનાં વતની હતા અને દેશષ્થ બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા હતા. તેમનો જન્મ પુના નજીક ખેડ નામનાં ગામમાં થયો હતો, આ ગામ હવે તેમનાં માનમાં "રાજગુરુનગર" થી ઓળખાય છે.

લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓએ લાઠીઓ વરસાવી અને તે ઇજાઓથી તેમનું મૃત્યુ થયું, તેમનો બદલો લેવા માટે રાજગુરુએ ભગત સિંહ અને સુખદેવ સાથે મળીલાહોરમાં અંગ્રેજ અમલદાર જે. પી. સૌંડર્સની હત્યા કરી. આ ઐતિહાસિક કેસમાં તેમને અંગ્રેજો દ્વારા ફાંસીની સજા કરવામાં આવી હતી અને માર્ચ ૨૩, ૧૯૩૧ના રોજ આ ત્રણે વીર ક્રાંતિકારીઓને ફાંસી આપવામાં આવી હતી.

તે હિન્દુસ્તાન સમાજવાદી રિપબ્લિકન એસોસિએશનના સભ્ય હતા, જે ઇચ્છતા હતા કે ભારત કોઈ પણ રીતે બ્રિટીશ શાસનથી મુક્ત થાય.



Scanned with CamScanner

રાજગુરૂ , ભગતસિંહ અને સુખદેવના સાથી બન્યા, અને તેમણે 1928 માં લાહોર ખાતે બ્રિટીશ પોલીસ અધિકારી, જે.પી. ની હત્યામાં ભાગ લીધો. તેમની ક્રિયાઓ લાલા લજપત રાયની મૃત્યુનો બદલો લેવાની હતી, જે પછાત દિવસે માર્યા ગયા હતા. પોલીસ જ્યારે સિમોન કમિશનનો વિરોધ કરી રહેલા કૂચ પર હતી.



## સુખદેવ થાપર (૧૫ મે ૧૯૦૭ – ૨૩ માર્ચ ૧૯૩૧)

સુખદેવ થાપર (૧૫ મે ૧૯૦૭ – ૨૩ માર્ચ ૧૯૩૧) ભારતીય ક્રાંતિકારી હતા. તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રીપબ્લિકન એશોશિએટ્સના અગ્રણી સભ્ય હતા.

લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓએ લાઠીઓ વરસાવી અને તે ઇજાઓથી તેમનું મૃત્યુ થયું તેમનો બદલો લેવા માટે સુખદેવે ભગતસિંહ અને રાજગુરૂ સાથે મળી લાહોરમાં અંગ્રેજ અમલદાર જે.પી.સૌંડર્સ (J.P. Saunders)ની ગોળી મારીને હત્યા કરી, આ ઐતિહાસિક કેસમાં તેમને અંગ્રેજો દ્વારા ફાંસીની સજા કરાઇ અને માર્ચ ૨૩ , ૧૯૩૧ નાં રોજ તે ત્રણે વીર ક્રાંતિકારીઓને ફાંસી અપાઇ.



## મોરારજી દેસાઈ (ફેબ્રુઆરી ૨૯, ૧૮૯૬ – એપ્રિલ ૧૦, ૧૯૯૫)

મોરારજી દેસાઈનો જન્મ તત્કાલીન બોમ્બે પ્રેસિડન્સીના વિસ્તારમાં આવતા વલસાડ જિલ્લાના તેમજ તાલુકામાં આવેલા ભદેલી ગામમાં થયો હતો. આ ગામ હાલમાં ગુજરાત રાજ્યમાં આવે છે. તેઓનું પ્રાથમિક શિક્ષણ સૌરાષ્ટ્રમાં કુંડલા શાળા, સાવરકુંડલા (જે અત્યારે જે.વી. મોદી શાળા તરીકે ઓળખાય છે) માં થયું. ત્યાર બાદ તેઓએ બાઇ અવાં બાઇ હાઇસ્કૂલ, વલસાડમાં શિક્ષણ લીધું. મોરારજીભાઈએ વિલ્સન કૉલેજ, મુંબઈ, મહારાષ્ટ્ર થી સ્નાતક ની પરીક્ષા ઉતીર્ણ કરી હતી. ત્યાર પછી તેઓ ગુજરાત માં નાગરીક (સિવિલ) સેવામાં ગોધરામાં નાયબ કલેક્ટર તરીકે જોડાયા હતા. એમણે મે, ૧૯૩૦ના વર્ષમાં નોકરી માંથી રાજીનામું આપ્યું.ત્યારબાદ તેઓ આઝાદીની ચળવળમાં જોડાયા. ઇ. સ. ૧૯૩૦ ના વર્ષમાં તેમણે અસહકારની ચળવળમાં ભાગ લીધો હતો. સ્વતંત્રતા સંગ્રામ માં ભાગ લેવાને કારણે એમણે જેલ જવું પડ્યું હતું અને એમણે ઘણો સમય જેલમાં વિતાવ્યો હતો. પોતાની નેતૃત્વ ક્ષમતાને કારણે તેઓ સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓના વહાલા રહ્યા અને ગુજરાત કોંગ્રેસના મહત્વપૂર્ણ નેતા રહ્યા હતા. જ્યારે ઇ. સ. ૧૯૩૪ અને ઇ.સ. ૧૯૩૭ના સમય માં પ્રાંતિય પરિષદોની ચુંટણીઓ થઇ ત્યારે તેઓ ચુંટાયા હતા તથા તેમણે બોમ્બે પ્રેસિડન્સી માં નાણાં (વિત્ત) મંત્રી તેમ જ ગૃહ મંત્રી તરીકે ની જવાબદારીઓ નિભાવી હતી.



Scanned with CamScanner




## ઇન્દુલાલ યાજ્ઞિક:

ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક (૨૨ ફેબ્રુઆરી ૧૮૯૨ - ૧૭ જુલાઇ ૯૭૨) (ઉપનામ: પામદત્ત) જેઓ ઈન્દુચાચા તરીકે જાણીતા હતા, ગુજરાતના સમાજશાસ્ત્રી, આત્મકથાકાર, નાટ્યકાર, નવલકથાકાર હતા.

તેમનો જન્મ નડીઆદમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પણ તેમણે ત્યાં જ મેળવ્યું હતું. તેઓ ૧૯૦૬માં મૅટ્રિક, ૧૯૧૦માં પદાર્થવિજ્ઞાન-રસાયણશાસ્ત્ર વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. અને ૧૯૧૨માં એલએલ.બી. થયા હતા. તેમણે ૧૯૧૩ થી ૧૯૧૫ સુધી વકીલાત કરી હતી તે દરમિયાન 'હિંદુસ્તાન' દૈનિકમાં અગ્રલેખો લખવાની શરૂઆત. પણ તેમણે કરેલી. ૧૯૧૫માં વકીલાત છોડી સમાજસેવા અને દેશસેવામાં જીવન સમર્પિત કરવાનો નિર્ણય કર્યો હતો. 'નવજીવન અને સત્ય' માસિકના તંત્રી તરીકે તેમણે સેવા આપી હતી અને ૧૯૨૨માં 'યુગધર્મ'ની શરૂઆત પણ કરી હતી. દેશસેવાનું કામ છોડી થોડા વખત ફિલ્મક્ષેત્રમાં પણ તેમણે ઝંપલાવ્યું હતું. 'પાવાગઢનું પતન' ફિલ્મનું નિર્માણ તેમના દ્વારા કરાયું હતું. બીજી ફિલ્મ ઉતારવાનો પ્રયત્ન કર્યો હતો પણ અધૂરો રહ્યો હતો. ૧૯૩૦ થી ૧૯૩૫ સુધી વિદેશમાં વસવાટ કર્યો હતો. ૧૯૩૬માં ભારત પાછા આવી વિવિધ રાજકીય આંદલનોમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. ૧૯૪૨માં 'નૂતન ગુજરાત'ના તંત્રી તરીકે જોડાયા હતા. બાદમાં ૧૯૪૪માં નેનપુરમાં આશ્રમ ખોલીને રચનાત્મક પ્રવૃત્તિઓ આરંભી હતી. તેમને નર્મદ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી મહાગુજરાત આંદોલનના સેનાની તરીકે પણ તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી. ઘણાં વર્ષ સુધી લોક સભાના સભ્ય રહ્યા હતા.૧૭ જુલાઈ ૧૯૭૨ના રોજ અમદાવાદ ખાતે તેમનું અવસાન થયું હતું.



## નીલમ સંજીવ રેડ્ડી:

નીલમ સંજીવ રેડ્ડી (૧૯ મે ૧૯૧૩ – ૧ જૂન ૧૯૯૬) પૂર્વ રાષ્ટ્રપતિ અને સ્વાતંત્ર્યસેનાની હતા. આઝાદી બાદ તેઓ આંધ્ર પ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા. આ ઉપરાંત, બે વાર લોકસભાના અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી બન્યા હતા

રેડ્ડીનો જન્મ ૧૯ મે ૧૯૧૩ના રોજ આંધ્ર પ્રદેશ રાજ્યના અનંતપુર જિલ્લાના ઈલ્લુર ગામે એક તેલુગુ ભાષી હિંદુ પરિવારમાં થયો હતો.તેઓનું પ્રારંભિક શિક્ષણ થિઓસોફિકલ હાઈસ્કૂલ (મદ્રાસ)માં થયું હતું. ત્યારબાદ સ્નાતક અભ્યાસક્રમ માટે મદ્રાસ યુનિવર્સિટી સંલગ્ન અનંતપુર ગવર્મેન્ટ કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. ૧૯૫૮માં શ્રી વેંકટેશ્વર વિશ્વવિદ્યાલય દ્વારા વિશ્વવિદ્યાલયની સ્થાપનામાં તેમના પ્રદાન બદલ માનદ ડૉક્ટર ઓફ લો ની પદવી એનાયત કરવામાં આવી હતી.



Scanned with CamScanner

૧૯૨૯માં મહાત્મા ગાંધીની અનંતપુર જિલ્લાની મુલાકાત બાદ તેઓ સ્વતંત્રતા આંદોલનમાં જોડાયા અને ૧૯૩૧માં કોલેજનો અભ્યાસ અધૂરો છોડી ચળવળમાં સક્રીય બન્યા. તેઓ યુવા મોર્ચા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલા હતા અને વિદ્યાર્થી સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. ૧૯૩૮માં આંધ્ર પ્રદેશ પ્રાંતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ બન્યા અને એક દશક સુધી આ પદ પર રહ્યા. ભારત છોડો આંદોલન દરમિયાન તેમણે જેલવાસ ભોગવ્યો હતો.




## ઝૈલસિંઘ:

જ્ઞાની ઝૈલસિંઘ (૫ મે ૧૯૧૬ – ૨૫ ડિસેમ્બર ૧૯૯૪) ૧૯૮૨ થી ૧૯૮૭ દરમિયાન ભારતના સાતમા રાષ્ટ્રપતિ હતા. આ પૂર્વે તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કાર્યકર રહ્યા તેમજ ગૃહમંત્રી સહિતના વિવિધ મંત્રી પદ ધરાવતા હતા. આ ઉપરાંત, ૧૯૮૩ થી ૧૯૮૬ દરમિયાન ગુટ નિરપેક્ષ આંદોલનના મહાસચિવ તરીકે પણ કાર્ય કર્યું.

તેમના રાષ્ટ્રપતિપદ દરમિયાન ઓપરેશન બ્લુ સ્ટાર, ઈન્દિરા ગાંધીની હત્યા તથા ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો જેવા મુદ્દાઓ જાણીતા છે.૧૯૯૪માં માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થવાથી ૭૮ વર્ષની વયે તેમનું અવસાન થયું.

તેમનો જન્મ ૫ મે ૧૯૧૬ ના રોજ ફરીદકોટ જિલ્લાના સંધવાન ગામે કિશનસિંહને ત્યાં થયો હતો. જન્મસમયે તેમનું માન જરનૈલ રાખવામાં આવ્યું હતું જેનો સામાન્ય અર્થ જનરલ થતો હતો પરંતુ ફરીદકોટ રજવાડાના મહારાજના શાસનનો વિરોધ કરવાના કારણોસર વારંવાર જેલની સજા ભોગવ્યા બાદ તેમણે તેમનું નામ બદલી નાખ્યું હતું. અમૃતસરની શહિદ શીખ મિશનરી કોલેજમાં ગુરુ ગ્રંથ સાહેબ વિષેના શિક્ષણ અભ્યાસના કારણે તેમને જ્ઞાનીની પદવી મળી હતી.



## ઉધમસિંહ:

ઉધમસિંહનો જન્મ ૨૬ ડિસેમ્બર ૧૮૯૯માં પંજાબના સંગરૂર જિલ્લાના સુનામ ગામમાં થયો હતો. ૧૯૦૧માં ઉધમસિંહના માતા અને ૧૯૦૭માં તેમના પિતાનું અવસાન થઇ ગયું. આ ઘટનાના લીધે ઉધમસિંહને તેમના મોટાભાઈ સાથે અમૃતસરના અનાથાશ્રમમાં રહેવું પડ્યું. ઉધમસિંહનું બાળપણનું નામ શેરસિંહ અને તેમના ભાઈનું નામ મુક્તાસિંહ હતું. જેમને અનાથાશ્રમમાં અનુક્રમે ઉધમસિંહ અને સાધુસિંહ નવા નામ મળ્યા. ઉધમસિંહ સર્વધર્મના પ્રતીક સમાન હતા. એટલા માટે જેલવાસ દરમિયાન તેમણે પોતાનું નામ બદલીને "રામ મોહમ્મદ સિંહ આઝાદ" રાખ્યું હતું જે ભારતના પ્રમુખ ધર્મોના પ્રતિક છે.અનાથાશ્રમમાં ઉધમસિંહનું જીવન પસાર થઇ રહ્યું હતું ત્યાંજ ૧૯૧૭માં તેમના ભાઈનું અવસાન થઇ ગયું અને તેઓ બધી રીતે અનાથ થઇ ગયા. ૧૯૧૯માં તેમણે અનાથાશ્રમ છોડી દીધું અને ક્રાન્તિકારીઓની સાથે મળી દેશની આઝાદીની ચળવળમાં ભળી ગયા.



Scanned with CamScanner

રોલેટ એક્ટના વિરોધમાં ૩૦ માર્ચ અને ૦૬ એપ્રિલ ૧૯૧૯ના રોજ પંજાબમાં લોકોએ હળતાલ પાડી. અમૃતસરની સ્થિતિ અંકુશ બહાર ગઈ છે તેમ લાગતા તેમને લશ્કરના હવાલે કર્યું. ૧૩ એપ્રિલ ૧૯૧૯ વૈશાખી (પાક લણણીનો દિવસ) ના દિવસે સાંજે ૪:૩૦ વાગ્યે જલિયાંવાલા બાગમાં શહીદોને અંજલી આપવા અને બધાના પ્યારા નેતાઓ ડૉ. કિચલું અને ડૉ. સત્યપાલની ધરપકડનો વિરોધ કરવા એક સભાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સભા ગેરકાયદેસર હોવાની જાહેરાત કર્યા વિના અને કશીયે પૂર્વ ચેતવણી આપ્યા વિના અંધાધૂંધ ગોળીબાર કરવાનો ઓર્ડર જનરલ ડાયરે આપ્યો. જેમાં હજારો લોકોની કત્લેઆમ કરવામાં આવી.આ આખી ઘટના ઉધમસિંહએ પ્રત્યક્ષ નિહાળી હતી અને પ્રતિજ્ઞા લીધી કે તેઓ જનરલ ડાયરની હત્યા કરશે.

પોતાના આ મિશનને અંજામ આપવા અલગ અલગ નામોથી આફ્રિકા, નૈરોબી, બ્રાઝીલ અને અમેરિકાની યાત્રા કરી. ઈ.સ. ૧૯૩૪ માં ઉધમસિંહ લંડન પહોંચી ગયા. ત્યાં ૯ એલ્ડર સ્ટ્રીટ કોમર્શિયલ રોડ પર રહેવા લાગ્યા. ત્યાં તેમણે યાત્રાના હેતુથી એક કાર લીધી હતી. ભારતના આ વીર ક્રાંતિકારી માઈકલ ઓ. ડાયરની હત્યા કરવા માટેના યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હતા.

ઉધમસિંહને પોતાના ભાઈ-બહેનોની મોતનો બદલો લેવાનો મોકો ૧૯૪૦માં મળ્યો. જલિયાંવાલા બાગના હત્યાકાંડના ૨૧ વર્ષ પછી ૧૩ માર્ચ ૧૯૪૦માં રોયલ એશિયન સોસાયટીની લંડનના કાકસ્ટન હોલમાં બેઠક હતી. જ્યાં માઈકલ ઓ. ડાયર પણ વક્તાઓમાંનો એક હતો. ઉધમસિંહ તે દિવસે સમયસર પોતાની જગ્યાએ બેસી ગયા. તેમણે પોતાની રિવોલ્વર એક મોટી ચોપડીમાં છુપાવી હતી. અને તેના માટે તેમણે ચોપડીના પાનાને રિવોલ્વરના આકારમાં કાપી નાખ્યા હતા. જેનાથી જનરલ ડાયરની જાન લેનાર હથિયાર સરળતાથી છુપાવી સકાય.

બેઠક પુરી થઇ ત્યારબાદ દિવાલની પાછળથી ઉધમસિંહએ જનરલ ડાયરને ૨ ગોળીઓ મારી જેનાથી ડાયરનું તાત્કાલિક અવસાન થઇ ગયું. ઉધમસિંહ ત્યાંથી ભાગ્યા નહી અને તેઓએ આત્મસર્મપણ કરી દીધું. તેમના પર મુકદમો ચાલ્યો. ૪ જૂન ૧૯૪૦ના રોજ ઉધમસિંહને હત્યાના ગુનામાં ફાંસીની સજા આપવામાં આવી અને ૩૧ જુલાઈ ૧૯૪૦માં પેન્ટનવિલે જેલમાં તેમને ફાંસી આપવામાં આવી.



## ડૉ. રાજેન્દ્ર પ્રસાદ :

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ હતા. તેઓ સ્વાતંત્ર સેનાની હતા અને કૉંગ્રેસ પક્ષનાં નેતા હતા. તેઓએ ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામ માં આગળ પડતો ભાગ લીધેલ. તેમણે બંધારણ સભાના પ્રમુખ તરીકે ભારતનાં બંધારણનો મુસદ્દો તૈયાર કરેલ. તેઓએ સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકે સેવા આપેલી.

રાજેન્દ્ર પ્રસાદ નો જન્મ બિહારનાં સિવાન જિલ્લામાં છપરા નજીક આવેલ ઝેરડૈ ગામમાં થયેલ. તેમનાં પિતા મહાદેવ સહાય પર્શિયન અને સંસ્કૃત ભાષાનાં વિદ્વાન હતા. તેમનાં માતા કમલેશ્વરી દેવી ધાર્મિક પ્રકૃતિનાં હતાં,તેઓ રાજેન્દ્ર પ્રસાદને રામાયણની કથાઓ સંભળાવતા. પાંચ વર્ષની ઉંમરે બાળ રાજેન્દ્ર પ્રસાદને એક મૌલવી પાસે પર્શિયન ભાષા શિખવા માટે મોકલાતા. ત્યાર બાદ તેઓને છપરા જિલ્લા શાળામાં પ્રાથમિક શિક્ષણ માટે દાખલ કરાયા. તેઓનાં લગ્ન ૧૨ વર્ષની ઉંમરે રાજવંશી દેવી સાથે કરવામાં આવ્યા.(નોંધ:તે સમયમાં સમાજમાં બાળલગ્નનો રિવાજ હતો) ત્યાર બાદ તેઓ તેમનાં મોટાભાઈ મહેન્દ્ર પ્રસાદ સાથે પટણાની આર.કે.ઘોષ એકેડમીમાં અભ્યાસ માટે દાખલ થયા. જોકે થોડાજ સમયમાં તેઓ ફરી છપરા જિલ્લા શાળામાં પરત આવી અને ત્યાંથી તેમણે ૧૮ વર્ષની ઉંમરે કલકત્તા યુનિવર્સિટીનીં પ્રવેશ પરીક્ષા પસાર કરી. તેઓએ ૧૯૦૨ માં "પ્રેસિડેન્સી કોલેજ" માં પ્રવેશ મેળવ્યો. બિહાર કેસરી ડૉ.શ્રી કિષ્ન સિંહા અને બિહાર વિભૂતી ડૉ. અનુરાગ નારાયણ સિંહા નાં સંપર્કમાં તેમનાંમાં દેશસેવાની ભાવના




Scanned with CamScanner

જાગૃત થઇ. ૧૯૧૫માં તેઓએ કાયદાશાસ્ત્રમાં ઑનર્સ અનુસ્નાતકની ઉપાધિ, સુવર્ણ ચંદ્રક સાથે પ્રાપ્ત કરી. બાદમાં કાયદાશાસ્ત્રમાં પી.એચ.ડી.ની ઉપાધી પણ પ્રાપ્ત કરી. તેઓએ બિહારનાં ભાગલપુરમાં વકીલાત કરેલ,અને તે સમયમાં ત્યાં તેઓ બહુજ ખ્યાતનામ વ્યક્તિ ગણાયેલ.

વકીલાત શરૂ કર્યાનાં થોડાજ વખતમાં રાજેન્દ્ર પ્રસાદ આઝાદીની ચળવળમાં જોડાયા. મહાત્મા ગાંધીનાં આદેશથી તેઓએ ચંપારણ સત્યાગ્રહ માં સ્વયંસેવક તરીકે જોડાયા. મહાત્મા ગાંધી પ્રત્યે પૂરી વફાદારી, સમર્પણ અને ઉત્સાહ ધરાવી તેઓએ ૧૯૨૧ માં યુનિવર્સિટીનાં સભ્ય પદેથી રાજીનામું આપ્યુ. તેઓએ મહાત્માજીનાં પશ્ચિમી શિક્ષણનાં બહિષ્કારની ચળવળનાં પ્રતિભાવમાં પોતાનાં પુત્ર મૃત્યુંજય પ્રસાદ, ખુબજ હોશિયાર વિધાર્થીને યુનિવર્સિટીમાંથી ઉઠાડી અને "બિહાર વિધાપીઠ" માં દાખલ કરાવ્યા,જ્યાં ભારતીય સંસ્કૃતિ મુજબનું શિક્ષણ પ્રદાન થતું હતું. તેઓએ "સર્ચલાઇટ" અને "દેશ" નામક પત્રોમાં લેખો પણ લખ્યા અને આ પત્રોને માટે ફાળો પણ કર્યો. તેઓ રજુઆતો,ચર્ચા અને પ્રવચનો માટે ખુબ પ્રવાસો કરતા. ૧૯૧૪માં બિહાર અને બંગાળમાં થયેલ પૂર હોનારતનાં અસરગ્રસ્તોને મદદ, રાહતકાર્યોમાં તેઓએ ખુબજ સક્રિય ભાગ ભજવેલ. ૧૫ જાન્યુઆરી ૧૯૩૪ નાં રોજ બિહારમાં આવેલ ધરતીકંપ વખતે તેઓ જેલમાં હતા. આ સમય દરમિયાન રાજેન્દ્ર પ્રસાદે પોતાનાં ખાસ સાથીદાર અને વડીલ એવા "ડૉ.અનુરાગ નારાયણ સિંહા" ને તમામ જવાબદારીઓ સોંપી. જોકે બે દીવસ બાદ તેઓ જેલમુક્ત થયા. તેઓએ ફંડફાળો કરવાની જવાબદારી સ્વિકારી. આ સમયે ભારતનાં વાઇસરોયે પણ ફંડ શરૂ કરેલ, તેમનાં કરતાં લગભગ ત્રણ ગણું રૂા.૩૮,00,000 નું ફંડ રાજેન્દ્ર પ્રસાદે એકઠું કર્યુ. ૧૯૩૫ નાં "ક્વેટા ભૂકંપ" વખતે, તેઓને દેશ છોડવાની મનાઇ હતી, તેમણે સિંધ અને પંજાબમાં રાહત સમિતીઓનું ગઠન કર્યુ.

ઓક્ટોબર ૧૯૩૪માં, મુંબઇ અધિવેશનમાં, તેઓ કોંગ્રેસનાં પ્રમુખ તરીકે ચુંટાયા. ત્યારબાદ ૧૯૩૯માં, સુભાષચંદ્ર બોઝનાં રાજીનામાં પછી, ફરીથી પ્રમુખપદે ચુંટાયા.ભારત સ્વતંત્ર થયા પછી તેઓએ ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. બાર વર્ષ પછી ૧૯૬૨ માં તેઓએ પોતાનાં હોદ્દા પરથી નિવૃતિની ઘોષણા કરી. તેઓને ભારતનાં સર્વોચ્ચ નાગરીક સન્માન ભારત રત્નથી વિભુષિત કરવામાં આવેલ.




## સી. રાજગોપાલાચારી:

ચક્રવર્તી રાજગોપાલાચારી (૧૦ ડિસેમ્બર ૧૮૭૮ – ૨૫ ડિસેમ્બર ૧૯૭૨), જેઓ 'રાજાજી' નામે પણ જાણીતા હતા, તેઓ ભારતના સ્વતંત્રતા સેનાની, રાજપુરૂષ, લેખક અને વકીલ હતા. તેઓ ભારતના છેલ્લા ગવર્નર જનરલ હતા. તેઓએ કોંગ્રેસનાં નેતા, મદ્રાસ પ્રેસિડેન્સીના વડા, મદ્રાસના મુખ્યમંત્રી, ભારતના ગૃહમંત્રી અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓએ 'સ્વતંત્ર પાર્ટી' નામે પક્ષ પણ રચ્યો હતો અને ભારત રત્ન સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ લોકોમાંના એક હતા.

રાજગોપાલાચારીનો જન્મ ત્યારની મદ્રાસ પ્રેસિડેન્સીના સાલેમ જિલ્લાના (જે હવે તામિલ નાડુ રાજ્યનો કૃષ્ણાગિરિ જિલ્લો છે) થોરાપલ્લી ગામે થયો હતો. તેઓએ સેન્ટ્રલ કોલેજ બેંગાલુરૂ અને પ્રેસિડેન્સ કોલેજ મદ્રાસમાં અભ્યાસ કર્યો. સને:૧૯૦૦માં તેમણે વકિલાત શરૂ કરી. રાજકારણમાં પ્રવેશતાં, પ્રથમ સાલેમ નગરપાલિકાનાં સભ્ય અને પછી પ્રમુખ બન્યા. તેઓ કોંગ્રેસમાં જોડાયા અને 'રોલેટ એક્ટ', 'અસહકારની ચળવળ', 'વાઈકોમ સત્યાગ્રહ' અને 'સવિનય કાનૂનભંગની ચળવળ'માં ભાગ લીધો.



Scanned with CamScanner

તેઓએ ૨૧ જૂન ૧૯૪૮થી ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ સુધી ભારતનાં ગવર્નર જનરલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. ૧૯૫૫નાં ગણતંત્ર દિન પર તેમને ભારતનાં ઉચ્ચત્તમ નાગરીક સન્માન ભારત રત્નથી સન્માનવામાં આવ્યા.



## ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન:

સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતનાં પ્રથમ ઉપરાષ્ટ્રપતિ (૧૯૫૨-૧૯૬૨) અને દ્વિતિય રાષ્ટ્રપતિ (૧૯૬૨-૧૯૬૭) હતા. તેઓનો જન્મદિવસ ભારતભરમાં શિક્ષક દિન તરીકે ઉજવાય છે. ભારતીય તત્વચિંતક અને રાજપુરૂષ હતા.

તેઓ વિવિધ ધર્મ અને તત્વચિંતનનાં જાણીતા વિદ્વાન હતા, તેઓ ૨૦મી સદીનાં એ વિદ્વાનોમાંના એક હતા, જેમણે પૂર્વીય અને પશ્ચિમી વિચારો અને તત્વચિંતન વચ્ચે સેતુબંધ સમાન કાર્ય કર્યું હતું. તેઓએ ભારતીય તત્વચિંતનને પશ્ચિમી વિચારસરણીની ઓળખ કરાવી અને પશ્ચિમી જગતને, અંગ્રેજીભાષીઓને, ભારતીય ધાર્મિક અને ચિંતનીય સાહિત્યનો રસાસ્વાદ કરાવ્યો હતો.

સર્વપલ્લી રાધાકૃષ્ણન (સર્વપલ્લી તેમની અટક છે, અને રાધાકૃષ્ણન તેમનું નામ છે) નો જન્મ, તામિલ નાડુનાં ચેન્નઈ (જુનું મદ્રાસ) થી ઉતર-પશ્ચિમમાં ૬૪ કિ.મી. દુર આવેલ તિરૂત્તાની નામક ગામમાં, એક મધ્યમ વર્ગીય બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેઓની માતૃભાષા તેલુગુ હતી. તેઓનું બાળપણ તિરૂત્તાની, તિરૂવેલુર અને તિરૂપતિ માં વિત્યું હતુ.

તારીખ પાંચમી સપ્ટેમ્બર આપણે સર્વે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન નાં જન્મદિવસ ને "શિક્ષકદિન" તરીકે ઉજવીએ છીએ. ડૉ. રાધાકૃષ્ણન એક મહાન ફિલોસોફર અને શિક્ષક હતા. તેમણે એકવાર કહ્યું હતું કે - "હું પહેલા શિક્ષક છું,અને પછી રાષ્ટ્રપ્રમુખ છું .

રાધાકૃષ્ણનનો જન્મ ૫ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ તમિલનાડુના તિરુતાનીમાં થયો હતો. બાળપણથી જ રાધાકૃષ્ણન ભણવામાં હોશિયાર હતા. ૧૯૦૬માં મદ્રાસ કોલેજમાંથી તેમણે ફિલોસોફીના વિષયમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. તેઓ જ્યારે વીસ વર્ષના હતા ત્યારે જ તેમણે માસ્ટર ડિગ્રી માટે તૈયાર કરેલા શોધનિબંધથી તેમના પ્રોફેસર ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમનો આ શોધનિબંધ વીસ વર્ષની ઉંમરે પ્રકાશિત થયો હતો. ફિલોસોફીનો વિષય તેમને પસંદ ન હતો, પરંતુ તેમના દૂરના એક ભાઈ કે જે તેમની શાળા અને કોલેજમાં ભણતા હતા એ ફિલોસોફીનાં પુસ્તકો રાધાકૃષ્ણનને આપતા. રાધાકૃષ્ણન સમય પસાર કરવા માટે તે વાંચતા અને આ રીતે ફિલોસોફીમાં તેમનો શોખ કેળવાતો ગયો. ૧૯૦૯માં રાધાકૃષ્ણને ફિલોસોફીના અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. કોલેજની નોકરીની સાથે સાથે તેઓ લેખનકાર્ય પણ કરતા. કેટલાંક સાંપ્રત સામયિકોમાં તેઓ ફિલોસોફી પર લેખ લખતા. તેમના સૌથી પહેલા પુસ્તકનું નામ 'ધ ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર' હતું. ૧૯૨૬માં હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે તેમણે ઈન્ટરનેશનલ કૉંગ્રેસ ઓફ ફિલોસોફીમાં તેમણે કોલકાત્તા યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે તેઓ યુનેસ્કો ખાતે ભારતના પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા. જ્યારે ૧૯૪૯થી ૧૯૫૨ દરમિયાન તેઓ સોવિયેત યુનિયન ખાતે ભારતના રાજદૂત રહ્યા હતા. ૧૯૫૨માં તેમની વરણી ભારતના રાષ્ટ્રપતિ તરીકે કરવામાં આવી હતી. જ્યારે તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમના મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના જન્મદિવસની ઉજવણી કરવા માટે ઉત્સાહ બતાવવામાં આવ્યો હતો.

જોકે રાધાકૃષ્ણને પોતાના જન્મદિવસને શિક્ષકદિન તરીકે ઊજવવાનું સૂચન કર્યું હતું. બસ, ત્યારથી તેમનો જન્મદિવસ ભારતમાં શિક્ષકદિન તરીકે ઊજવવામાં આવે છે. ડો. રાધાકૃષ્ણનને તેમના સેવાકાર્ય માટે કેટલાક બ્રિટિશ અને ભારતીય ઈલકાબોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૫૪માં તેમને ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૭૫માં ઓક્સફર્ડ યુનિવર્સિટીએ તેમને ટેમ્પલટન એવોર્ડથી નવાજ્યા હતા. ઈનામમાં મળેલી



Scanned with CamScanner

બધી જ રકમ તેમણે યુનિવર્સિટીને દાનમાં આપી દીધી હતી. ત્યારથી ૧૯૮૯માં ઓક્સફર્ડ યુનિવર્સિટીએ ડો. રાધાકૃષ્ણનની યાદમાં સ્કોલરશિપ આપવાની શરૂઆત કરી છે

ડો. રાધાકૃષ્ણન દેશ દુનિયામાં ફિલોસોફર પ્રેસિડેન્ટ તરીકે જાણીતા છે. વર્ષો પહેલાં ફિલોસોફર પ્લેટોએ લખેલું કે આદર્શ રાજ્ય એ કહેવાય જ્યાં રાજા દાર્શનિક હોય. ડો. રાધાક્રિષ્નન રાષ્ટ્રપતિ બન્યા એટલે એ વાત થોડી-ઘણી સાચી સાબિત થઈ. રાધાક્રિષ્નનનો જન્મ ૧૮૮૮માં આંધ્ર પ્રદેશના ધાર્મિક શહેર તિરુતનીમાં થયેલો. તેમના પિતા સર્વપલ્લી વીરાસ્વામી અને માતા સીતામ્મા ગરીબ બ્રાહ્મણ હતાં. દક્ષિણ ભારતની પરંપરા પ્રમાણે તેમના નામમાં લાગતો સર્વપલ્લી શબ્દ હકીકતમાં ગામનું નામ છે. વર્ષો પહેલાં તેમના પૂર્વજો આ ગામમાં રહેતાં હતાં.

તેમની પ્રગતિ બહુ સીધી લીટીમાં હતી. દેશમાં ઉપકુલપતિ સુધી પહોંચ્યા પછી તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ૬ વર્ષ વિઝિટિંગ પ્રોફેસર રહ્યા. ત્યાં તેમણે હિન્દુ ધર્મ ભણાવ્યો. એ દરમિયાન ઇન્દિરા ગાંધી, સાંસદ ભૂપેશ ગુપ્તા અને ઇઝરાયેલના ઉપવડાપ્રધાન રહી ચૂકેલા યિગેલા આલોં જેવાં તેમના વિદ્યાર્થીઓ હતાં.

૧૯૪૮માં તેઓ યુનેસ્કોના ચેરમેન બન્યા. ૧૯૪૯માં કૃષ્ણન રશિયામાં ભારતના રાજદૂત બન્યા. સરમુખત્યાર જોસેફ સ્તાલિન કોઈને મળવા માટે તૈયાર ન થતો. પણ રાધાકૃષ્ણનને બે વખત મળ્યો. આક્રમકતા અને બળપ્રયોગ કરી સત્તા પર આવેલા સ્તાલિનને ઈશારો કરતાં કરતાં કૃષ્ણને કહેલું કે અમારે ત્યાં પણ એક રાજાએ ધરાર સત્તા હાંસલ કરી એ પછી તેને કલિંગમાં પશ્ચાત્તાપ કરવાનો વારો આવેલો. સ્તાલિન-કૃષ્ણનની બે મુલાકાતથી આખા જગતને આશ્ચર્ય થયેલું. ૧૯૫૨માં દેશને સક્ષમ ઉપરાષ્ટ્રપતિની જરૂર પડતાં રાધાકૃષ્નને ભારત બોલાવી લેવાયા. અહીંથી જ તેઓ ભારતના સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યા. ૧૯૫૪માં તેમને ભારત રત્ન આપી દેવાયો હતો. ૧૯૬૨માં તેમણે ભારતના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા અને રાષ્ટ્રપતિ તરીકે પોતાનો પગાર ઘટાડી ૨ હજાર રૂપિયા કરી નાખ્યો. અગાઉ નોંધ્યું તેમ તેમની વિશ્વભરમાં ખ્યાતિ હતી. પરિણામે અમેરિકા પહોંચ્યા ત્યારે તેમને હેલિકોપ્ટર દ્વારા સીધા જ વ્હાઈટ હાઉસમાં ઊતરવાનું સન્માન મળ્યું. આ રીતે વ્હાઈટ હાઉસમાં પહોંચનારા એ વખતે તેઓ પહેલા પરદેશી હતા. અંતિમ દિવસોમાં તેઓ ઘણું ભૂલી જતાં હતા. તબિયતની પણ ગંભીર સમસ્યાઓ હતી. એ સ્થિતિ વચ્ચે જ તેઓએ ૧૯૭૫ની ૧૭મી એપ્રિલે વહેલી સવારે હંમેશાં માટે વિદાય લીધી.




## ઝાકીર હુસૈન (રાજકારણી):

ઝાકીર હુસૈન ખાન (૮ ફેબ્રુઆરી ૧૮૯૭ - ૩ મે ૧૯૬૯) ભારતીય અર્થશાસ્ત્રી અને રાજકારણી હતા. તેઓ ૧૩ મે ૧૯૬૭ થી ૩ મે ૧૯૬૯ (તેમના અવસાન સુધી)ના સમયગાળા દરમિયાન ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ તરીકે કાર્યરત રહ્યા હતા. તેઓ ૧૯૫૭ થી ૧૯૬૨ દરમિયાન બિહારના ગવર્નર અને ૧૯૬૨ થી ૧૯૬૭ દરમિયાન ભારતના ઉપરાષ્ટ્રપતિ પદે રહ્યા હતા. તેઓ જામીયા મિલિયા ઇસ્લામિયાના સહસ્થાપક હતા અને ૧૯૨૮થી તેના વાઇસ-ચાન્સેલર પણ હતા. તેમના નેતૃત્વ હેઠળ જામીયામાં ભારતની સ્વતંત્રતાની ચળવળે જોર પકડ્યું હતું. ૧૯૬૩માં તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



Scanned with CamScanner




## વરાહગીરી વેંકટગીરી:

વરાહગીરી વેંકટગીરી (૧૦ ઓગસ્ટ ૧૮૯૪ – ૨૪ જૂન ૧૯૮૦), અથવા વી. વી. ગીરી ૨૪ ઓગસ્ટ ૧૯૬૯થી ૨૪ ઓગસ્ટ ૧૯૭૪ સુધી ભારતના ચોથા રાષ્ટ્રપતિ હતા. તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટાયેલા એકમાત્ર વ્યક્તિ હતા.૧૯૭૪માં ફકરુદ્દીન અલી અહેમદ તેમના અનુગામી તરીકે ચૂંટાયા હતા.રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યકાળ પૂર્ણ કર્યા બાદ ૧૯૭૫માં ભારત સરકાર દ્વારા ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા. ૨૪ જૂન ૧૯૮૦ના રોજ તેમનું અવસાન થયું

તેમનો જન્મ બરહામપુર, ઓરિસામાં તેલુગુ ભાષી નિયોગી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતા વી. વી. જોગય્યા પંતુલુ એક સફળ વકીલ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સક્રિય કાર્યકર્તા હતા. તેમની માતા સુભદ્રાઅમ્મા અસહકારની ચળવળ અને સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન બરહામપુરમાં રાષ્ટ્રીય આંદોલનમાં સક્રીય હતા. નાગરિક અવજ્ઞા આંદોલન દરમિયાન હડતાલનું નેતૃત્વ કરવા બદલ તેમની ધરપકડ કરાવામાં આવી હતી.તેમના લગ્ન સરસ્વતીબાઇ સાથે થયા હતા અને તેમને ૧૪ સંતાનો હતા.તેમણે પોતાનું પ્રારંભિક શિક્ષણ બરહામપુરની ખલીલકોટ કોલેજથી પુરૂં કર્યું. ૧૯૩માં તેઓ કાયદાશાસ્ત્રના અભ્યાસ માટે આયરલેન્ડ ગયા. અહીં તેમણે યુનિવર્સિટી કોલેજ ડબલીન ખાતે ૧૯૧૩થી ૧૯૧૬ દરમિયાન અભ્યાસ કર્યો..

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તેઓ ડબલીનથી લંડન ગયા અને ત્યાં મહાત્મા ગાંધી સાથે મુલાકાત કરી.ગાંધીજીની ઇચ્છાને માન આપી તેઓ યુદ્ધ દરમિયાન રેડક્રોસ સ્વયંસેવક તરીકે જોડાયા. અભ્યાસ દરમિયાન તેઓ ભારતીય અને આયરીશ બન્ને રાજનીતિમાં સક્રીય રહ્યા. સાથી ભારતીય વિદ્યાર્થીઓ સાથે મળીને તેમણે દક્ષિણ આફ્રિકામાં ભારતીયો પર તથા અત્યાચાર વિરુદ્ધ ચોપાનિયાં તૈયાર કર્યા હતા. આ ચોપાનિયાં ભારતીય રાજનૈતિક ખુફિયા વિભાગ દ્વારા જપ્ત કરાતાં ડબલીનમાં ગીરી અએ તેમના સાથીઓ પર પોલીસનો જાપ્તો વધ્યો હતો. તેમનો સંબંધ ઇસ્ટર રાઇઝીંગના પ્રમુખ નેતાઓ જેમ્સ કોનોલી, પેટ્રીક પિયર્સ તથા એમોન ડી વેલેરા સાથે હોવાની શંકા પણ પોલીસ દ્વારા સેવવામાં આવી. ઇસ્ટર રાઇઝીંગ આંદોલન બાદ ભારતીય વિદ્યાર્થીઓ પર પોલીસે છાપા માર્યા. ગીરીના જણાવ્યા અનુસાર તેમને ૧ જૂન ૧૯૧૬ પહેલાં આયરલેન્ડ છોડવાની નોટીસ આપવામાં આવી..



Scanned with CamScanner



**રવિશંકર વ્યાસ: (૧૮૮૪-૧૯૮૪)**

રવિશંકર વ્યાસનો જન્મ ૨૫ ફેબ્રુઆરી ૧૮૮૪ (વિક્રમ સંવત ૧૯૪૦ની મહા વદ ચૌદશના રોજ ખેડા જિલ્લાનાં રઢુ ગામમાં ઔદિચ્ય (ટોળકીયા) બ્રાહ્મણ કુટુંબમાં પિતાંબર શિવરામ વ્યાસ અને નાથીબાને ત્યાં થયો હતો. તેમના કુટુંબનું વતન મહેમદાવાદ નજીકના સરસવણી હતું. છઠ્ઠા ધોરણનું શિક્ષણ મેળવ્યા પછી તેમણે તેમના પિતાને ખેતીમાં મદદ કરવા માટે અભ્યાસ અધૂરો મૂક્યો હતો.તેમના લગ્ન સુરજબા સાથે થયા હતા. તેઓ જ્યારે ૧૯ વર્ષના હતા ત્યારે તેમના પિતા અને ૨૨ વર્ષના થયા ત્યારે તેમની માતાનું અવસાન થયું હતું.

તેઓએ આજીવન સમાજસેવામાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું. સતત ચાલતા રહેલા સાચા સંત, મુઠ્ઠી ઊંચેરો માનવી, કરોડપતિ ભિખારી, ગુજરાતના બીજા ગાંધી, મૂક સેવક વગેરે ઉપનામોથી તેમને નવાજવામાં આવ્યા છે.

નાની ઉંમરથી જ ગાંધીજીના પ્રભાવમાં આવી તેઓ દેશ અને સમાજ સેવામાં જોડાયા. વિનોબા ભાવેની ભુદાન અને સર્વોદય યોજનાઓમાં પાયાનું કામ કર્યું અને એ ઉપરાંત પાટણવાડીયા, બારૈયા કોમો અને બહારવટીયાઓને સુધારવાનું કામ જાનના જોખમે કર્યું હતું.

૧૯૨૦માં પગરખાં ચોરાયા ત્યારથી પગરખાંનો ત્યાગ કર્યો હતો. તે જ વર્ષે સુણાવમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી, આચાર્યથી માંડી પટાવાળા સુધીની ફરજ બજાવતા. તે પછીના વર્ષે મકાન અને જમીન વેચીને રાષ્ટ્રસેવામાં આપવા પત્ની સંમત ન થતાં મિલકત પરના બધા હક છોડી જીવન દેશને સમર્પિત કરી દીધું. ૧૯૨૩માં બોરસદ સત્યાગ્રહ, હૈડીયા વેરા નહીં ભરવાની ગામે ગામ ઝુંબેશ શરૂ કરી. ભારત છોડો ચળવળમાં ભાગ અને અમદાવાદમાં કોમી હુલ્લડોમાં રચનાત્મક ભાગ ભજવ્યો હતો. જેલવાસ દરમ્યાન જેલમાં ગામઠી ગીતા સમજાવતા, આઝાદી મળ્યા બાદ સમાજ સુધારણાના કામોમાં કાર્યરત થઈ ગયા. ૧૯૫૫થી ૧૯૫૮ ના ત્રણ વર્ષ દરમ્યાન ૭૧ વર્ષની ઉંમરે ભૂદાન માટે ૬,૦૦૦ કિલોમીટર ચાલ્યા હતા. આખી જિંદગી જમવામાં માત્ર એક જ ટંક ભોજન લેતા અને તે પણ માત્ર લુખ્ખી ખીચડી. પોતાને માટે રૂપીયો પણ ન વાપરનાર આ વ્યક્તિએ કરોડો રૂપીયા અને કિંમતી જમીનોના દાન મેળવ્યા હતા અને તે કારણે જ 'કરોડપતિ ભિખારી' જેવું ઉપનામ પણ તેમને મળ્યું.

૧ જુલાઇ ૧૯૮૪ના દિવસે ૧૦૦ વર્ષની ઉંમરે બોરસદ ખાતે તેમનું અવસાન થયું.



Scanned with CamScanner



**રાજકુમારી અમૃત કૌર:** (૨ ફેબ્રુઆરી ૧૮૮૯ – ૬ ફેબ્રુઆરી ૧૯૬૪)

અમૃત કૌરનો જન્મ ૨ ફેબ્રુઆરી ૧૮૮૯ના રોજ લખનૌ, ઉત્તર પ્રદેશ (તે સમયે સંયુક્ત પ્રાંત) માં થયો હતો. તેઓ પંજાબ પ્રાંતના કપૂરથલા રાજ્યના રજવાડા પરિવારના સભ્ય હરનામ સિંહ અને તેમની પત્ની પ્રિસિલ્લા કૌર (ગોલકનાથ)ના આઠ સંતાનો પૈકી એક માત્ર પુત્રી હતા. તેમનો પ્રારંભિક શિક્ષણ અભ્યાસ ડોરસેટ, ઇંગ્લેન્ડ ખાતે શેરબોર્ન સ્કૂલ ફોર ગર્લ્સ શાળામાં તથા કોલેજ શિક્ષણ ઓક્સફોર્ડ વિશ્વવિદ્યાલયમાં થયું હતું. ઇંગ્લેન્ડમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ ભારત પરત ફર્યાં.

**ભારતીય સ્વતંત્રતા ચળવળ** :ઇંગ્લેન્ડથી પરત ફર્યા બાદ કૌર સ્વતંત્રતા ચળવળમાં જોડાઈ ગયાં. તેમના પિતા ગોપાલ કૃષ્ણ ગોખલે સહિતના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અગ્રણી નેતાઓ સાથે પરિચય ધરાવતા હતા. ૧૯૧૯માં મુંબઈ ખાતે મહાત્મા ગાંધી સાથેની મુલાકાત બાદ તેઓ તેમના વિચારોથી પ્રભાવિત થયાં. જલિયાંવાલા બાગ હત્યાકાંડની ઘટના બાદ બ્રિટીશ સૈન્યએ પંજાબના અમૃતસરમાં ૪૦૦ જેટલા શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓની ગોળીઓ મારી હત્યા કરી નાખી. આ ઘટના બાદ તેઓ બ્રિટીશ રાજના પ્રખર આલોચક બન્યાં. તેઓ ઔપચારિક રીતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાઈ ગયા અને ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય યોગદાનની શરૂઆત સાથે સામાજીક સુધારણાના વિષયમાં ધ્યાન કેન્દ્રિત કર્યું.

કૌરે ૧૯૨૭માં અખિલ ભારતીય મહિલા પરિષદની સહ-સ્થાપના કરી.બાદમાં તેઓ ૧૯૩૦માં તેના સચિવ અને ૧૯૩૩માં અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા. ૧૯૩૦માં મહાત્મા ગાંધીની આગેવાની હેઠળની દાંડીકૂચમાં ભાગ લેવા બદલ તેમને બ્રિટીશ સત્તાધિકારીઓ દ્વારા જેલમાં રાખવામાં આવ્યા. ૧૯૩૪થી તેઓ ગાંધીજીના આશ્રમના અંતેવાસી બન્યા અને કુલીન પૃષ્ઠભૂમિ હોવા છતાં કઠોર જીવનશૈલી અપનાવી.

૧૯૩૭માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે હાલના ખૈબર-પખ્તુનખામાં સદ્ભાવના મિશન પર ગયાં જ્યાં બ્રિટિશ અધિકારીઓએ તેમના પર રાજદ્રોહનો આરોપ લગાવી ધરપકડ કરી. બ્રિટિશ અધિકારીઓએ તેમને શિક્ષણ સલાહકાર મંડળના સભ્ય તરીકે નિયુક્ત કર્યા પરંતુ ૧૯૪૨માં ભારત છોડો આંદોલન સાથે સંકળાયેલા હોવાના પગલે તેમણે આ પદ પરથી રાજીનામું આપ્યું. આંદોલનની તેમની પ્રવૃત્તિઓ માટે તેમની ધરપકડ કરવામાં આવી હતી.

કૌરે અખિલ ભારતીય મહિલા શિક્ષણ નિધિ સંઘના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. તે નવી દિલ્હીની લેડી ઇરવિન કોલેજની કાર્યપાલક સમિતિના સભ્ય હતા. તેમને ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે અનુક્રમે ૧૯૪૫ અને ૧૯૪૬માં લંડન અને પેરિસમાં યુનેસ્કો પરિષદોમાં મોકલવામાં આવ્યા હતા. તેમણે અખિલ ભારતીય સ્પિનર્સ એસોસિએશનના ટ્રસ્ટી મંડળના સભ્ય તરીકે પણ કામ કર્યું હતું.

તેમણે નિરક્ષરતા ઘટાડવાનું, બાળલગ્નના રિવાજ અને સ્ત્રીઓ માટેની પડદા પ્રથાને નાબૂદ કરવાનું કામ કર્યું હતું.



Scanned with CamScanner



**ડૉ. રામ મનોહર લોહિયા:**

(૨૩ માર્ચ ૧૯૧૦ – ૧૨ ઓક્ટોબર ૧૯૬૭) ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને સમાજવાદી પક્ષના નેતા હતા.

તેમનો જન્મ ૨૩મી માર્ચ ૧૯૧૦ના દિવસે ઉત્તર પ્રદેશના ફૈજાબાદ જિલ્લાના અકબરપુર નામના ગામમાં થયો હતો. ૧૯૧૨માં તેમની માતાનું અવસાન થયું ત્યારે તેઓ માત્ર બે વર્ષના હતા અને પછીનો ઉછેર તેમના પિતા હિરાલાલ દ્વારા કરવામાં આવ્યો હતો. ૧૯૧૮માં તેમના પિતા સાથે મુંબઈ આવી ગયા જ્યાં તેમણે હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. મેટ્રિક પરીક્ષામાં પ્રથમ આવ્યા બાદ ઈન્ટરમીડિએટ કોર્સ પૂર્ણ કરવા ૧૯૨૭માં બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં જોડાયા. બાદમાં તેમણે કલકત્તા વિશ્વવિદ્યાલય સંલગ્ન વિદ્યાસાગર કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને ૧૯૨૯માં સ્નાતક (બી.એ.)ની પદવી મેળવી. બ્રિટીશ દર્શન પર પોતાનો દૃષ્ટિકોણ વ્યક્ત કરવા માટે તેમણે પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થાન ફ્રેડરીક વિલિયમ વિશ્વવિદ્યાલય (હાલ હમ્બોલ્ટ યુનિવર્સિટી, બર્લિન; જર્મની)માં પ્રવેશ મેળવવાનો નિર્ણય કર્યો. ૧૯૨૯થી ૧૯૩૩ દરમિયાન ડૉક્ટરેટના વિદ્યાર્થી તરીકે રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા પર અધ્યયન કર્યું. તેમણે ઝડપથી જર્મન ભાષા શીખી લીધી અને પોતાના ઉત્કૃષ્ઠ શૈક્ષણિક પ્રદર્શનના આધારે આર્થિક સહાય પણ મેળવી.

લોહિયાએ ગાંધીજીના આર્થિક–સામાજીક સિદ્ધાંતો પર ધ્યાન કેન્દ્રીત કરીને ભારતમાં મીઠા પરના કર વિશે પોતાનો શોધ નિબંધ તૈયાર કર્યો હતો.

લોહિયા કોંગ્રેસ સોશિયાલીસ્ટ પાર્ટીના સંસ્થાપકો પૈકીના એક હતા અને પાર્ટીના મુખપત્ર કોંગ્રેસ સોશિયાલીસ્ટના સંપાદક પણ હતા. ૧૯૩૬માં જવાહરલાલ નહેરુ દ્વારા તેમની વરણી કોંગ્રેસની કેન્દ્રીય નિર્ણાયક સભા તરીકે કાર્યરત અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વિદેશ સચિવ તરીકે કરવામાં આવી. બે વર્ષ સુધી સમિતિમાં સક્રિય રહ્યા બાદ ૧૯૩૮માં તેમણે આ જવાબદારીથી મુક્ત થઈ કોંગ્રેસના ગાંધીવાદી નેતૃત્વ દ્વારા આયોજીત પદોની આલોચનાત્મક તપાસ કરીને પોતાનો રાજનૈતિક દૃષ્ટિકોણ વિકસાવવાનું શરૂ કર્યું. જૂન ૧૯૪૦માં યુદ્ધ વિરોધી ભાષણ કરવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી અને બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી પરંતુ ૧૯૪૧ના અંત સુધીમાં છોડી મૂકવામાં આવ્યા.૧૯૪૨માં ગાંધીજી દ્વારા કરાયેલા આહ્વાન પર ભારત છોડો આંદોલન શરૂ થયું તેમાં લોહિયાએ ગુપ્ત રીતે વિદ્રોહને સંગઠિત કરવાનું કાર્ય કર્યું હતું. ૧૯૪૪માં તેમની ધરપકડ કરવામાં આવી અને લાહોરની જેલમાં કેદ કરવામાં આવ્યા. ૧૧ એપ્રિલ ૧૯૪૬ના રોજ જયપ્રકાશ નારાયણ અને લોહિયાને મુકત કરવામાં આવ્યા.



Scanned with CamScanner



## લોકમાન્ય ટિળક:

લોકમાન્ય ટિળક (મરાઠી: बाळ गंगाधर टिळक) (જુલાઇ ૨૩ ૧૮૫૬ - ઓગસ્ટ ૧ ૧૯૨૦) તરીકે જાણીતા 'બાળ ગંગાધર ટિળક' ભારતીય દેશભક્ત, સ્વતંત્રતા સેનાની, શિક્ષક અને સમાજ સુધારક હતા. ભારતની આઝાદીની લડતનાં તેઓ પ્રથમ લોકપ્રિય આગેવાન હતા.

ટિળકનો જન્મ મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના સંગમેશ્વર તાલુકાના ચિખલી ગામે ચિતપાવન બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાજી જાણીતા શાલેય શિક્ષક અને સંસ્કૃતના વિદ્વાન હતાં. ટિળક જ્યારે ૧૬ વર્ષના હતા ત્યારે તેમના પિતા અવસાન પામ્યા. તેમના પિતાની વિદ્વતાનો ગુણ તેમનામાં પણ આવ્યો, તેમણે પુણેની ડેક્કન કોલેજમાંથી સન ૧૮૭૭માં સ્નાતકની પદવી મેળવી. કોલેજનો અભ્યાઅસ પામનારી પ્રથમ પેઢીમાં ટિળક શામેલ હતાં.

તે સમયની પરંપરા અનુસાર સમાજીક કાર્યોમાં સક્રીય રહેવાની ટિળક પાસે આશા રખાતી હતી. ટિળક માનતા હતાં કે ધર્મ અને ગૃહસ્થ જીવન જુદા નથી. સંન્યાસ લેવાનો અર્થ જીવનનો ત્યાગ એવો નથી. ખરી ચેતના તો એ છે કે જેમાં તમારા દેશને તમારું કુટુંબ માનવામાં આવે અને તેના ઉત્થાન માટે કાર્ય કરવામાં આવે. તેનાથી આગલ એક પગલું તે કે સર્વ માનવ સમાજ માટેની સેવા કરવામાં આવે અને તેનાથી આગળનું પગલું તે પ્રભુની સેવા કરવામાં આવે.

સ્નાતક કર્યા બાદ ટિળકે પુણેની એક ખાનગી શાળામાં ગણિત શીખવવાની શરુઆત કરી. ત્યાં નવી શાળાના અમુક શિક્ષકો સાથે આધ્યાત્મીક મતભેદો થવાથી તેમણે આ વ્યવસાય છોડવાનો નિર્ણય કર્યો. તે સમયગાળામાં તેઓ પત્રકાર બન્યાં. તેઓ પાશ્ચાત્ય શિક્ષણ પદ્ધતિના પ્રખર વિરોધી હતા કેમકે તે ભારતીય છાત્રોને સ્વાર્થી બનાવતી હતી અને ભારતીય પરંપરાનું અપમાન કરતી હતી. તેમણે પોતાના કોલેજ મિત્રો જેવાકે ગોપાલ ગણેશ અગરકર, માધવ બલ્લાલ નામજોશી અને વિષ્ણુ કૃષ્ણ ચિપલુણકર સાથે મળી ડેક્કન એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી જેનો ઉદ્દેશ્ય ભારતીય યુવા પેઢી માટે શિક્ષણની ગુણવત્તા વધારવાનો હતો. ડેક્કન એજ્યુકેશન સોસાયટીનો ઉદ્દેશ્ય ભારતીય યુવા પેઢીમાં ભારતીય પરંપરાને આધારે રાષ્ટ્રવાદી વિચારસરણીનો વિકાસ કરવાનો હતો. તેમણે આગળ જતાં સાંસ્કૃતિક અને ધાર્મિક સુધારાના ઓછાયા હેઠળ સ્વાતંત્ર્ય આંદોલનની શરૂઆત કરી. તેઓ ફરગ્યુસન કોલેજમાં ગણિત શીખવાડતા હતાં



Scanned with CamScanner



શંકરલાલ બેંકર:

શંકરલાલ બેંકર એક ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર હતા. તેઓ મહાત્મા ગાંધી દ્વારા પ્રારંભના વર્ષોમાં ભરતી કરાયેલા કાર્યકરો પૈકીના એક અને અમદાવાદ ખાતે કાપડ મિલ કામદાર સંઘર્ષ દરમિયાન મુખ્ય ભૂમિકા ભજવનાર કામદાર આગેવાન હતા. તા. ૧૦ માર્ચ ૧૯૨૨ના દિને ગાંધીજી અને શંકરલાલ બેંકરની, યંગ ઇન્ડિયા અખબારના નિર્માતા તરીકે અને સંપાદક તરીકે ગાંધી પર રાજદ્રોહનો આરોપ મૂકી ધરપકડ કરવામાં આવી હતી.



**શ્યામજી કૃષ્ણ વર્મા:**

શ્યામજી કૃષ્ણ વર્મા (૪ ઓક્ટોબર ૧૮૫૭ - ૩૦ માર્ચ ૧૯૩૦) ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી, વકીલ અને રાષ્ટ્રવાદી પત્રકાર હતા. તેમણે લંડનમાં ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ (માસિક) ઈન્ડિયન હોમરુલ સોસાયટી અને ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી હતી અને વિદેશમાં રહીને ભારતીય સ્વતંત્રતાની ચળવળમાં સક્રિય ફાળો આપ્યો હતો.

તેમનો જન્મ ૪ ઓક્ટોબર ૧૮૫૭ના રોજ કચ્છના માંડવી બંદર ખાતે ભાનુશાળી (ભણસાલી) કુટુંબમાં થયો હતો. તેમના પિતા કરસનજી (કૃષ્ણદાસ ભણસાલી) મુંબઈની વેપારી પેઢીમાં નોકરી કરી જીવનનિર્વાહ ચલાવતાં હતા. તેમની માતાનું નામ ગોમતીબાઇ હતું. ૧૧ વર્ષની વયે જ બાળક શ્યામજીએ માતાપિતાનું છત્ર ગુમાવી દીધું હતું. તેમનો પ્રાથમિક અભ્યાસ માંડવી ખાતે થયો હતો. અભ્યાસમાં તેજસ્વી કિશોર શ્યામજીને ભાટિયા જ્ઞાતિના સદગૃહસ્થ શેઠ મથુરદાસ લવજીએ મુંબઈ તેડાવી વિલ્સન હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવ્યો હતો. વિલ્સન સ્કૂલના અંગ્રેજી અભ્યાસની સાથેસાથે તેમણે સંસ્કૃત પાઠશાળામાં પણ અભ્યાસ કર્યો. ત્યારબાદ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં અભ્યાસ અર્થે જોડાયાં. ઇ.સ. ૧૮૭૪માં તેમણે દયાનંદ સરસ્વતીનું શિષ્યત્વ પ્રાપ્ત કરેલું અને આર્યસમાજી બન્યા. તેમની શિક્ષા દિક્ષાથી શ્યામજી કૃષ્ણ વર્મામાં ક્રાન્તિના બીજ રોપાયાં. શ્યામજી કરસનજી હવે શ્યામજી કૃષ્ણ વર્મા તરીકે જાણીતા બન્યા. સ્વરાજની લડતમાં દયાનંદ સરસ્વતીની પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં ક્રાંતિકારી બન્યા. આર્ય સમાજના પ્રચાર માટે તેમણે લાહોર, બનારસ, મુંબઈ, અમદાવાદ, સુરત, નાસિક વગેરે સ્થળોએ સભાઓ ભરી પ્રવચન આપ્યાં.૧૮૭૫માં તેમના લગન ભાટિયા જ્ઞાતિના શ્રીમંત ઉદ્યોગપતિની પુત્રી અને તેમના શાળા સમયના મિત્ર રામદાસની બહેન ભાનુમતી સાથે થયા. તેમના સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વ અને જ્ઞાનથી



Scanned with CamScanner

પ્રભવિત થઈને ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રાધ્યાપક મોનિયર વિલિયમ્સે ૧૮૭૭માં પોતાના મદદનીશ તરીકે ઓક્સફોર્ડ તેડાવ્યાં. ૧૮૭૯માં તેઓ ઈંગ્લેન્ડ ગયા. જ્યાં વિલિયમ્સના મદદનીશ તરીકે કાર્ય કરવાની સાથે ઓક્સફોર્ડ યુનિવર્સિટીની જ બલિયોલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને ૧૮૮૩માં ડિસ્ટિંક્શન સાથે બી.એ. થયા. ઉપરાંત કાયદાના અભ્યાસ માટે ઈનર ટેમ્પલમાં પ્રવેશ મેળવ્યો અને નવેમ્બર ૧૮૮૪માં કાયદાની પદવી મેળવી બેરિસ્ટર થયાં.



### મેડમ ભિખાઈજી કામા:

ભારતની સ્વતંત્રતા સંગ્રામના જાણીતા અને પ્રથમ મહિલા ક્રાંતિકારી હતા.

મેડમ ભીખાઈજી કામાનો જન્મ ૨૪ સપ્ટેમ્બર ૧૮૬૧ ના રોજ મુંબઈના એક શ્રીમંત પારસી પરિવારમાં થયો હતો. પિતાનું નામ સોરાબજી ફ્રામજી પટેલ અને માતાનું નામ જીજીબાઈ હતું. સોરાબજી મુંબઈના જાણીતા વેપારી હતા. ભીખાઈજી કામા એલેક્ઝાન્ડર પારસી ગર્લ્સ સ્કૂલમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. શાળાના અભ્યાસ દરમિયાન ભીખાઈજી તેજસ્વી વિદ્યાર્થીની તરીકે વર્ગમાં પ્રથમ આવતા હતા. નાની ઉંમરથી જ દેશપ્રેમના બીજ તેના માનમાં રોપાઈ ચૂક્યા હતા.

બ્રિટીશ જુલમશાહીનો પહેલેથી જ વિરોધ કરી પોતાના દીન દુ:ખીયા ભાઈ બહેનોની સેવા કરવાનું તેને મનોમન નક્કી કરી દીધું હતું. સમાજસેવાની સેવા તેને પોતાના શાળા કોલેજના વર્ષો દરમિયાન જ શરૂ કરી દીધું હતું.

ઈ.સ. ૧૮૯૭માં મુંબઈમાં પ્લેગની મહામારીનો રોગ ફેલાઈ ચૂક્યો હતો ત્યારે પોતાના જાનના જોખમે પણ લોકોની સેવામાં તેઓ લાગી ગયા હતા. પ્લેગના ચેપી રોગમાં માદામ ભીખાઈજી પણ સપડાઈ ગયા હતા પરંતુ ભવિષ્યમાં બ્રિટીશરો સામે ટક્કર લેનાર આ વીરાંગના પ્લેગના રોગનો હિંમતપૂર્વક પ્રતિકાર કર્યો.

સમાજસેવાને મનોમન વારી ચૂકેલા માદામ ભીખાઈજી લગ્ન કરવાના વિરુદ્ધમાં હતા. પરંતુ પિતાના આગ્રહને વશ થઈને મોતી કે.આર.કામા સાથે લગ્ન કર્યા હતા. લગ્ન કર્યા બાદ પણ તેમણે મન સમાજસેવા અને દેશપ્રેમ સર્વોપરી હતા. એટલે તેમનું લગ્નજીવન લાંબુ સમય તાકી શક્યું નહિ. વારંવાર પતિ સાથે થતાં વિખવાદથી તેઓ બંને અલગ થઇ ગયા હતા. આ રીતે પતિથી છૂટા પડ્યા બાદ પણ પોતાની તમામ શક્તિઓ અને પોતાનું સર્વસ્ય દેશની સમર્પિત કરી દીધું હતું.

તેમણે ઈ.સ. ૧૯૦૫માં વંદે માતરમ નામનું ક્રાંતિકારી અખબાર જીનીવાથી શરૂ કર્યું હતું. અને તેમાં તેમણે અંગ્રેજોની દમનનીતિનો ચિતાર રજૂ કર્યો. તેમની તબિયત બગડતાં મોટી બીમારીની શસ્ત્રક્રિયા કરાવવા માટે તેમને ઇંગ્લેન્ડ જવું પડ્યું ત્યાં તેમનો પરિચય શ્યામજી કૃષ્ણવર્મા સાથે થયો. તે સમયે સર દોરાબજી તાતા અને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય જેવા અન્ય ક્રાંતિકારીઓ અભિનય ભારત ના નામે એક મંડળી ચલાવતા હતા તેની સાથે માદામ ભીખાઈજી કામા સાથે જોડાઈ ગયા.

વિદેશમાં તેમના વધતા જતા પ્રભાવથી ભયભીત થઈને બ્રિટિશરોએ તેમને ફ્રાંસમાંથી ભારત હાંકી કાઢવાની માંગણી કરી હતી. પરંતુ ફ્રેંચ સરકારે તેમને પોતાની માતૃભૂમિમાં પાછા મોકલવાની અને તેમની સંપત્તિને જપ્ત કરવાની બ્રિટિશરોની માંગણીને નકારી કાઢી હતી. મેડમ કામાને પરાસ્ત



Scanned with CamScanner

કરવાના બ્રિટિશરોના અથાક પ્રયત્નો બાદ પણ મેડમ કામાએ ભારતની સ્વતંત્રતા માટે તેમની લડત ચાલુ રાખી હતી.ઈ.સ. ૧૯૦૭માં વિદેશ ભૂમિ (જર્મની) ઉપર યોજાયેલા આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં બધા દેશો દ્વારા પોતપોતાના રાષ્ટ્રીયધ્વજ લહેરાવ્યો હતો. તેની સાથે આ બાનુએ ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો હતો. આ ધ્વજમાં સૂર્ય ચંદ્ર અને સપ્તર્ષિના સાત તારાઓનું પ્રતીક હતું તેમજ ધ્વજની વચ્ચે દેવનાગરી લિપિમાં 'વંદે માતરમ' લખ્યું હતું.

તેમણે વિદેશની ધરતી પર ભારતીય ધ્વજ ફરકાવતા નિડરતાથી ઘોષણા કરતા કહ્યું હતુ કે,'આ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ છે. હું તમામ સભાસદોને આહવાહન કરૂ છું કે ઉઠો... હું દુનિયાભરના તમામ સ્વતંત્રતાના ચાહકોને આ ધ્વજ સાથે સહભાગી થવાની અપિલ કરૂ છું. વંદે માતરમ્....વંદે માતરમ્...'

મેડમ ભિખાજીમાં દેશભક્તિ અને શૂરવીરતાનો અનોખો સંગમ હતો. એમણે યુરોપ અને અમેરિકામાં ભારતની આઝાદીનો નાદ જગાડ્યો હતો. તેમના હાથે ક્રાંતિકારીઓની સંસ્થા 'અભિનવ ભારત'નો શુભારંભ કરાવાયો હતો. ઈ.સ. ૧૯૩૫માં ૭૪ વર્ષે તેઓ ભારત પાછા ફર્યા ત્યારે તેમના બેગ બીસ્તરામાંથી વંદે માતરમ લખેલા રાષ્ટ્રધ્વજો તથા આઝાદીની લડતને લગતી અન્ય સાહિત્ય પ્રાપ્ત થઇ અંગ્રેજી દ્વારા તે બધું જ સળગાવી દેવામાં આવ્યું હતું.

ઈ.સ. ૧૯૩૬માં ૧૩મી ઑગસ્ટના રોજ મુંબઈની એક પારસી હૉસ્પિટલમાં તેમનું અવસાન થયું હતું.



## મંગલ પાંડે:

મંગલ પાંડે એ એક ભારતીય સૈનિક હતા. ૧૮૫૭ની ભારતીય ક્રાંતિના સમયની ઘટનામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ બ્રિટિશ ઈસ્ટ ઈંડિયા કંપનીની ૩૪મી બૅંગાલ નેટીવ ઈનફેન્ટ્રી (BNI)માં સિપાહી હતા. તે સમયનો બ્રિટિશ ઈતિહાસ તેમને રાજદ્રોહી કે બળવાખોર ગણે છે પણ આધુનિક કાળના ભારતીયો તેમને એક નાયક ગણે છે. ૧૯૮૪માં ભારત સરકારે તેમની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ઘણાં સિનેમા આદિમાં તેમના જીવન અને કાર્યોને દર્શાવાયા છે.

૨૯ માર્ચ ૧૮૫૭ના દિવસે લિયુટેનન્ટ બોગને સમાચાર મળ્યા કે તે સમયે બરાકપુરમાં શેલી ૩૪મી બૅંગાલ નેટીવ ઈનફેન્ટ્રીના અમુક લોકો ભડકી ઉઠ્યા હતા. તેમને એવા પણ સમાચાર મળ્યા અકે પરેડ મેદાનની બાજુમાં મંગલ પાંડે નામનો એક સિપાહી રેજિમેંટની ગાર્ડ રૂમ બહાર બંદૂક લઈ ઊભો હતો અને અન્ય સિપાહીઓને બળવો કરી જે પહેલો યુરોપિય દેખાય તેને ગોળી મારવાનું કહેતો હતો. પાછળની તપાસ આદિમાં જણાયું કે મંગલ પાંડે સિપાહીઓના અસંતોષને કારણે દુઃખી હતા. ભાંગના નશામાં તેમણે સમાચાર સાંભળ્યા કે બ્રિટિશ સૈનિકોની એક સ્ટીમર કેન્ટોન્મેટ નજીક ઊતરી છે આથી તેઓ શસ્ત્ર છીનવી ક્વાર્ટર ગાર્ડની ઈમારત નજીક પહોંચ્યા હતા.

બોગે તરતજ ઘોડો પલાણ્યો અને ઘટના સ્થળે જવા રવાના થયા. ક્વોટર ગાર્ડની બહાર સ્થાપિત સ્ટેશન ગનની ઓથે મંગલ પાંડે છુપાયા ને બોગ પર નિશાનો સાધી ગોળી છોડી. તેમનું નિશાન ચૂકી ગયું, અને ગોળી બોગને ન વાગતા ઘોડાને વાગી અને ઘોડો તથા બોગ બન્ને ધરાશાયી થયા. બોગે ઝડપથી ઘોડાના આંકડામાંથી પગ છોડાવ્યો અને પિસ્તોલ કાઢી મંગલ પાંડે પર નિશાનો સાધ્યો. તે પણ નિશાન ચૂક્યા. બોગ પોતાની તલવાર



Scanned with CamScanner

કાઢી મંગલ પાંડે સુધી પહોંચે તે પહેલા મંગલ પાંડે એ સહાયકની મદદ વડે તલવારથી તેમના પર ઘા કર્યો. તેમના ગળા અને ખભા પર માર લાગ્યો અને તેઓ ધરાશાયી થયા. ત્યારે શેખ પલટુ નામના અન્ય સિપાહીએ આવીને મંગલ પાંડેને રોક્યો જે હુમલો કરવા બંદૂક ભરી રહ્યા હતા.

સ્થાનીય ઑફિસર અંગ્રેજ સાર્જન્ટ - મેજર હેસનને પરેડ ગ્રાઉન્ડ પર બોલાવી લીધા હતા. તેઓ બોગ પહેલાં પહોંચ્યા હતા. તેમણે ક્વોર્તર ગાર્ડના ને ભારતીય અધિકારી જમાદાર ઈશ્વરી પ્રસાદને મંગલ પાંડેને હિરાસતમાં લેવાનો હુકમ કર્યો. તેના જવાબમાં જમાદારે કહ્યું કે તેના એન.સી.ઓ. મદદ માટે ગયા છે અને તે એકલો પાંડેને હિરાસતમાં લઈ શકશે નહિ તેના જવાબમાં હેસને ઈશ્વરી પ્રસાદને હથિયાર સહિત ગાર્ડમાં ઉતરવાનો હુકમ કર્યો. તે જ સમયે બોગ - 'તે ક્યાં છે?' 'તે ક્યાં છે?' એવી બુમો પાડતા મેદાનમાં ધસી આવ્યા. તેના જવાબમાં હેસને બુમ પાડીને કહ્યું કે 'ઘોડો જમણી તરફ પલાણી તમારો જીવ બચાવો. સિપાહી તમારી પર ગોળી છોડશે.'તે જ ક્ષણે પાંડેએ ગોળી છોડી.

બોગ સામે લડતા પાંડે ઉપર હેસને હુમલો સાધ્યો. પાંડેને છોડતા હેસનને પાછળથી તેની બંદૂકનો માર વાગ્યો અને તે પડી ગયો. ગોળી છૂટવાનો અવાજ આવતા બેરેકમાંથી અન્ય સિપાહીઓ બહાર આવ્યા; પણ તેઓ મૂક દર્શક જ બની રહ્યા. તે સમયે અંગ્રેજ અમલદારોને બચાવવાનો પ્રયત્ન કર્તા શેખ પલટુએ અન્ય સિપાહીઓને મદદ માટે હાકલ કરી. અન્ય સિપાહીઓ તેની પાછળથી તેના પર પથ્થર અને ચંપલ મારી રહ્યા હતા આથી તેણે પાંડેને પકડવા માટે ગાર્ડને બોલાવ્યો. પણ ગાર્ડે ઉલટી તેને ધમકી આપી કે જો તે પાંડેને નહિ છોડે તો તેઓ જ તેના ઉપર ગોળી છોડશે.

ક્વાર્ટર ગાર્ડના અમુક સિપાહીઓ બહાર આવ્યા અને તેમણે બે થાકેલા અમલદારો પર હુમલા કર્યો. તેમણે પછી પાંડેને પકડી રાખવાની નિરર્થક પ્રયત્ન કરી રહેલા પલટુને પાંડેને છોડવા કહ્યું. પણ સાર્જન્ટ અને મેજર બન્ને ઉઠ્યા ત્યાં સુધી પલટુએ પાંડેને છોડ્યો નહિ. ઘાયલ થયેલો પલટુ પાંડે વધુ પકડી રાખી ન શક્યો. તે એક દિશામા ગયો અને બોગ તથા હેસન બીજી દિશામાં ગયા.

તે સમય દરમ્યાન આ ઘટનાના સમાચાર જનરલ હીર્સીને મળ્યા. તેઓ તેમના અમલદારો સાથે ઘોડે ચડી ત્યાં પહોંચ્યા. તે સ્થળે આવી તેઓ ગાર્ડ પાસે ગયા અને મંગલ પાંડે એ પકડવાનો આદેશ આપ્યો. જે તેમની વાત નહિ માને તેમને ગોળી મારવાની જનરલે ધમકી આપી. ગાર્ડોએ નમતું આપ્યું અને જનરલ પાછળ પાછળ પાંડે તરફ ગયા. પાંડેએ આત્મહત્યા કરવા બંદૂક પોતાની છાતી સરસી રાખી અને પગથી ટ્રીગર દબાવી. લોહી લુહાણ થઈ બળતા રેજીમેંટલ જાકીટ સાથે પડી ગયા. તેમને ઈજા થઈ પણ તે જીવલેણ ન હતી.

એકાદ અઠવાડીયા પછી પાંડે સાજા થયા અને તેમની પર કામ ચલાવવામાં આવ્યું. જ્યારે તેમને પુછવામાં આવ્યું કે તેમણે તે વિદ્રોહ કોઈની ઉશ્કેરણીથી કર્યો હતો, ત્યારે તેમણે જવાબ આપ્યો કે તેમણે જે કયું તે પોતાની જ સ્વયંસ્ફૂરણાથી પ્રતિકિર્યા કરી હતી અને કોઈએ તેમને ઉત્તેજન આપ્યું નહતું. ગાર્ડના ત્રણ શીખોએ જુબાની આપી કે ઈશ્વરી પ્રસાદે પાંડેને અટકમાં લેવા મના કરી હતી આથી ઈશ્વરી પ્રસાદ અને મંગલ પાંડેને ફાંસીની સજા થઈ.

મંગલ પાંડેની ફાંસીની સજા ૧૮ એપ્રિલના દિવસે નક્કી કરાઈ હતી પણ તેને દસ દિવસ પહેલાંજ સજા આપવામાં આવી. જમાદાર ઈશ્વરી પ્રસાદને ૨૧ એપ્રિલના દિવસે ફાંસી અપાઈ.



Scanned with CamScanner



## તાત્યા ટોપે:

તાત્યા ટોપે એ ૧૮૫૭ની ભારતીય ક્રાંતિના એક સેનાપતિ અને તેના એક નોંધપાત્ર નેતા હતા. તેમનો જન્મ મરાઠી દેશસ્થ બ્રાહ્મણ[૨] કુટુંબમાં રામચંદ્ર પાંડુરંગ તરીકે થયો હતો અને ટોપે, એટલે કે સેનાપતિ અધિકારી તરીકે તેમણે પદવી લીધી હતી. તેમનું પહેલું નામ તાત્યા એટલે સેનાનાયક થાય છે. બિથુરના નાના સાહેબના તેઓ અંગત રક્ષક હતા, જ્યારે અંગ્રેજોએ કાનપુર ફરી તાબે કર્યું ત્યારે તેમણે ગ્વાલિયર ટુકડી સાથે પ્રગતિ કરી અને જનરલ વિન્ડહેમને શહેરમાંથી છોડી પીછેહટ કરવાની ફરજ પડી હતી. પાછળથી તેઓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની સહાય કરવા આગળ આવ્યા અને તેમની સાથે ગ્વાલિયર શહેર કબજે કર્યું. જો કે, તેમને જનરલ નેપીઅરના બ્રિટિશ ભારતીય સૈન્યે રાણોદ ખાતે પરાજિત કરી દીધા હતા અને સિકર ખાતેની એક વધુ હાર બાદ તેમણે લડાઈ અભિયાન છોડી દીધું હતું. ૧૮ એપ્રિલ ૧૮૫૯ ના દિવસે શિવપુરી ખાતે બ્રિટીશ સરકાર દ્વારા તેમને ફાંસી આપવામાં આવી.

એક સત્તાવાર નિવેદન અનુસાર, તાત્યા ટોપેના પિતા હાલના મહારાષ્ટ્રના પાટોડા જીલ્લાના જોલા પરગણાના રહેવાસી પાંડુરંગ નામના વ્યક્તિ હતા. ટોપે જન્મ દ્વારા મરાઠા વશિષ્ઠ બ્રાહ્મણ હતા. એક સરકારી પત્રમાં, તેઓને બરોડાના પ્રધાન હોવાનું કહેવામાં આવ્યું હતું, જ્યારે એક અન્ય સંદેશાવ્યવહારમાં તેમને નાના સાહેબ ગણવામાં આવ્યા હતા.તેમના પર ચલાવાયેલા ખટલાના એક સાક્ષીએ તેમને 'મધ્યમ બાંધાનો, ઘઉં વર્ણો અને હંમેશાં સફેદ ચૂકરીદાર પાઘડી પહેરેલા માણસ તરીકે ગણાવ્યો હતો.




## ખુદીરામ બોઝ:

ખુદીરામ બોઝનો જન્મ ૩ ડિસેમ્બર ૧૮૮૯ના રોજ પશ્ચિમ બંગાળના મિદનાપુર જિલ્લાના મોહોબની ગામે થયો હતો. તેમના પિતા ત્રૈલોક્યનાથ મારજોલ રાજની જાગીરમાં મહેસુલ અધિકારી હતા.

ખુદીરામ ત્રણ બહેનો બાદ તેમના પરિવારનું ચોથું સંતાન હતા. તેમના જન્મ પૂર્વે તેમના માતાપિતા ત્રૈલોક્યનાથ બોઝ અને લક્ષ્મીપ્રિયા દેવીને બે પુત્રો હતા પરંતુ તેમનું અકાળે અવસાન થયું હતું. પ્રચલિત પારંપરીક રીતિ-રિવાજો અનુસાર નવજાત શિશુને ટૂંકી આયુમાં મૃત્યુથી બચાવવા માટે પ્રતિકાત્મક રીતે ત્રણ મુઠ્ઠી અનાજના (સ્થાનિક ભાષામાં *ખુદ*) બદલામાં તેમની મોટી બહેનને વેચી દેવાયા. આ રીતે તેમનું નામ ખુદીરામ પડ્યું.

છ વર્ષની ઉંમરે તેમની માતાનું અવસાન થયું. તેના એક વર્ષ બાદ જ તેમના પિતાનું પણ અવસાન થયું. આ પરિસ્થિતિમાં તેમની મોટી બહેન અપરૂપા રોય બાળક ખુદીરામને પોતાના ઘરે લઈ ગઈ. ત્યાં તેમણે પ્રાથમિક શિક્ષણ માટે હેમિલ્ટન હાઇસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો.



Scanned with CamScanner

વર્ષ ૧૯૦૨-૦૩માં શ્રી અરવિંદ અને સિસ્ટર નિવેદિતા મિદનાપુરના પ્રવાસે હતા. તેમણે સ્વતંત્રતા માટે સંઘર્ષરત ક્રાંતિકારી જૂથ-સમૂહો સાથે સાર્વજનિક વ્યાખ્યાનો અને વ્યક્તિગત સત્રોની શૃંખલાઓનું આયોજન કર્યું હતું. કિશોર વયના ખુદીરામ આ ક્રાંતિની ચર્ચાઓમાં સક્રીય ભાગીદાર હતા.

બાદમાં તેઓ અનુશીલન સમિતિ સાથે જોડાયા. ત્યાં તેઓ બિરેન્દ્રકુમાર ઘોષના સંપર્કમાં આવ્યા. ૧૫ વર્ષની ઉંમરે તેઓ સ્વયંસેવક બન્યા અને બ્રિટીશ રાજ વિરુદ્ધ ચોપાનિયાં વહેંચવાના ગુનામાં ધરપકડ કરાયા. ૧૯૦૬માં મિદનાપુરમાં એક કૃષિ અને ઔદ્યોગિક પ્રદર્શનીમાં બંગાળના ક્રાંતિકારી નેતા સત્યેન્દ્રનાથ લિખિત *સોનાર બાંગ્લા*ની પ્રત વહેંચવાના ગુનામાં તેમની ધરપકડ કરવામાં આવી. સરકાર વિરુદ્ધ રાજદ્રોહ કરવાના ગુનામાં તેમના પર મુકદમો ચલાવવામાં આવ્યો. પરંતુ પુરાવાઓના અભાવે ખુદીરામ નિર્દોષ છૂટી ગયા. ૧૬ વર્ષની ઉંમરે તેમણે પોલીસ સ્ટેશનો પાસે બોમ્બ લગાવવામાં ભાગ લઈ કેટલાક સરકારી અધિકારીઓને નિશાન બનાવ્યા.

૧૯૦૫ના બંગાળ વિભાજનના વિરોધ પ્રદર્શનોમાં તેમણે સક્રિય ભાગ લીધો. ૬ ડિસેમ્બર ૧૯૦૭ ના રોજ ખુદીરામે બંગાળના ગવર્નરની વિશેષ ટ્રેન પર હુમલો કર્યો. ૧૯૦૮માં બે અંગ્રેજ અધિકારીઓ વોટસન અને બેમ્ફિલ્ડ પર બોમ્બથી હુમલો કર્યો.

પહેલી મે ના દિવસે ખુદીરામને મુજ્જફરનગરના જિલ્લાધિકારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા. મેજીસ્ટ્રેટ સમક્ષ તેમણે પોતાના ગુનાની કબુલાત કરી. તેમના આ કાર્ય બદલ તેમને ફાંસીની સજા ફરમાવવામાં આવી. ૧૧ ઓગસ્ટ ૧૯૦૮ના રોજ તેમને ફાંસી આપવામાં આવી ત્યારે તેમની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી.




## રામ પ્રસાદ બિસ્મિલ:

રામ પ્રસાદ બિસ્મિલ (૧૧ જૂન ૧૮૯૭ – ૧૯ ડિસેમ્બર ૧૯૨૭) ભારતીય ક્રાંતિકારી હતા. તેમણે ૧૯૧૮ના મેનપુરી ષડયંત્ર તથા ૧૯૨૫ની કાકોરી ટ્રેન લૂંટમાં ભાગ લીધો હતો અને બ્રિટીશ સામ્રાજ્યવાદ વિરુદ્ધ સંઘર્ષ કર્યો હતો. સ્વાતંત્ર્ય સેનાની હોવાથી સાથોસાથ તેઓ દેશભક્ત કવિ પણ હતા. રામ, અજ્ઞાત તેમજ બિસ્મિલ ઉપનામથી તેમણે હિન્દી તથા ઉર્દૂમાં કવિતાઓ લખી હતી. જે પૈકી તેઓ બિસ્મિલ તરીકે વધુ જાણીતા થયા. તેઓ આર્ય સમાજ સાથે સંકળાયેલા હતા જ્યાં તેઓ સ્વામી દયાનંદ સરસ્વતી લિખિત સત્યાર્થ પ્રકાશથી પ્રભાવિત થયા. આર્ય સમાજના પ્રચારક અને તેમના ગુરુ સ્વામી સોમદેવના માધ્યમથી તેઓ લાલા હરદયાળ સાથે ગુપ્ત પરિચય ધરાવતા હતા.

બિસ્મિલ ક્રાંતિકારી સંગઠન હિંદુસ્તાન રિપબ્લીક એસોસિયેશનના સંસ્થાપક સદસ્યો પૈકી એક હતા. ભગત સિંહે હિંદી અને ઉર્દૂ કવિ તરીકે તેમની પ્રશંસા કરી હતી.[૨] બિસ્મિલે અંગ્રેજી પુસ્તક કેથરીન અને બંગાળી પુસ્તક બોલ્શેવિકોકી કરતૂતનો અનુવાદ પણ કર્યો હતો.

યુવાવસ્થાથી જ તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાયેલાં હતા. બિસ્મિલે અન્ય ક્રાંતિકારીઓ સાથે મળીને ક્રાંતિકારી સંગઠન હિંદુસ્તાન રિપબ્લીક એસોસિયેશનની સ્થાપના કરી જે પાછળથી હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લીક એસોસિયેશન નામથી જાણીતું થયું. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ સશસ્ત્ર ક્રાંતિ દ્વારા ભારતને સ્વરાજ અપાવવાનો હતો. હિંદુસ્તાન રિપબ્લીકન એસોશીએશનના સક્રિય સભ્ય તરીકે સંગઠન માટે ફાળો એકત્ર કરવાનું કામ કરવા લાગ્યા. ફાળો મુખ્યત્વે સરકારી ખજાનાની લૂંટ કરીને મેળવવામાં આવતો. તેઓ ૧૯૨૫ની કાકોરી ટ્રેન લૂંટમાં સામેલ હતા. આ ઉપરાંત બીચપુરી અને મેનપુરી ષડયંત્રમાં પણ સામેલ હતા.

૯ ઓગસ્ટ ૧૯૨૫ના દિવસે થયેલ કાકોરી કાંડના સંદર્ભે તેમના પર કેસ ચાલ્યો અને કેસની સુનાવણી બાદ બિસ્મિલ, અશફાક ઊલ્લા ખાન, ઠાકુર રોશન સિંહ, રાજેન્દ્રનાથ લાહિડી સહિતના બધાને ફાંસીની સજા થઈ અને ૧૯ ડિસેમ્બર ૧૯૨૭ના દિવસે ગોરખપુરની જેલમાં રામ પ્રસાદ બિસ્મિલને ફાંસી આપી દેવામાં આવી.



Scanned with CamScanner



**અશફાક ઊલ્લા ખાન:**

અશફાક ઊલ્લા ખાનનો જન્મ બ્રિટીશ ભારતના ઉત્તર પશ્ચિમ પ્રાંતના શાહજહાંપુરમાં, શફીકુલ્લાહ ખાન અને મઝરૂનિસ્સા ને ઘેર થયો હતો. તેઓ તેમના છ ભાઈ-બહેનોમાં સૌથી નાના હતા.

ઈ. સ. ૧૯૨૨ માં, મહાત્મા ગાંધીએ ભારતમાં બ્રિટીશ શાસન સામે અસહકાર આંદોલન શરૂ કર્યું હતું, પરંતુ ઈ.સ. ૧૯૨૨ માં ચૌરી ચૌરા કાંડ બાદ મહાત્મા ગાંધીએ આ આંદોલન પાછું ખેંચી લેવાનું નક્કી કર્યું. તે સમયે અશફાક ઊલ્લા ખાન સહિતના ઘણા યુવાનો હતાશ થયા હતા. તેમાંના અશફાક ઊલ્લા ખાન સહિતના કેટલાક યુવાનો ઉગ્રવાદી બન્યા અને હિન્દુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન (હિંદુસ્તાની સમાજવાદી પ્રજાતંત્ર સંસ્થા) જેવી સંસ્થાઓ તરફ વળ્યા. હિન્દુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનની સ્થાપના ઈ. સ. ૧૯૨૪ માં થઈ હતી. આ એસોસિએશનનો હેતુ ભારતની સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે એક સશસ્ત્ર ક્રાંતિનું આયોજન કરવાનો હતો.

કાકોરી ટ્રેન લૂંટ:

પોતાની કાર્યવાહીને વેગ આપવા અને પ્રવૃત્તિઓને આગળ વધારવા, શસ્ત્રો અને દારૂગોળો ખરીદવા માટે હિન્દુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનના ક્રાંતિકારીઓએ ૮ ઓગસ્ટ ૧૯૨૫ ના રોજ શાહજહાંપુરમાં એક બેઠકનું આયોજન કર્યું હતું. ઘણા વિચાર વિમર્શ બાદ ટ્રેનોમાં લઈ જવાતા સરકારી ખજાનાને લૂંટવાનો નિર્ણય લેવામાં આવ્યો. ૯ ઑગસ્ટ ૧૯૨૫ ના દિવસે, અશફાક ઊલ્લા ખાન અને અન્ય ક્રાંતિકારીઓ, જેમ કે રામ પ્રસાદ બિસ્મિલ, રાજેન્દ્ર લહેરી, ઠાકુર રોશન સિંઘ, સચિન્દ્ર બક્ષી, ચંદ્રશેખર આઝાદ, કેશબ ચક્રવર્તી, બનવારી લાલ, મુકુન્દી લાલ, મનમથનાથ ગુપ્તાએ લખનૌ નજીક કાકોરીમાં બ્રિટિશ સરકારનું નાણું લઇ જતી ટ્રેનને લૂંટી.

બ્રિટિશ સરકારે એક મોટી તપાસ જાળી ફેલાવી રાખી હતી તેમ છતાં પણ ટ્રેન લૂંટાયા બાદ એક મહિનો વીતી ગયા છતાં પણ કોઈ પણ ધરપકડ કરી શકાઈ ન હતી. ૨૬ સપ્ટેમ્બર ૧૯૨૫ ની સવારે બિસ્મિલને પોલીસે પકડ્યો હતો. છેવટે પોલીસ દ્વારા ન પકડી શકાયેલા અશફાક ઊલ્લા ખાન એક માત્ર ક્રાંતિકારી રહ્યા હતા. તેઓ ગુપ્તવાસમાં ચાલ્યા ગયા, બિહારથી તેઓ બનારસ ગયા, જ્યાં એમણે ૧૦ મહિના સુધી એક ઇજનેરી કંપનીમાં કામ કર્યું. સ્વતંત્રતા સંગ્રામમાં વધુ ઉપયોગી થવાના ઉદ્દેશ્યથી વધુ ઇજનેરી શીખવા માટે તેઓ વિદેશ જઈ અભ્યાસ કરવા માંગતા હતા. આથી દેશની બહાર જવાના રસ્તાઓ શોધવા માટે તેઓ દિલ્હી ગયા. તેમણે પોતાના એક પઠાણ મિત્રની મદદ લીધી જે ભૂતકાળમાં તેમના સહ-વિદ્યાર્થી હતો. પરંતુ આ મિત્રે પોલીસને તેના ઠેકાણાની માહિતી આપી દગો આપ્યો હતો.

અશફાક ઊલ્લા ખાનને ફૈઝાબાદની જેલમાં બંદી બનાવવામાં આવ્યા અને તેમના પર ખટલો ચાલ્યો. તેમનો ભાઈ રિયાસતુલ્લાહ ખાન વકીલ હતા. જ્યારે જેલમાં હતા ત્યારે અશફાકુલ્લા નિયમિત રીતે કુરાન વાંચતા અને નમાજ પઢતા. રમઝાન મહિના દરમિયાન તેમણે



Scanned with CamScanner

કડક રોઝા પણ કર્યા હતા. કાકોરી લૂંટના કેસની અંતમાં ફેંસલો સંભળાવતા ન્યાયાધીશે બિસ્મિલ, અશફાક ઊલ્લા ખાન, રાજેન્દ્ર લાહિરી અને ઠાકુર રોશન સિંહને મૃત્યુ દંડ ફરમાવ્યો હતો. અન્યોને આજીવન કારાવાસની સજા થઈ હતી.

અશફાક ઊલ્લા ખાનને ૧૯ ડિસેમ્બર ૧૯૨૭ ના દિવસે ફૈઝાબાદ જેલમાં ફાંસી આપવામાં આવી હતી.આ ક્રાંતિકારી માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ, તેની સ્પષ્ટ વિચારસરણી, હિંમત, દ્રઢતા અને નિષ્ઠાને કારણે ભારતીય લોકોમાં શહીદ અને દંતકથા સમાન બની રહ્યો.




## ઠાકુર રોશન સિંહ:

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ક્રાંતિકારીઓ દ્વારા ચલાવવામાં આવી રહેલા આઝાદીના આંદોલનને ગતિમાન કરવાને માટે ધનની તત્કાલ વ્યવસ્થાની જરુરિયાતને ધ્યાનમાં રાખી શાહજહાંપુરમાં મળેલી બેઠકમાં રાજેન્દ્રનાથજીએ અંગ્રેજ સરકારનો ખજાનો લૂંટવા માટેની યોજના બનાવી. આ યોજનાને અંજામ આપવા માટે રાજેન્દ્રનાથજીએ ૯મી ઓગસ્ટ, ૧૯૨૫ના દિવસે લખનૌ વિસ્તારમાં કાકોરીથી ઉપડેલી આઠ ડાઉન ટ્રેન પર ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લા ખાન અને ઠાકુર રોશન સિંહે તેમના ૧૯ અન્ય સહયોગીઓની મદદ વડે હુમલો કર્યો હતો. ત્યાર બાદ અંગ્રેજી હુકૂમત દ્વારા બધા ૨૩ ક્રાંતિકારીઓ પર કાકોરી કાંડ નામથી સશસ્ત્ર યુદ્ધ છેડવાનો તથા ખજાનો લૂંટવા માટેનો મુકદમો ચલાવવામાં આવ્યો હતો. આ મુકદમામાં રાજેન્દ્રનાથ, રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લા ખાન તથા રોશન સિંહ એમ ચાર જણને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી.




## કે. કામરાજ:

કુમારસ્વામી કામરાજ (૧૫ જુલાઇ ૧૯૦૩[૧]– ૨ ઓક્ટોબર ૧૯૭૫[૨]), ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (સંગઠન)ના સંસ્થાપક નેતા હતા જે ૧૯૬૦ના દશકમાં ભારતીય રાજનીતિમાં કિંગમેકર તરીકે જાણીતા હતા. ૧૯૬૪ થી ૧૯૬૭ના વર્ષો દરમિયાન તેઓ બે કાર્યકાળ માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ રહ્યા.[૩] કામરાજ ૧૯૫૪-૧૯૬૩ દરમિયાન મદ્રાસ રાજ્યના (વર્તમાન તમિલનાડુ) ત્રીજા મુખ્યમંત્રી તેમજ ૧૯૫૨-૧૯૫૪ અને ૧૯૬૬-૧૯૭૫ દરમિયાન લોકસભાના સાંસદ રહ્યા. તેમણે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. જવાહરલાલ નહેરુના મૃત્યુ બાદ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે પક્ષના સંચાલનમાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મદ્રાસના મુખ્યમંત્રી તરીકે વંચિતોને મફત શિક્ષણ આપવાની તથા શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના કાર્યાન્વિત કરવાનું શ્રેય કામરાજને જાય છે. ૧૯૭૬માં તેમને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા.



Scanned with CamScanner



## ગોદાવરી પારુલેકર :

ગોદાવરી પારુલેકર (૧૯૦૭-૧૯૯૬) એક સ્વાતંત્ર્ય સેનાની, લેખિકા અને સામાજિક કાર્યકર હતા. તેઓ માર્ક્સવાદી અને સામ્યવાદી વિચારધારાઓથી પ્રભાવિત હતા અને તેમણે પોતાનું જીવન ખેડૂતો અને મજૂર વર્ગ માટે લડતા વિતાવ્યું હતું. તેમણે સ્વતંત્રતા સેનાની અને સમાન વિચારધારા ધરાવતા કાર્યકર શામરાવ પરુલેકર સાથે લગ્ન કર્યા.

### ચળવળ જીવનની શરૂઆત:

તેમના કૉલેજના વર્ષોમાં ગોદાવરી અંગ્રેજો સામેના વિદ્યાર્થી આંદોલનમાં સામેલ થયા હતા. તેમણે વ્યક્તિગત સત્યાગ્રહોમાં ભાગ લીધો હતો અને તે માટે ઈ. સ. ૧૯૩૨ માં તેઓ જેલમાં પણ ગયા હતા. તેમનો પરિવાર અંગ્રેજ શાસનનું સમર્થક હતા આથી તેમનું આ પ્રકારનું જીવન અને વિચારધારા તેમના પરિવાર સાથે બંધ નહોતી બેસતી. આથી તેમણે ઘર છોડ્યું અને મુંબઈ જઈ સમાજસેવામાં જોડાવાનું નક્કી કર્યું.

ગોદાવરી સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી નામની સંસ્થામાં જોડાયા. તેઓ આ સંસ્થાના પ્રથમ મહિલા આજીવન સભ્ય હતા. ઈ. સ. ૧૯૩૭ માં તેમણે મહારાષ્ટ્રમાં સાક્ષરતા અભિયાનનું આયોજન કર્યું. ઈ. સ. ૧૯૩૮ માં તેમણે ઘરેલુ કામદારોને મજૂર વર્ગના ભાગ રૂપે સંગઠિત કર્યું. ૧૯૩૮-૩૯ માં તેમણે મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ખેડૂતોને સંગઠિત કર્યા.

તેમને તેમના કામ માટે ઘણી વખત અંગ્રેજોએ જેલમાં ધકેલી હતી. આ જ સમય દરમિયાન તેઓ તેમના પતિ શામરાવ પરુલેકરને મળ્યા હતા. તેઓ પણ સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયાના સભ્ય હતા અને તે જ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન ચલાવી રહ્યા હતા. ગોદાવરીએ ૧૯૩૯માં શામરાવ પારુલેકર સાથે લગ્ન કર્યા.

### સામ્યવાદી પક્ષમાં જોડાતા:

ગોદાવરી અને શામરાવ પરુલેકરની વિચારધારા સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીની મેળ ખાતી નહોતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, તેઓ માનતા હતા કે અંગ્રેજોના યુદ્ધ પ્રયત્નોને ટેકો આપવાનો ઇનકાર કરવો એ તેમનાથી છૂટકારો મેળવવાનો શ્રેષ્ઠ રસ્તો છે. કેટલીક વિખવાદો પછી, તેઓએ સંગઠન છોડી દીધું અને ઈ. સ. ૧૯૩૯ માં કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા. તેઓ માનતા હતા કે મજૂર વર્ગ અને ખેડૂતોનું સંગઠન કરવું એ બ્રિટીશ શાસનને ઉથલાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. તેઓ માર્ક્સવાદથી પ્રેરિત હતા. સામ્યવાદી પક્ષના નેતાઓ સાથે, તેમણે મુંબઈમાં મજૂર વર્ગની પહેલી યુદ્ધ વિરોધી હડતાલનું આયોજન કર્યું. અન્ય નેતાઓની ધરપકડ કરવામાં આવ્યા છતાં પણ તેમણે આ વિરોધનું નેતૃત્વ કર્યું. તેમને ૧૯૪૦ થી ૧૯૪૨ દરમિયાન જેલમાં પૂરવામાં આવ્યા હતા.



Scanned with CamScanner

## ખેડૂતો અને આદિવાસીઓ સાથે કાર્ય:

ત્યાર બાદ તેમણે પોતાનું ધ્યાન ખેડૂતોને સંગઠિત કરવા તરફ વાળ્યું.તેઓ અખિલ ભારતીય કિસાન સભામાં સામેલ થયા અને તેની મહારાષ્ટ્ર શાખા, મહારાષ્ટ્ર રાજ્ય કિસાન સભાની સ્થાપના કરી. તે સભાના તેઓ પ્રથમ સંયુક્ત સચિવ હતા.

ત્યારબાદ તેમણે પોતાનું જીવન થાણેમાં વારલી સમુદાયના સંઘર્ષમાં સમર્પિત કર્યું, તેઓને શ્રીમંત જમીનદારો દ્વારા બળજબરીથી અને બંધનમાં રાખી મજૂરી કરાવવામાં આવી હતી. વારલી મહિલાઓ જમીનદારોના બળાત્કારનો ભોગ બની રહી હતી, મેલીવિદ્યા અને હત્યાના આરોપ તેમના પર મૂકવામાં આવતા હતા. તેમણે તેમના પતિ શામરાવ સાથે મળીને ૧૯૪૫ થી ૧૯૪૭ દરમિયાન વારલી આદિવાસી વિદ્રોહનું નેતૃત્વ કર્યું હતું. તેમણે તેમના પુસ્તક જેવ્હા માણુસ જાગા હોતો (જ્યારે માણસ જાગે છે) માં તે સમયે ચાલતી ગતિવિધિઓનું દસ્તાવેજીકરણ કર્યું હતું.

આઝાદી પછી પણ ગોદાવરી વારલી અને આદિવાસીઓના હકો માટે લડતા રહ્યા. તેમણે શામરાવ સાથે મળીને ઈ. સ. ૧૯૬૧માં આદિવાસી પ્રગતિ મંડળ ની સ્થાપના કરી હતી.



## ગોપીનાથ બોરદોલોઈ:

ગોપીનાથ બોરદોલોઈ (હિંદી: गोपीनाथ बोरदोलोई) (૧૮૯૦ - ૧૯૫૦) સ્વાતંત્ર્ય સેનાની અને આસામના પ્રથમ મુખ્યમંત્રી હતા.ભારત દેશને સ્વતંત્રતા મળ્યા પછી એમણે સરદાર વલ્લભભાઈ પટેલ સાથે નજીક રહીને કાર્ય કર્યાં હતાં. એમનાં યોગદાનોના કારણે આસામ, ચીન તથા પૂર્વ પાકિસ્તાન સાથે જોડાવાથી બચી જઇને ભારત દેશનો હિસ્સો બની શક્યું હતું. તેઓ બ્રિટિશ શાસનના સમયમાં ૧૯ સપ્ટેમ્બર, ૧૯૩૮ થી ૧૭ નવેમ્બર, ૧૯૩૯ સુધી આસામ પ્રાંતના મુખ્યમંત્રી રહ્યા હતા.



## ભગવાન દાસ:

ભગવાન દાસ (જાન્યુઆરી ૧૨, ૧૮૬૯ - સપ્ટેમ્બર ૧૮, ૧૯૫૮) ભારતીય થીઓસૉફિસ્ટ અને સામાજિક કાર્યકર હતા. થોડો સમય તેઓએ બ્રિટિશ ભારતની ધારાસભામાં પણ સેવા આપી. તેઓ ભારતની સ્વતંત્રતાના પક્ષધર હતા. તેમને ૧૯૫૫માં ભારત રત્નથી સન્માનવામાં આવ્યા.




Scanned with CamScanner

ભગવાન દાસનો જન્મ વારાણસીમાં થયેલો. સ્નાતક થયા પછી ૧૮૯૪માં એની બેસન્ટનાં પ્રવચનોથી પ્રભાવીત થઈ તેઓ થીઓસૉફિકલ સોસાયટીમાં જોડાયા. અસહકારની ચળવળ દરમિયાન તેઓ કૉંગ્રેસમાં જોડાયા.

એની બેસન્ટ સાથે મળી તેઓએ 'સેન્ટ્રલ હિંદુ કોલેજ'ની સ્થાપના કરી જે પછીથી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય બન્યું. ભગવાન દાસે તે પછી કાશી વિદ્યાપીઠની પણ સ્થાપના કરી અને આ રાષ્ટ્રીય વિશ્વવિદ્યાલયનાં વડા તરીકે સેવા આપી. ભગવાન દાસ સંસ્કૃતનાં વિદ્વાન હતા. તેમણે સંસ્કૃત અને હિંદીમાં ૩૦ જેટલાં પુસ્તકો લખ્યા હતા.

નવી દિલ્હીમાં એક રસ્તાને તેમનું નામ અપાયું છે અને વારાણસીના સિગ્રા વિસ્તારની એક વસાહતને 'ડૉ.ભગવાન દાસ નગર' નામ અપાયું છે.



**ખાન અબ્દુલ ગફાર ખાન:**

ખાન અબ્દુલ ગફાર ખાન અને બાચા ખાન (પશ્તો: મતલબ "સરદારોના બાદશાહ") (૧૮૯૦ - ૨૦ જાન્યુઆરી ૧૯૮૮) એક પઠાણ રાજકીય અને આધ્યાત્મિક આગેવાન હતા. તેઓ મહાત્મા ગાંધીના એક સારા દોસ્ત હતા અને તેઓ સરહદના ગાંધી તરીકે પણ ઓળખાવાય છે. તેઓ ભારતીય ઉપખંડમાં બ્રિટિશ શાસન વિરુદ્ધ જદોજહેદમાં અહિંસાના પ્રયોગ માટે જાણીતા છે. તેઓ શાંતિવાદી અને ધર્મનિષ્ઠ મુસલમાન હતા. ૧૯૧૦માં બાચા ખાને પોતાના મૂળ નગર ઉત્માનઝાઈમાં મદરેસા ખોલ્યા, અને ૧૯૧૧માં તુરંગઝાઈના હાજી સાહેબની આઝાદી તહેરીકમાં શામેલ થયા. પણ ૧૯૧૫માં બ્રિટિશ સરકારે તેમના મદરેસા પર પાબંદી મૂકી હતી.[૧] એક સમયે તેમનું સ્વપ્ન સંયુક્ત, સ્વતંત્ર અને ધર્મનિરપેક્ષ ભારત હતું. આ સ્વપ્ન માટે તેમણે ૧૯૨૦માં ખુદાઈ ખિદમતગાર નામે સંગઠનની સ્થાપના કરી. આ સંગઠન લાલ કુડતી કે બાદશાહ નામોથી પણ ઓળખાવાય છે.



**ગોવિંદ વલ્લભ પંત:**


ગોવિંદ વલ્લભ પંત (સપ્ટેમ્બર ૧૦, ૧૮૮૭ - માર્ચ ૭, ૧૯૬૧) પ્રસિદ્ધ સ્વતંત્રતા સેનાની અને ઉત્તર પ્રદેશ રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી હતા. પોતાના સંકલ્પ અને સાહસના કારણે મશહૂર પંતજીનો જન્મ અલમોડા જિલ્લામાં આવેલા ખોત ખાતે થયો હતો. સરદાર



Scanned with CamScanner

વલ્લભભાઈ પટેલના નિધન બાદ તેઓ ભારતના ગૃહમંત્રી બન્યા હતા. હિંદી ભાષાને રાષ્ટ્રભાષાનો દરજ્જો અપાવવામાં અને જમીનદારી પ્રથાને ખત્મ કરાવવામાં એમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

૧૯૫૭માં ભારત રત્ન સમ્માન એનાયત કરવાનો આરંભ એમના જ ગૃહમંત્રિત્વ કાળ દરમિયાન જ કરવામાં આવ્યો હતો.



**અબુલ કલામ આઝાદ:**

અબુલ કલામ આઝાદ ( ૧૧ નવેમ્બર ૧૮૮૮ - ૨૨ ફેબ્રુઆરી ૧૯૫૮) જેઓ મૌલાના આઝાદ તરીકે જાણીતા છે, એક ભારતીય મુસ્લિમ વિદ્વાન અને ભારતીય સ્વતંત્રતા ચળવળના એક વરિષ્ઠ રાજકીય નેતા હતા.

તેઓ એક અગ્રણી મુસ્લિમ નેતા હતા જેઓ હિન્દુ-મુસ્લિમ એકતા પર ભાર મુકતા અને કોમી ધોરણે ભારતના ભાગલાના પ્રખર વિરોધી હતા. ભારતની સ્વતંત્રતા બાદ તેઓ ભારત સરકારમાં પ્રથમ શિક્ષણ પ્રધાન બન્યા હતા. તેમણે સ્વતંત્રતા પહેલા કરેલી આગાહી માટે પણ તેઓ જાણીતા છે જેમાં તેમણે કહ્યું હતું કે ભવિષ્યમાં પાકિસ્તાનના ભાગલા પડશે અને ત્યાં લશ્કરી શાસન આવશે. તેમને ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન (મરણોત્તર) ૧૯૯૨માં આપવામાં આવ્યું હતુ. તેમને સામાન્ય રીતે મૌલાના આઝાદ તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે તેમના ઉપનામ (તખ્લ્લુસ) તરીકે આઝાદ નામ અપનાવ્યું હતું. ભારતમાં શિક્ષણનો પાયો સ્થાપિત કરવા માટે નોંધપાત્ર યોગદાન આપવા બદલ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણ દિન તરીકે તેમનાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે.




**મદન મોહન માલવીય:**

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના પ્રણેતા એવા મહામના પંડિત મદન મોહન માલવીયાનો જન્મ ૨૫મી ડિસેમ્બર ૧૮૬૧ ના દિવસે ભારત દેશના ઉત્તર પ્રદેશ રાજ્યમાં આવેલા અલ્હાબાદ શહેરમાં પિતા બ્રિજનાથ અને માતા મૂનાદેવીના ઘરે થયો હતો. તેઓ તેમના માતાપિતાનાં સંતાનો (પાંચ છોકરાઓ અને બે છોકરીઓ)માં પાંચમા હતા. એમનાં લગ્ન ઇ. સ. ૧૮૭૮ના વર્ષમાં કુંદનદેવી સાથે થયા હતાં, તેમજ તેમને ત્યાં પાંચ પુત્રો અને પાંચ પુત્રીઓનો જન્મ થયો હતો.

મહામના તરીકે ઓળખાયેલા મદન મોહન માલવીયા આ યુગના આદર્શ પુરુષ હતા. પોતાના જીવન-કાળમાં પત્રકારત્વ, વકીલાત, સમાજ-સુધારણા, માતૃ-ભાષા તથા ભારતમાતાની સેવા કાજે પોતાનું જીવન અર્પણ કરનારા આ મહામાનવે જે વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી એમાં એમની પરિકલ્પના એવા વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને દેશ સેવા કાજે તૈયાર કરવાની હતી, જે દેશનું મસ્તક ગૌરવથી ઊંચુ કરાવી શકે. એ જગજાહેર છે કે મહામના



Scanned with CamScanner

માલવીય સત્ય, બ્રહ્મચર્ય, વ્યાયામ, દેશભક્તિ તથા આત્મ-ત્યાગમાં આ દેશમાં અદ્વિતીય સ્થાન રાખતા હતા. ઉપર્યુક્ત સમસ્ત આચરણ પર મહામના સદૈવ ઉપદેશ જ ન આપતા, પરંતુ એનું સર્વથા પાલન પણ કરતા હતા. પોતાના વ્યવહારમાં મહામના સદૈવ મૃદુભાષી રહ્યા હતા.

કર્મ એ જ એમનું જીવન હતું. ઘણી બધી સંસ્થાઓના જનક તથા સફળ સંચાલકના રૂપમાં એમની વિધિ-વ્યવસ્થાનું સુચારૂ સંચાલન કરતાં કરતાં પણ રોષ અથવા કડક બોલીનો પ્રયોગ ક્યારેય પણ નહીં કર્યો.

તેમનું અવસાન ઇ.સ. ૧૯૪૬માં થયું હતું.




### ગુલઝારીલાલ નંદા:

ગુલઝારીલાલ નંદા (૪ જુલાઈ, ૧૮૯૮ - ૧૫ જાન્યુઆરી, ૧૯૯૮) ભારતીય રાજકારણી હતા. એમનો જન્મ સિયાલકોટ, પંજાબ, પાકિસ્તાન ખાતે થયો હતો. તેઓ ઈ. સ. ૧૯૬૪ના વર્ષમાં ભારત દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના અવસાન પછી કાર્યકારી વડાપ્રધાન બન્યા હતા. કોંગ્રેસ પક્ષ પ્રતિ સમર્પિત એવા ગુલઝારીલાલ નંદા પ્રથમ વાર પંડિત જવાહરલાલ નેહરુના અવસાન બાદ, અને ત્યાર પછી ઈ. સ. ૧૯૬૬ના વર્ષમાં લાલ બહાદુર શાસ્ત્રીના અવસાન બાદ પણ કાર્યકારી વડાપ્રધાન બન્યા હતા. એમનો વડાપ્રધાન તરીકેનો કાર્યકાળ બંને વખત કોંગેસ પક્ષ દ્વારા નવા વડાપ્રધાન નક્કી કરવામાં આવ્યા, ત્યાં સુધી જ રહ્યો હતો. તેઓ ભારત દેશની પ્રથમ પાંચ લોકસભામાં ચુંટાઈ આવ્યા હતા. તેમણે કેબીનેટ કક્ષાના મંત્રી તરીકેના વિવિધ હોદ્દાઓ સંભાળ્યા હતા.

તેમનું ભારત રત્ન તેમ જ પદ્મવિભૂષણ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.



### ભક્તિબા દેસાઈ:

ભક્તિલક્ષ્મી ગોપાળદાસ દેસાઈ અથવા ભક્તિબા એ એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતાં. ભારત સાથે સ્વેચ્છાએ અને બિનશરતી વિલિનીકરણમાં સહમતી આપનાર ૫૫૦ રજવાડામાંના પહેલા રાજા એવા ગાંધીવાદી ગોપાળદાસ અંબઈદાસ દેસાઈના તેઓ ધર્મપત્ની હતાં.



Scanned with CamScanner

**શરૂઆતનું જીવન**

તેમનો જન્મ ૧૬ ઑગસ્ટ ઈ.સ.૧૮૯૯માં ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ગામે થયો હતો.તેઓ લીંબડીના દીવાન ઝવેરભાઈ અમીન અને દીવાળીબેનના પુત્રી હતાં. બાળપણથી તેમનામાં સ્વામિનારાયણ ધર્મના સંસ્કારો પડ્યા હતા. ઈ.સ ૧૯૧૩માં તેમના લગ્ન વસોના દરબાર ગોપાળદાસ અંબઈદાસ દેસાઈ સાથે થયાં.

**સ્વતંત્રતાની ચળવળમાં સહભાગ**

ઈ.સ. ૧૯૨૧ના રાષ્ટ્રીય મહાસભા(કોંગ્રેસ)ના અમદાવાદ અધિવેશનમાં તેમણે સક્રિય ભાગ ભજવ્યો હતો. ઈસ. ૧૯૨૩ના બોરસદ સત્યાગ્રહ અને નાગપુરના ધ્વજ સત્યાગ્રહમાં તેમણે જનતા સાથે ભાગ લીધો હતો. ઈ.સ. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં શરૂઆતમાં સ્ત્રીઓ આગળ આવવા શરમાતી હતી. ભક્તિબાએ મણિબેન પટેલ અને મીઠુબેન પેટીટ સાથે મળી તેમને આગળ આવવા પ્રેરણા આપી અને આગળ જઈ સ્ત્રીઓની સંખ્યા પુરુષોથી પણ વધી ગઈ.તેમણે નડિયાદ બોરસદ આદિ સ્થળોએ દારૂના પીઠા અને પરદેશી માલ વેચનારી દુકાનો સામે પીકેટીંગ કરતાં તેમને જેલ થઈ હતી. ઈ.સ. ૧૯૩૧માં તેઓ ૨૧ મહિના માટે જેલ ગયા હતાં. ઈ.સ. ૧૯૪૧માં તેમને ૧૧ વર્ષની જેલ થઈ હતી.

**સ્વતંત્રતા ચળવળ પછીના સમયમાં સમાજ સેવા**

ઈ.સ. ૧૯૪૨ની આઝાદીની લડત પછી દરબાર દંપતી રાજકોટમાં આવ્યા અને સમાજ સેવા કરવા લાગ્યાં. તેમણે કન્યા કેળાવળી ક્ષેત્રે કાર્ય હાથ ધર્યું અને તેમના માર્ગદર્શનમાં પૂતળીબા ઉદ્યોગ મંદિર(રાજકોટ), વલ્લભ કન્યા કેળવણી મંદિર અને વિઠ્ઠલ કન્યા વિદ્યાલય(નડિયાદ) તેમની દેખરેખમાં તૈયાર થયા. તેઓ ખેડા જીલ્લાના સ્કૂલ બોર્ડમાં સભ્ય હતાં. ઈ.સ. ૧૯૫૧માં તેમના પતિ ગોપાળદાસ અંબઈદાસ દેસાઈના અવસાન બાદ પણ તેમણે સમાજ સેવાના કાર્યો ચાલુ રાખ્યાં. ઈ.સ. ૧૯૫૪માં તેમણે સાતેક માસનો આફ્રિકાનો પ્રવાસ કરી સાડા ત્રણ લાખનું ભંડોળ સમાજ સેવા માટે એકત્ર કર્યું. ઉછરંગરાય નવલશંકર ઢેબર - ઢેબરભાઈ પોતાને દરબાર સાહેબના છઠ્ઠા પુત્ર તરીકે ઓળખાવતા. ઈ.સ. ૧૯૫૪માં ઢેબરભાઈ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ બન્યા અને દિલ્હી ગયા, તેમની સંભાળ લેવા ભક્તિબા પણ દિલ્હી ગયાં.

**તેમનું જીવન સૂત્ર:**

આપણે લાખોને મદદરૂપ થઈ શકીએ એવી આપણી સ્થિતિ નથી, પરંતુ લાખોને માટે કામ કરનાર વ્યક્તિને મદદરૂપ થઈ શકીએ તો લાખોને સાચવ્યા બરાબર છે.



Scanned with CamScanner



## મણિબેન પટેલ:

મણિબેન પટેલ (૩ એપ્રિલ ૧૯૦૩, કરમસદ - ૧૯૯૦) એ ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર અને ભારતીય સંસદના સભાસદ હતા.તેઓ ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને નેતા સરદાર વલ્લભભાઈ પટેલના સુપુત્રી હતા. તેમનો અભ્યાસ મુંબઈમાં થયો હતો અને તેમણે ૧૯૧૮માં ગાંધીજીની વિચારધારાનો સ્વીકાર કર્યો હતો. ત્યાર બાદ તેઓ નિયમીત રીતે અમદાવાદના સાબરમતી આશ્રમમાં સેવા આપતા હતાં.

### બોરસદ સત્યાગ્રહ

ઈ.સ. ૧૯૨૩-૨૪માં અંગ્રેજોએ લોકો પર શિક્ષાત્મક કરવેરો લાદ્યો હતો. તે કર ન ભરી શકનાર લોકોની ઢોર જમીન જેવી અસ્કાયતો સરકાર તાબામાં લેવા લાગી અને લોકો પર જુલમ કરવા લાગી. આ અત્યાચારનો વિરોધ કરવા માટે મણિબહેને ગાંધીજી અને સરદાર પટેલ દ્વારા ચલાવાતી ના-કરની ચળવળમાં જોડાવા માટે સ્ત્રીઓને ઘરથી બહાર નીકળી આગળ આવવાની બોરસદ સત્યાગ્રહમાં જોડાવા પ્રેરણા આપી.

### બારડોલી સત્યાગ્રહ

ઈ.સ. ૧૯૨૮માં બારડોલી ખેડૂતો ઉપર સરકારે આકરો કરવેરો મૂક્યો હતો અને તેની વસૂલી માટે ખેડૂતો પર જુલમ ગુજારવામાં આવતો હતો. ગાંધીજીએ સરડાર પટેલને બારડોલી જઇ ત્યાંના સત્યાગ્રહની આગેવાની કરવા જણાવ્યું. ચળાવળની શરૂઆતમાં સ્ત્રીઓ તેમાં ભાગ લેવા આગળ આવતી નહી. મણિબહેને મિઠુબેન પેટીટ અને ભક્તિબા દેસાઈ સાથે મળી સ્ત્રીઓને લડતમાં જોડાવા પ્રેરણા આપી. તેમના પ્રયત્નોને પરિણામે સ્ત્રીઓ આગળ આવી અને પુરુષો કરતાં પણ બહોળી સંખ્યામાં સત્યાગ્રહમાં જોડાઈ. તેઓ સરકારે જપ્ત કરેલી જમીનો પર ઝૂંપડીઓ બાંધી તેમાં રહી સત્યાગ્રહ કરતાં.

### રાજકોટ સત્યાગ્રહ

ઈ. સ. ૧૯૩૮માં, રાજકોટ રજવાડાના દિવાન દ્વારા થતા અત્યાચારના વિરોધમાં સત્યાગ્રહ કરવામાં આવ્યો. પોતાની નાદુરસ્ત તબિયત છતાં કસ્તુરબા ગાંધી તેમાં જોડાવા આતુર હતા. મણિબેન કસ્તુરબા સાથે ગયા. સરકારે તે બંનેને છૂટા પાડવાનો આદેશ આપ્યો. તેના વિરોધમાં મણિબેન અનશન પર ઉતર્યા અને તેમને કસ્તુરબા સાથે જ રાખવા સરકારને ફરજ પાડી.



Scanned with CamScanner

**અસહકારની ચળવળ**

મણિબહેન પટેલે અસહકારની ચળવળ અને મીઠાના સત્યાગ્રહ માં ભાગ લીધો હતો અને તેને કારણે તેમને જીવનનો ઘણો સમય કારાગૃહમાં વિતાવવો પડ્યો હતો. ૧૯૩૦માં તેઓ તેમના પિતાના મદદનીશ બન્યા અને તેમની નિજી જરૂરિયાતોની પણ દેખરેખ રાખવા લાગ્યા. મણિબેને પોતાનું જીવન ભારતની સ્વતંત્રતાને સમર્પિત કર્યું હતું આથી તેઓ ભારત છોડો ચળવળમાં પણ જોડાયા અને ૧૯૪૨થી ૧૯૪૫ સુધી ફરીવાર યરવાડા જેલમાં કારાગૃહ ભોગવ્યો. ત્યાર બાદ ૧૯૫૦માં તેમના પિતાના મૃત્યુ સુધી તેમણે તેમની સાર સંભાળ રાખી. ત્યાર બાદ તેઓ મુંબઈ આવ્યા અને સરદાર પટેલ મેમોરિયલ ટ્રસ્ટ સહિત અન્ય ઘણી સામાજિક સંસ્થાઓમાં સેવા આપી. ભારતને સ્વતંત્રતા મળી તે પછી તેમણે તેમના પિતાના જીવન અને ભારતીય સ્વતંત્રતાની ચળવળને આવરી લેતું એક પુસ્તક પણ લખ્યું.



**મૃદુલા સારાભાઈ :**

મૃદુલા સારાભાઈ (૬ મે ૧૯૧૧ – ૨૬ ઓક્ટોબર ૧૯૭૪) એક ભારતીય સ્વતંત્રતા કાર્યકર્તા અને રાજકારણી હતા. તેઓ અમદાવાદના સારાભાઈ કુટુંબના સભ્ય હતા.

**કોંગ્રેસ સાથે જોડાણ અને સ્વતંત્રતાસેનાની**

નાની વયે મૃદુલા મહાત્મા ગાંધીના પ્રભાવ હેઠળ આવ્યા હતા. તેઓ કોંગ્રેસની વાનર સેના (ઇન્દિરા ગાંધી દ્વારા આયોજીત બાળ કાર્યકરોનું એક જૂથ) માં જોડાયા અને સત્યાગ્રહીઓનો સંદેશા મોકલવાનું અને પાણી આપવાનું કાર્ય કર્યું હતું. ૧૯૨૭માં તેમણે રાજકોટમાં યુથ કોન્ફરન્સના આયોજનમાં મદદ કરી હતી. તેઓ જવાહરલાલ નેહરુથી પ્રભાવિત હતા, જેઓ તેમના મિત્ર અને માર્ગદર્શક બન્યા. દાંડી સત્યાગ્રહ દરમિયાન તેઓ કોંગ્રેસ સેવા દળમાં જોડાયા અને વિદેશી કાપડ અને બ્રિટિશ માલનો બહિષ્કાર કર્યો. દાંડી સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ બ્રિટિશરોએ તેમની ધરપકડ કરી કેદ આપી હતી.

૧૯૩૪માં, તેઓ ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટીમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા હતા. જોકે, ત્યાર પછીના વર્ષોમાં તેમના સ્વતંત્ર વલણના કારણે અન્ય નેતાઓ સાથે તેમનું ઘર્ષણ થયું હતું. જ્યારે પક્ષે તેમના નામાંકનની ના પાડી ત્યારે તેઓ સ્વતંત્ર ઉમેદવાર તરીકે લડ્યા અને સૌથી વધુ મતોના ભેદથી ચૂંટાયા હતા.

૧૯૪૬માં જવાહરલાલ નેહરુએ તેમની નિમણૂક કોંગ્રેસ પક્ષના જનરલ સેક્રેટરી અને કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય તરીકે કરી. નોઆખલીમાં હુલ્લડો ફાટી નીકળ્યા પછી તેમણે રાજીનામું આપી અને ગાંધીજીની જોડે ત્યાં ગયા. જ્યારે તેમણે પંજાબમાં હુલ્લડો ફાટી નીકળવાનું સાંભળ્યું ત્યારે તેમણે તરત જ જવાહરલાલ નહેરુનો સંપર્ક કર્યો અને તેઓ પંજાબ જવા રવાના થયા અને ત્યાં તેમણે શાંતિ સ્થાપવમાં અગત્યનો ભાગ ભજવ્યો. ભારતના ભાગલા વખતે તેમણે શાંતિ સ્થાપવામાં ભજવેલી ભૂમિકા ભારત અને પાકિસ્તાનના નેતાઓ દ્વારા બિરદાવવામાં આવી હતી. જોકે, ભારતની સ્વતંત્રતાના



Scanned with CamScanner

કેટલાંક વર્ષો પછી કોંગ્રેસ સાથે તેમના મતભેદો સપાટી પર આવ્યા. પછીના વર્ષોમાં તેમણે કાશ્મીરની બહાર તેમના જૂનાં મિત્ર શેખ અબદુલ્લાને ટેકો પૂરો પાડ્યો. તેમણે કાશ્મીર ષડયંત્ર ઘટનાના મુકદમા માટે નાણાંકીય સહાય પણ પૂરી પાડી હતી.કાશ્મીરમાં તેણીને મુકદમા વગર કેટલાંય મહિનાઓ માટે જેલવાસ થયો હતો.



## રતુભાઇ અદાણી:

**રતુભાઈ અદાણી (જન્મ ૧૩ એપ્રિલ ૧૯૧૪) ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના નેતા અને આરઝી હકૂમત ચળવળના કાર્યકર હતા.**

જીવન

તેમનો જન્મ ૧૩ એપ્રિલ ૧૯૧૪ના રોજ અમરેલી જિલ્લાના લીલીયા ગામે થયો હતો.

સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાઈને તેમણે જેલવાસ પણ ભોગવ્યો. ૧૯૩૪માં જેલમાંથી છૂટ્યા પછી અમરેલી જિલ્લાના તરવડા ગામે રચનાત્મક પ્રવૃત્તિ શરૂ કરી. ૧૯૩૬માં કાઠિયાવાડ રાજકીય પરિષદની કાર્યવાહીમાં પણ તેમણે ભાગ લીધો હતો. ૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન તેઓ બે વર્ષ સુધી ભૂગર્ભમાં રહ્યા અને પોતાના વિસ્તારમાં લડતનું સંચાલન કરતા રહ્યા. જૂનાગઢને મુક્તિ અપાવવા નવું આંદોલન શરૂ થયું હતું, જે 'આરઝી હકૂમત ચળવળ' તરીકે જાણીતું છે. તેમાં રતુભાઈએ લોકસેનાના સરસેનાપતિ તરીકે કામગીરી બજાવી હતી. પોતાના જીવના જોખમે તેમણે નવાબી થાણાં કબજે કર્યા હતા.

જૂનાગઢ જિલ્લાના શાહપુરમાં ૧૯૪૮માં તેમણે સર્વોદય આશ્રમની સ્થાપના કરી ગાંધીજીની પ્રવૃત્તિઓને આગળ ધપાવવાની કામગીરીનો પ્રારંભ કર્યો. એ વખતે નિમ્ન કોટીનું ગણાતું ચર્મકામ તેમણે શરૂ કરાવ્યું હતું. મરેલાં ઢોરનાં ચામડાં ઉતારીને તેમાંથી સુંદર ચંપલ બનાવવા સુધીના ચર્મ ઉદ્યોગના અન્ય ક્ષેત્રોમાં તેમણે ગરીબ-પછાત લોકોને જોડી સ્વરોજગારી અપાવવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી.

ધોલેરા છાવણી પર કૂચ લઈ જતા તેમની ધરપકડ થઈ હતી, જેલમાં જ રવિશંકર મહારાજના સહવાસથી 'ગીતા' શીખ્યા. જેલમાંથી છૂટયા બાદ રચનાત્મક પ્રવૃત્તિઓ માટે 'સર્વોદય મંદિર' સંસ્થા શરૂ કરી. ગામડાઓમાં લોકશિક્ષણનું કાર્ય કર્યુ. આરઝી હકૂમતની લોકસેનાના સરસેનાપતિ તરીકે રતુભાઈએ જૂનાગઢના મોરચા પર પ્રશસ્ય કામગીરી બજાવી હતી. ગૃહખાતા તરફથી રતુભાઈની માનદ પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી.ચૂંટણીમાં કેશોદમાંથી જંગી બહુમતીથી વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા.ગુજરાત રાજ્યની સ્થાપના પછી મંત્રીમંડળમાં અગત્યનું સ્થાન મેળવ્યું.

ઈ.સ. ૧૯૯૭માં તેમનું અવસાન થયું હતું.રૂપાયત ટ્રસ્ટે રતુભાઈ અદાણીની યાદ માં જૂનાગઢ રેલ્વેસ્ટેશને રતુભાઈ અદાણી સર્કલ બનાવડાવ્યું છે.



Scanned with CamScanner



**વિઠ્ઠલભાઈ પટેલ:**

વિઠ્ઠલભાઈ પટેલ (૨૭ સપ્ટેમ્બર ૧૮૭૩ - ૨૨ ઓક્ટોબર ૧૯૩૩) એ એક ભારતીય ધારાસભ્ય અને રાજકીય નેતા હતા, તેમણે સ્વરાજ પાર્ટી નામનો પક્ષ સ્થાપ્યો હતો. તેઓ સરદાર પટેલ ના મોટા ભાઈ હતા.

વિઠ્ઠલભાઈ પટેલ નો જન્મ ગુજરાતના નડિયાદમાં થયો હતો. તેઓ પાંચ ભાઈઓમાં ત્રીજા ક્રમે હતા અને વલ્લભભાઈ કરતાં ૪ વર્ષ મોટા હતા. તેમનું બાળપણ કરમસદમાં વીત્યું હતું. ગોરધનભાઈ પટેલ અનુસાર ઘણાં આધુનિક દસ્તાવેજોમાં વિઠ્ઠલભાઈ પટેલની ખોટી જન્મ તારીખ દાખલ થઈ ગઈ છે. તેમના પાસપોર્ટ પર તેમની જન્મ તારીખ ૨૭ સપ્ટેમ્બર ૧૮૭૩ લખાયેલી છે. પરંતુ તેમના મૃત્યુ બાદ છપાયેલી જાહેરાતમાં તેમની ખોટી જન્મ તીથિ ૧૮ ફેબ્રુઆરી ૧૮૭૧ છપાતાં, અને તે પ્રચલિત થતાં ઘણી ગૂંચવણો જન્મી છે. આ તારીખને આધારે તેઓ વલ્લભભાઈ કરતાં માત્ર બે વર્ષ જ મોટા ગણાય. તેમના પિતાનું નામ ઝવેરભાઈ હતું અને તેમની માતાનું નામ લાડબાઈ હતું. તેમના માતા પિતા વૈષ્ણવ હિંદુ સંપ્રદાયના સ્વામીનારાયણ પંથના ભક્ત હતા. આ પંથ ભક્તિમય જીવન માટે નિજી જીવનની શુદ્ધિ પર ઘણો ભાર મુકે છે. તેમના માતા પિતાના આદર્શમય જીવનનો વિઠ્ઠલભાઈ અને તેમના ભાઈ વલ્લભભાઈના જીવન પર ઘણો પ્રભાવ પડેલો જોવા મળે છે. વિઠ્ઠલભાઈનો અભ્યાસ નડિયાદ અનેમુંબઈ માં થયો. ત્યાર બાદ તેમણે કર્મનિષ્ઠ વકીલ (પ્લીડર) તરીકે ગોધરા અને બોરસદના ન્યાયાલયોમાં કાર્ય કર્યું. ખૂબ નાની ઉંમરે તેમના લગ્ન દીવાળીબા નામની કન્યા સાથે થયા હતા.

તેમના નાનાભાઈ પણ તેમની જેમ જ પ્લીડર તરીકે ન્યાયાલયમાં વ્યવસાય કરતા હતા. બંને ભાઈઓને ઈંગ્લેંડમાં અભ્યાસ કરવાનું સપનું હતું. વલ્લભભાઈ પટેલે પાસપોર્ટ, ટિકિટ આદિ માટે જોઈતા પૈસા બચાવી, પાસપોર્ટ અને ટિકિટ કઢાવ્યા હતા. જ્યારે ટપાલી તે પરબિડિયું લઈ આવ્યો ત્યારે તેના પર મિ. વી. જે. પટેલ, પ્લીડર એમ લખ્યું હતું અને તે વિઠ્ઠલભાઈ ને મળ્યો. તે દસ્તાવેજ ઉપર વિઠ્ઠલભાઈએ પોતે પ્રવાસ કરવાનો આગ્રહ કર્યો, કેમકે જો મોટા ભાઈને મૂકીને નાનો ભાઈ વિદેશ જાય તો એ સમાજમાં વસમું લાગશે. મોટા ભાઈની લાગણીને માન આપીને વલ્લભભાઈએ વિઠ્ઠલભાઈને ઈંગ્લેંડ જવાની રજા આપી અને તેમને ત્યાં રહેવાની સગવડ માટેનું ધન પણ આપ્યું. વિઠ્ઠલભાઈએ લંડન જઈ મિડલ ટેમ્પલમાં પ્રવેશ મેળવ્યો અને ૩૬ મહિનાનો અભ્યાસ ૩૦ મહિનામાં વર્ગમાં પ્રથમ ક્રમાંકે પૂર્ણ કર્યો. તેઓ ૧૯૧૩માં ગુજરાત પાછા ફર્યા અને ત્યાર બાદ તેઓ અમદાવાદ અને મુંબઈના ન્યાયાલયમાં જાણીતા બેરિસ્ટર બન્યા. તેમના પત્ની ૧૯૧૫માં અવસાન પામ્યા ત્યારબાદ તેઓ વિધુર જ રહ્યા.



Scanned with CamScanner



## વિનોદ કિનારીવાલા:

વિનોદ કિનારીવાલા (૧૯૨૪-૯ ઓગસ્ટ ૧૯૪૨) અમદાવાદની ગુજરાત કોલેજના વિદ્યાર્થી હતા. મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલ ભારત છોડો આંદોલનના પ્રથમ દિવસે એટલે કે ૯ ઓગસ્ટ ૧૯૪૨ ના રોજ ગુજરાત કોલેજની સામે ભારતીય ધ્વજ ફરકાવતી વખતે બ્રિટિશ અફસર દ્વારા તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બ્રિટિશ અફસરે તેમને ધ્વજ નીચે મૂકી દેવા કહ્યું હતું, પરંતુ કિનારીવાલાએ તેમ કરવાની ના પાડી હતી. ત્યારબાદ અફસરે ગોળી મારતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુ સમયે તેઓ ૧૮ વર્ષના હતા.૧૯૪૭માં તેમની યાદમાં વીર વિનોદ કિનારીવાલા સ્મૃતિ અને તેમનું પૂતળું કોલેજના પ્રાંગણમાં જયપ્રકાશ નારાયણ દ્વારા જાહેરમાં મૂકવામાં આવ્યું હતું.

જે માર્ગ પર તેમને ગોળી મારવામાં આવી હતી તે માર્ગને શહીદ વીર કિનારીવાલા માર્ગ નામ આપવામાં આવ્યું છે.

તેમની યાદમાં દર વર્ષે ૯ ઓગસ્ટે ઓલ ઇન્ડિયા ડેમોક્રેટિક સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઇઝેશન તેમને શ્રધ્ધાંજલિ અર્પે છે.



## શામળદાસ ગાંધી:

શામળદાસ ગાંધી એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા. તેઓ તત્કાલીન જૂનાગઢ રજવાડાંની આરઝી હકૂમતના વડા હતા.

ઈસ ૧૯૪૭માં જ્યારે જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરી ત્યારે જૂનાગઢના બહુમતી નાગરિકો ભારત સાથે જોડાવા માગતા હતા અને તેમની આ લાગણી દર્શાવવા તેમણે દેશવટાની સરકાર રચી અને તેમના વડા શામળદાસને બનાવ્યા.

જ્યારે ભારતીય દળો જૂનાગઢ અને તેના તાબા હેઠળના માંગરોળ (જૂનાગઢ) અને માણાવદરમાં પ્રવેશ્યા ત્યારે નવાબના દિવાન શાહનવાઝ ભુટ્ટોએ શામળદાસને જૂનાગઢનું સુકાન સંભાળવા આમંત્ર્યા, પરંતુ તેમણે તે પ્રસ્તાવ ભારત સરકારની તરફેણમાં જતો કર્યો.



Scanned with CamScanner

આજે પણ શામળદાસ ગાંધીને જૂનાગઢ અને ગુજરાત રાજ્યમાં એક લોકનાયક અને દેશભક્ત તરીકે યાદ કરાય છે. અનેક શાળાઓ, સાર્વજનિક કાર્યો અને દવાખાનાં તેમના નામ હેઠળ ચલાવાય છે



**હસરત મોહાની:**

હસરત મોહાની (૧૪ ઑક્ટોબર ૧૮૭૮ - ૧૩ મે ૧૯૫૧) એક ભારતીય કાર્યકર, ભારતીય સ્વતંત્રતા ચળવળના સ્વતંત્ર સેનાની, ભારતની કમ્યુનિસ્ટ પાર્ટીના નેતા અને ઉર્દૂ ભાષાના જાણીતા કવિ હતા.તેમણે ઈ.સ. ૧૯૨૧માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અમદાવાદ સત્રમાં ઇન્કલાબ ઝિંદાબાદ ("ક્રાંતિ લાંબી જીવો!") નું સૂત્ર આપ્યું. સ્વામી કુમારાનંદ સાથે મળીને ઈ. સ. ૧૯૨૧ માં ભારત માટે પૂર્ણ સ્વરાજની માંગણી કરનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા.

## ભારતીય સ્વતંત્રતા માટે સંઘર્ષ:

મોહનીએ ભારતીય સ્વતંત્રતાની લડતમાં ભાગ લીધો અને અંગ્રેજોએ તેમને ૧૯૦૩માં લાંબા સમય મટે જેલમાં પુર્યા હતા. તે સમયે રાજકીય કેદીઓને સામાન્ય ગુનેગારોની જેમ માનવામાં આવતા હતા અને મજૂરી કરવાની ફરજ પડતી હતી.

ઈ.સ. ૧૯૦૪ માં, તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા. ભારતીય ઈતિહાસમાં તેઓ પ્રથમ વ્યક્તિ હતા જેમણે ઓલ ઈન્ડિયા મુસ્લિમ લીગના વાર્ષિક સત્રની અધ્યક્ષતામાં ૧૯૨૧ માં 'પૂર્ણ સ્વતંત્રતા'(આઝાદી-એ-કામિલ) ની માંગ કરી હતી. ડિસેમ્બર ૧૯૨૯ માં, 'સંપૂર્ણ સ્વતંત્રતા' માટેની તેમની ઝુંબેશ લાહોરમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશનના રૂપમાં પરિણમી.

બ્રિટીશ શાસનથી સંપૂર્ણ સ્વતંત્રતા પછી, મૌલાના હસરત મોહાની યુનિયન ઑફ સોવિયેત સોશિયાલીસ્ટ રિપબ્લિક (યુએસએસઆર)ની જેમ ભરતમાં એક સંઘીય સ્થાપના ઇચ્છતા હતા. તેઓ બ્રિટીશ શાસનમાંથી મુક્તિ પછી ભારતમાં સંઘીય બંધારણ જોવા માંગતા હતા. તેમની દરખાસ્તમાં છ સંઘો હતા: ૧. પૂર્વ પાકિસ્તાન; ૨. પશ્ચિમ પાકિસ્તાન; ૩. મધ્ય ભારત; ૪. દક્ષિણ-પૂર્વ ભારત; ૫. દક્ષિણ-પશ્ચિમ ભારત; અને 6. હૈદરાબાદ ડેક્કન.

મૌલાના હસરત મોહાનીનું ૧૩ મે ૧૯૫૧ ના રોજ ભારતના લખનઉમાં અવસાન થયું.

હસરત મોહાની મેમોરિયલ સોસાયટીની સ્થાપના મૌલાના નુસરત મોહનીએ ઈ. સ. ૧૯૫૧ માં કરી હતી. હસરત મોહાની મેમોરિયલ સોસાયટી ટ્રસ્ટ દ્વારા કરાચી, પાકિસ્તાનના સિંધમાં હસરત મોહાની મેમોરિયલ લાઇબ્રેરી અને હૉલની સ્થાપના કરવામાં આવી છે. દર વર્ષે, તેમની પુણ્યતિથિ પર, આ ટ્રસ્ટ દ્વારા ભારત અને પાકિસ્તાનની અન્ય ઘણી સંસ્થાઓ દ્વારા સ્મારક સભા યોજવામાં આવે છે.



Scanned with CamScanner

પાકિસ્તાનના સિંધ, કરાંચીના કોરંગી ટાઉનમાં હસરત મોહાની કોલોનીનું નામ મૌલાના હસરત મોહાનીના નામ પર રાખવામાં આવ્યું હતું. કરાચીના નાણાકીય પરામાં તેના નામ પર એક પ્રખ્યાત રસ્તાનું નામ આપવામાં આવ્યું છે.

મહારાષ્ટ્રના થાણે જીલ્લાના મુંબ્રામાં કાદર પેલેસમાં મૌલાના હસરત મોહાની નામની શેરી છે.કાનપુરના ચમનગંજમાં મૌલાના હસરત મોહાની હોસ્પિટલ આવેલી છે. કાનપુરમાં મૌલાના હસરત મોહાની શેરી નામનો એક રસ્તો પણ છે. મૌલાના હસરત મોહાની ગેલેરી બિથૂર મ્યુઝિયમ ખાતે આવેલી છે.કોલકતાની મોહની મેમોરિયલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કુલ મેતીયાબુર્ઝનું નામ તેમના નામ પરથી રખાયું છે.[સંદર્ભ આપો] અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં એક હોસ્ટેલનું નામ પણ તેમના નામે રાખવામાં આવ્યું છે .



**ચિતરંજનદાસ:**

ચિતરંજનદાસ (૫ નવેમ્બર ૧૮૭૦ - ૧૬ જૂન ૧૯૨૫) બંગાળનાં જાણીતા વકીલ અને ભારતીય સ્વતંત્રતા સંગ્રામનાં એક પ્રમુખ કાર્યકર્તા તેમજ સ્વરાજ પાર્ટીના સંસ્થાપક નેતા હતા. તેઓ "દેશબંધુ" ના નામે પણ જાણીતા હતા..

ચિતરંજનદાસનો જન્મ ૫ નવેમ્બર ૧૮૭૦ ના રોજ તેલીરબાગ, ઢાકાના પ્રખ્યાત દાસ પરીવારમાં કલકત્તા ખાતે થયો હતો. દાસ પરીવાર બ્રહ્મ સમાજના સભ્ય હતા. ચિતરંજન, ભુવન મોહન દાસના પુત્ર અને બ્રહ્મ સમાજ સુધારક દુર્ગા મોહન દાસના ભત્રીજા હતા. તેમના પિતા કલકત્તા ઉચ્ચ ન્યાયાલયના જાણીતા વકીલ અને પત્રકાર હતા જેમણે અંગ્રેજી ચર્ચ સાપ્તાહિક ધ બ્રહ્મો પબ્લિક ઓપિનિયનનું સંપાદન કર્યું. તેમણે બસન્તી દેવી (૧૮૮૦–૧૯૭૪) સાથે લગ્ન કર્યા. તેમને ત્રણ સંતાનો હતાં; અપર્ણા દેવી (૧૮૯૮–૧૯૭૨), ચિરરંજન દાસ (૧૮૯૯–૧૯૨૮) અને કલ્યાણી દેવી(૧૯૦૨–૧૯૮૩).

ચિતરંજન દાસનો પરીવાર વકીલોનો પરીવાર હતો. ૧૮૯૦માં બી.એ.ની પરીક્ષા પાસ કર્યા બાદ ચિતરંજનદાસ આઇ.સી.એસ બનવા માટે ઇંગ્લેન્ડ ચાલ્યા ગયા અને ૧૮૯૨માં બેરિસ્ટર બનીને ભારત પાછા ફર્યા.



Scanned with CamScanner



**બીના દાસ:**

બીના દાસ (૧૯૧૧ - ૧૯૮૬) એ પશ્ચિમ બંગાળના ભારતીય ક્રાંતિકારી અને રાષ્ટ્રવાદી હતા. તેઓ સ્વતંત્રતાની લડત લડતી સંસ્થા જુગાંતર (યુગાંતર)ના સભ્ય હતા. કોલકતા વિશ્વવિદ્યાલયના કુલપતિ સ્ટેનલી જેક્સનની હત્યા કરવાનો તેમને પ્રયત્ન કર્યો હતો.

બીના દાસ કોલકાતામાં મહિલાઓ માટેની અર્ધ-ક્રાંતિકારી સંસ્થા છત્રી સંગઠના સભ્ય હતા. ૬ ફેબ્રુઆરી ૧૯૩૨ ના દિવસે, તેણે કલકત્તા વિશ્વવિદ્યાલયના કન્વોકેશન હોલમાં બંગાળના રાજ્યપાલ સ્ટેનલી જેક્સનની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. તે માટે રિવોલ્વરની આપૂર્તિ અન્ય સ્વાતંત્ર્ય સેનાની કમલા દાસ ગુપ્તા દ્વારા કરવામાં આવી હતી. તેણીએ પાંચ ગોળી ચલાવી પણ નિષ્ફળ ગઈ અને તેને નવ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી.

ઈ. સ. ૧૯૩૯ માં તેમને કારાગૃહમાંથી જલદી મુક્તિ મળ્યા પછી, તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા. ઈ.સ. ૧૯૪૨ માં, તેણે ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો હતો અને ૧૯૪૨-૪૫ દરમિયાન ફરી જેલમાં ગયા હતા. ૧૯૪૬-૪૭ સુધી, તે બંગાળ પ્રાંતીય વિધાનસભાના સભ્ય હતા અને ૧૯૪૭-૫૧ સુધી પશ્ચિમ બંગાળ વિધાનસભા ના સભ્ય હતા. ૧૯૪૭ માં, તેમણે જુગાંતર નામના ભારતીય સ્વતંત્રતા ચળવળ જૂથના એક કાર્યકર જતિશચંદ્ર ભૌમિક સાથે લગ્ન કર્યા.

તેની બહેન, કલ્યાણી ભટ્ટાચારજીએ બંગાળ સ્પીક્સ (૧૯૪૪ માં પ્રકાશિત) નામના પુસ્તકનું સંપાદન કર્યું અને તે તેને સમર્પિત કર્યું.

તે સુહાસિની ગાંગુલીની નામના એક સ્વાતંત્ર્ય સેનાનીમિત્ર હતી.



**મોતીભાઈ નરસિંહભાઈ અમીન:**

મોતીભાઈ નરસિંહભાઈ અમીન કે મોતીભાઈ અમીન એ ગુજરાતના ચરોતર વિસ્તારના ગ્રંથાલય પ્રવૃત્તિના પ્રણેતા, શિક્ષણશાસ્ત્રી અને સમાજસુધારક હતા.



Scanned with CamScanner

મોતીભાઈ નરસિંહભાઈ અમીનનો જન્મ ૨૯ નવેમ્બર ૧૮૭૩ (કારતક સુદ દસમ વિક્રમ સંવત ૧૯૩૦)ના રોજ એમના મોસાળના ગામ માતર તાલુકાના અલિન્દ્રા ગામમાં થયો હતો.એમના માતા-પિતાનું વતન એ વખતના પેટલાદ તાલુકાનું વસો ગામ હતુ.એમના માતાનું નામ જીબા હતું અને પિતાનું નામ નરસિંહભાઈ હતું.જીબાને આંખે ઓછુ દેખાતું હતું અને કાનની થોડી બહેરાશ પણ હતી. પિતા નરસિંહભાઈ શરીરે કદાવર અને દેખાવડા હતા અને મોટી મૂછ રાખતા.અમીન પરિવાર વંશપરંપરાગત વૈષ્ણવ ધર્મનો અનુયાયી હતો પણ મોતીભાઈએ પોતે સ્વામિનારાયણ ધર્મ અંગીકાર કર્યો હતો. નરસિંહભાઈ અમીન પુત્ર મોતીભાઈ અમીનના જન્મ સુધી પેટલાદની વહીવટદારની કચેરીમાં કારકુન હતા અને મોતીભાઈના જન્મ પછી એમની બદલી વસો ગામના મેજીસ્ટ્રેટની કચેરીમાં ફોજદારી કારકુન તરીકે થયેલી. મોતીભાઈની ઉંમર સાડા-ચાર વરસની થઈ ત્યારે એમના પિતાએ હરખાબા સાથે બીજા લગ્ન કર્યા હતા. છ વરસની ઉંમરે મોતીભાઈના લગ્ન રૂપાબા નામની સોજિત્રાની વતની સાત વરસની કન્યા સાથે થયા હતા.મોતીભાઈની ઉંમર સાતેક વરસની આસપાસની હશે એ દરમ્યાન એમના પિતાજીનું મૃત્યુ એક લગ્નપ્રસંગ દરમ્યાન ફટાકડાનો પટારો સળગવાના કારણે દાઝી જવાથી થયેલું. પોતાના લગ્ન પછી અને પિતાના મૃત્યુ પામ્યાના સમયગાળા દરમ્યાન મોતીભાઈએ પોતાનું શાળાજીવન શરૂ કરેલું.પહેલી જૂન ૧૮૮૭માં વસોમાં અંગ્રેજી શાળા પણ શરૂ થઈ એટલે મોતીભાઈ પણ એમાં ભણવા જવા લાગ્યા. પહેલા વર્ષે અંગ્રેજી શાળાને કુલ ૧૫ વિદ્યાર્થીઓ મળેલા. વસોમાં એ નિશાળ હેડમાસ્તર મગનભાઈ ચતુરભાઈ અમીનના પ્રયત્નોને કારણે શરૂ થઈ હતી. "દેશી કારીગરોને ઉત્તેજન" નામના પુસ્તકથી મગનભાઈ ચતુરભાઈ અમીન ખૂબ પ્રભાવિત થયેલા હતા અને એમને કારણે મોતીભાઈ અમીન પર પણ એ પુસ્તકની ગાઢ અસર પડેલી. મોતીભાઈ અમીનના શબ્દોમાં એ પુસ્તકમાં કરવામાં આવેલી દેશી કારીગરીના નાશની સમીક્ષા "પથરા પીગળાવે એવી ચોટદાર છે." એ પુસ્તકની અસર હેઠળ અને હેડમાસ્તર મગનભાઈની રહબરી હેઠળ મોતીભાઈએ ૧૮૮૮માં વસોમાં વિદ્યાર્થી સમાજની સ્થાપના કરી હતી. અંગ્રેજીમાં ચોથું કર્યા પછી ૧૮૮૯માં એ આગળ અભ્યાસ માટે વડોદરા ગયા. વડોદરામાં શિક્ષણ લઈ મેટ્રિકની પરીક્ષા આપવા માટે મોતીભાઈ અમદાવાદમાં રાયપુરમાં આકા શેઠની પોળમાં ગોપીલાલ ધ્રુવના ઘરની પાસે એક મહિનો રહ્યા. પ્રથમ પ્રયત્નમાં તેઓ નાપાસ થયા હતા.[અમદાવાદમાં તે ગોપીલાલ ધ્રુવના દીકરી વિદ્યાગૌરીના પતિ રમણભાઈ નીલકંઠના માધ્યમથી પ્રાર્થનાસભાના પરિચયમાં આવ્યા હતા. ઇ.સ. ૧૮૯૪માં ત્રીજા પ્રયત્ને એમણે મેટ્રિકની પરીક્ષા વડોદરા રાજ્યમાં પાંચમા ક્રમે પાસ કરી અને ત્યારથી એમને વડોદરા રાજ્યની ઉચ્ચ અભ્યાસ માટેની રૂ.પાંચની શિષ્યવૃત્તિ મળવા લાગી.



**પેરિન કેપ્ટન:**

**પેરીન બેન કેપ્ટન (૧૮૮૮-૧૯૫૮) ભારતીય સ્વતંત્રતા સેનાની, સામાજિક કાર્યકર અને પ્રખ્યાત ભારતીય બૌદ્ધિક અને નેતા, દાદાભાઈ નવરોજીના પૌત્રી હતા. ભારત સરકારે તેમને ૧૯૫૪માં ચોથા સર્વોચ્ચ ભારતીય નાગરિક પુરસ્કાર પદ્મશ્રી વડે સન્માનિત કર્યા હતા.**



Scanned with CamScanner

પેરિન બેનનો જન્મ ૧૨ ઓક્ટોબર ૧૮૮૮ના રોજ એક પારસી કુટુંબમાં ભારતના ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લામાં આવેલા માંડવીમાં થયો હતો.તેના પિતા અરદેશર તબીબ હતા અને દાદાભાઈ નવરોજીના સૌથી મોટા પુત્ર હતા અને તેમની માતા વીરબાઈ દાદીના ગૃહિણી હતા. આઠ બાળકોમાં તેઓ સૌથી મોટા હતા અને ૧૮૯૩માં જ્યારે તેમના પિતાનું અવસાન થયું ત્યારે તેઓ માત્ર ૫ વર્ષના હતા. તેમણે પ્રારંભિક શિક્ષણ મુંબઈમાં લીધું અને પછીથી યુનિવર્સિટી ઓફ પેરિસ III: સોર્બોન નુવેલેમાંથી ફ્રેંચમાં સ્નાતકની પદવી મેળવી. પેરિસમાં તેઓ મેડમ કામાના સંપર્કમાં આવ્યા અને તેમની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. અહેવાલો મુજબ વિનાયક દામોદર સાવરકરની લંડનમાં ધરપકડ થયા પછી તેમને મુક્ત કરવાની યોજનામાં તેઓ સામેલ હતા. આ સમય દરમિયાન, તેમણે સાવરકર અને ભીખાજી કામા સાથે ૧૯૧૦ની બ્રુસેલ્સ ખાતેની ઇજિપ્તની રાષ્ટ્રીય કોંગ્રેસમાં હાજરી આપી હતી. તેઓ પેરિસ સ્થિત પોલિશ શરણાર્થી સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતી, જેઓ રશિયામાં ઝાર શાસન વિરુદ્ધ બળવો કરી રહ્યા હતા. ૧૯૧૧માં તેઓ ભારત પાછા ફર્યા પછી તેમને મહાત્મા ગાંધીને મળવાની તક મળી અને તેઓ તેમના આદર્શોથી પ્રભાવિત થયા. ૧૯૧૯ સુધીમાં તેમણે ગાંધીજી સાથે કામ કરવાનું શરૂ કર્યું અને ૧૯૨૦માં તેઓ સ્વદેશી આંદોલનમાં જોડાયા અને ખાદી પહેરવાનું શરૂ કર્યું. ૧૯૨૧માં, તેમણે રાષ્ટ્રીય સ્ત્રી સભાની સ્થાપના કરવામાં મદદ કરી, જે ગાંધીવાદી આદર્શો પર આધારીત મહિલા ચળવળ છે.

પેરિને ૧૯૨૫માં ધનજીશા એસ. કેપ્ટન નામના વકીલ સાથે લગ્ન કર્યા, પરંતુ આ દંપતીને કોઈ સંતાન નહોતું. લગ્ન પછી તેમણે સામાજિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સંખ્યાબંધ કાઉન્સિલોમાં સેવા આપી. જ્યારે તેઓ ૧૯૩૦માં આ પદ માટે ચૂંટાઈ આવ્યા ત્યારે તેઓ બોમ્બે પ્રાંતીય કોંગ્રેસ સમિતિની પ્રથમ મહિલા અધ્યક્ષ હતા. તેમણે મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરેલી નાગરિક અવગણના ચળવળમાં ભાગ લીધો હતો અને તેમને કેદ કરવામાં આવ્યા હતા. ભારતીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન અનેક કેદીઓ એ જેલ યાતના સહન કરી હતી, તેમાંથી તેઓ પ્રથમ હતા. ૧૯૩૦ના દાયકામાં જ્યારે ગાંધી સેવા સેનાની ફરીથી રચના કરવામાં આવી હતી, ત્યારે તેમને તેના માનદ મહામંત્રી બનાવવામાં આવ્યા હતા, જે પદ તેમણે ૧૯૫૮, તેમના મૃત્યુ સુધી, સંભાળ્યું હતું.

જ્યારે ભારત સરકારે ૧૯૫૪માં પદ્મ નાગરિક પુરસ્કારોની શરૂઆત કરી, ત્યારે પેરિન કેપ્ટન પદ્મશ્રી માટેના પુરસ્કારોની પ્રથમ સૂચિમાં શામેલ હતા.




**ઉષા મહેતા:**

ઉષા મહેતા (૨૫ માર્ચ ૧૯૨૦; ૧૧ ઑગસ્ટ ૨૦૦૦) એ એક ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સેવિકા હતા. ઈ.સ ૧૯૪૨ ના ભારત છોડો આંદોલન સમયે તેમણે રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના છૂપા કે ભૂમિગત રેડિયો ચલાવવામાં યોગદાન આપ્યું હતું. ઈસ. ૧૯૯૮માં ભારત સરકારે તેમને ભારતનો બીજો સૌથી ગૌરવશાળી પુરસ્કાર, પદ્મવિભૂષણનો ખિતાબ આપ્યો હતો.



Scanned with CamScanner

**સ્વતંત્રતાની લડતમાં કાર્યભાર**

ગાંધીજી અને કોંગ્રેસે જાહેરાત કરી હતી કે ૯ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે ગોવાલિયા ટેંક મેદાનથી અંગ્રેજો વિરૂદ્ધ 'ભારત છોડો' ચળવળ ચાલુ થશે. તે દિવસ પહેલાં જ ગાંધીજી અને અન્ય નેતાઓની ધરપકડ કરવામાં આવી. તેમ છતાં તે દિવસે ઘણી મોટી માનવ મેદની ગોવાલિયા ટેંક મેદાનમાં જમા થઈ. લોકોને ઉદ્દેશીને ભાષણ કરવા અને ધ્વજ ફરકાવવાની જવાબદારી કાર્યકરો અને નાના નેતાઓ પર આવી પડી. ૯ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે જેમણે ત્યાં ધ્વજ ફરકાવ્યો તેમાં ઉષા મહેતા પણ એક હતાં. પાછળથી તે મેદાનનું "ઑગસ્ટ ક્રાંતિ મેદાન" રાખવામાં આવ્યું.

૧૪ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે ઉષા મહેતા અને તેમના અમુક સાથીઓએ ભૂમિગત કોંગ્રેસ રેડિયો શરૂ કર્યો. આ રેડિયો પર તેમણે પ્રથમ શબ્દો ઉચ્ચાર્યા હતા કે: "૪૨.૩૪ (વેવલેન્થ)પર ભારતના અમુક સ્થળેથી પ્રદર્શિત થતો આ કોંગ્રેસ રેડિયો છે." વિઠ્ઠલભાઈ ઝવેરી, ચંદ્રકાંત ઝવેરી, બાહુભાઈ ઠક્કર અને શિકાગો રેડિયોના માલિક નાન્કા મોટવાણી (તકનીકી સહયોગ પૂરા પાડનાર) તેમના સાથીઓ હતા. અન્ય કોંગ્રેસી નેતાઓ જેમ કે ડો રામ મનોહર લોહીયા, અચ્યુતરાવ પટવર્ધન અને પુરૂષોત્તમ ત્રિકમદાસ આદિએ રેડિયોને માર્ગદર્શન આપ્યું. રેડિયો પરથી મહાત્મા ગાંધી અને અન્ય જાણીતા ભારતીય નેતાઓના સંદેશાઓ પ્રસારીત કરવામાં આવતા. સત્તાધીશો ને થાપ આપવા આ રેડિયોન અપ્રસારણનું સ્થાન રોજ બદલવામાં આવતું. છેવટે ૧૨ નવેમ્બર ૧૯૪૨માં પોલીસે તેમને પકડી પાડ્યા અને ઉષા મહેતા સહીત અન્ય આયોજકોની ધરપકડ કરવામાં આવી. અને સૌને જેલ થઈ.

ભારતીય પોલીસની સી.આઇ.ડી.એ છ મહિના સુધી તેમની પુછ પરછ કરી. આ સમય દરમ્યાન તેમને ચળવળ સંબંધી ગુપ્ત માહિતી આપવા વિદેશમાં અભ્યાસ આદિ પ્રલોભનો આપવામાં આવ્યા. પરંતુ તેઓ ચુપ રહ્યા અને હાઈ કોર્ટના ખટલા વખતે તેમણે ન્યાયાધીશને પૂછ્યું શું તેમને તે જવાબ આપવા જ પડશે. જ્યારે ન્યાયધીશે કહ્યું કે તે જરૂરી નથી ત્યારે તેમણે કહ્યું કે તેઓ પોતાને બચાવવા ખાતર પણ મોં નહી ખોલે. ખટલા પછી તેમને ચાર વર્ષની (૧૯૪૨-૧૯૪૬) સજા થઈ. તેમના બે સાથીઓને પણ સજા થઈ. ઊષા મહેતાને પુનાની યરવાડા જેલમાં રાખવામાં આવ્યા હતાં. તેમની તબિયત બગડાતા તેમને મુંબઈની જે. જે, હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. હોસ્પિટલમાં તેમની ઉપર સતત ચાર પોલીસનો પહેરો રહેતો. તેમની તબિયત સુધરતા તેમને ફરી યરવાડા જેલમાં લઈ જવાયા. ઈ.સ. મુંબઈમાં મોરારજી દેસાઈ જ્યારે અંતરિમ ગૃહરાજ્ય મંત્રી બન્યા ત્યારે તેમના આદેશથી માર્ચ ૧૯૪૬માં મુક્તિ પામનાર ઉષા મહેતા પ્રથમ રાજદ્વારી કેદી હતા.

કોંગ્રેસ રેડિયો જોકે ત્રણ જ મહીના ચાલ્યો, પણ તે સમય દરમ્યાન અંગ્રેજ સરકાર દ્વારા છુપા રાખવામાં આવતા સમાચારો આ રેડિયો પર પ્રસારિત થતા ચળવળને ઘણી મદદ મળી. આ રેડિયોને કારણે નેતાઓ જનતાના સંપર્કમાં રહ્યા. તે દિવસોને યાદ કરતાં ઉષા મહેતા કહે છે કે, એ તેમના સૌથી સુંદર દિવસોમાંના એક હતા, પણ એ સાથે તેમની માટે તે દિવસો દુઃખમય પણ રહ્યા કેમકે તેમાંના એક તકનીક સહાયક ફૂટી ગયો અને સરકારને જાણ કરી દીધી હતી.



Scanned with CamScanner



**અસફ અલી:**

અસફ અલી (૧૧ મે ૧૮૮૮[૧] - ૨ એપ્રિલ ૧૯૫૩) એક ભારતીય સ્વતંત્ર સેનાની અને જાણીતા ભારતીય વકીલ હતા. તેઓયુનાઇટેડ સ્ટેટ્સમાં ભારતના પ્રથમ રાજદૂત હતા. તેમણે ઑડિશાના રાજ્યપાલ તરીકે પણ કામ કર્યું.

અસફ અલીનું શિક્ષણ દિલ્હીની સેન્ટ સ્ટીફન કૉલેજમાં થયું હતું. તેમને ઇંગ્લેન્ડના લિંકન ઇનના બાર દ્વારા બોલાવવામાં આવ્યા હતા.

ઈ.સ. ૧૯૧૪ માં, તુર્કસ્તાન (ઓટ્ટોમન સામ્રાજ્ય) પર બ્રિટિશ હુમલાની ભારતીય મુસ્લિમ સમુદાય પર મોટી અસર થઈ. અસફ અલીએ તુર્કી પક્ષને ટેકો આપ્યો અને પ્રીવી કાઉન્સિલમાંથી રાજીનામું આપ્યું. તેમણે આને અસહકારના કૃત્ય તરીકે જોયું અને ડિસેમ્બર ૧૯૧૪ માં ભારત પાછા ફર્યા. ભારત પાછા ફર્યા પછી અસફ અલી રાષ્ટ્રવાદી આંદોલનમાં ભારે ભાગ લેતા થયા.

મુસ્લિમ રાષ્ટ્રવાદી પક્ષના સભ્ય તરીકે તેઓ ૧૯૩૫માં કેન્દ્રીય વિધાનસભામાં ચૂંટાયા હતા. તે પછી તેઓ કોંગ્રેસના સભ્ય તરીકે નોંધપાત્ર બન્યા અને તેના ઉપ-નેતા નિમાયા.

સ્વતંત્રતાની ચળવળ દરમિયાન અસફ અલીનેએ ઓગસ્ટ ૧૯૪૨ માં ઑલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ દ્વારા અપનાવવામાં આવેલા 'ભારત છોડો'ના ઠરાવને પગલે જેલની સજા કરવામાં આવી હતી. જવાહરલાલ નેહરુ અને કોંગ્રેસ કાર્યકારી સમિતિના અન્ય સભ્યોની સાથે તેમને અહમદનગર ફોર્ટ જેલમાં કેદ કરવામાં આવ્યા હતા.

૨ એપ્રિલ ૧૯૫૩ ના દિવસે સ્વિટ્ઝરલેન્ડમાં ભારતના રાજદૂત તરીકે ફરજ બજાવતા અલીનું બર્નના કાર્યાલયમાં અવસાન થયું. ૧૯૮૯માં, ભારતીય ડાક દ્વારા તેમના માનમાં એક ટિકિટ બહાર પાડવામાં આવી.તેમની પત્ની અરૂણા અસફ અલીને ભારતના સર્વોચ્ચ નાગરિક એવોર્ડ - ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



Scanned with CamScanner




## અબ્બાસ તૈયબજી:

અબ્બાસ તૈયબજી (૧ ફેબ્રુઆરી ૧૮૫૪ – ૯ જૂન ૧૯૩૬) ભારતીય સ્વાંતંત્ર્ય સેનાની અને મહાત્મા ગાંધીના એક સહયોગી હતા. તેમણે વડોદરા રાજ્યના મુખ્ય ન્યાયાધીશ તરીકે પણ કાર્ય કર્યું હતું.

અબ્બાસ તૈયબજીએ મહાત્મા ગાંધી સાથે ૧૯૧૭માં ગોધરા ખાતે આયોજીત એક સામાજીક સંમેલનમાં ભાગ લીધો હતો. તે સમયે તેઓ પશ્ચિમી જીવનશૈલી અને અંગ્રેજી અભિગમના અગ્રણી સ્વરૂપે જોવામાં આવતા હતા. ૧૯૧૯માં જલિયાંવાલા બાગ હત્યાકાંડની ઘટના બાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા એક સ્વતંત્ર તપાસ સમિતિની રચના કરવામાં આવી જેના અધ્યક્ષ તરીકે તૈયબજીની વરણી કર્યા બાદ તેમનામાં બદલાવ જોવા મળ્યો. જનરલ ડાયર દ્વારા કરાયેલ આ હત્યાકાંડના સેંકડો સાક્ષીઓની જુબાની સાંભળીને તેઓ મહાત્મા ગાંધીના અનુયાયી બન્યા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ઉદ્દેશોને સમર્થન આપ્યું.

બ્રિટીશ જીવનશૈલીનો ત્યાગ કરીને તેમણે ગાંધી આંદોલનના કેટલાંક પ્રતિકોને અપનાવી લીધાં. અંગ્રેજ પહેરવેશને ફગાવી ખાદીના કપડાં પહેરવા લાગ્યા. તેમણે રેલવેની ત્રીજા દરજ્જાની મુસાફરી કરી સમગ્ર ભારતનો પ્રવાસ કર્યો. આ દરમિયાન તેઓ સાધારણ ધર્મશાળાઓ અને આશ્રમોમાં રહ્યા, જમીન પર પથારી કરીને સૂતા અને બ્રિટીશ રાજની સત્તા વિરુદ્ધ સત્યાગ્રહનો પ્રચાર કરતાં કરતાં માઈલો સુધી પગપાળા કૂચ કરી. જીવનના સાતમા દશકમાં પણ તેઓ આ બદલાયેલી જીવનશૈલીને વળગી રહ્યાં. કેટલાંક વર્ષો બ્રિટીશ જેલોમાં ગાળ્યા.૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં સરદાર વલ્લભભાઈ પટેલનું સમર્થન કર્યું.

અબ્બાસ તૈયબજીનું અવસાન ૯ જૂન ૧૯૩૬ના રોજ મસૂરી ખાતે થયું હતું.

Scanned with CamScanner




**સરોજિની નાયડુ:**

સરોજિની નાયડુ અંગ્રેજી ભાષાના ભારતીય કવિયત્રી, સ્વાતંત્ર્યસેનાની અને પ્રથમ મહિલા રાજ્યપાલ હતા. સ્વરમીઠાશને કારણે લોકો તેમને 'હિંદની બુલબુલ' કહેતા હતા. ભારત સરકારે ૧૩ ફેબ્રુઆરી ૧૯૬૪ ના રોજ તેમની સ્મૃતિમાં ૧૫ પૈસાની ટપાલ ટિકિટ બહાર પડી હતી.

સરોજિની નાયડુ ઇ.સ ૧૯૧૭માં રાજકારણમાં સક્રિય બન્યા અને કાવ્યલેખનને પૂર્ણ કર્યું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશન ૧૯૦૬માં તેમણે આપેલા વક્તવ્યથી ગોપાલ કૃષ્ણ ગોખલે પ્રભાવિત થયા અને તેમને માતૃભૂમિની સેવા કરવા માટે આગ્રહ કર્યો. તેમણે સ્ત્રીઓને આગળ લાવવા કેટકેટલીય ચળવળો ચલાવી હતી. ઇ.સ. ૧૯૦૮માં મદ્રાસમાં મળેલા વિધવાપુનલગ્ન માટેના અધિવેશનમાં તેમણે સ્ત્રીઓને જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો. તેમણે પ્લેગના રોગચાળા દરમિયાન આપેલી સેવાઓને ધ્યનમાં રાખીને તેમણે હૈદરાબાદમાં "કૈસરે હિંદ"નો સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. જે તેમણે સત્તાના જુલ્મ વિરુદ્ધમાં પરત કર્યો હતો. તેઓ હમેશા હિન્દુ મુસ્લિમની એકતા માટે કાર્ય કરતાં હતા.

ઇ.સ. ૧૯૧૫થી ૧૯૧૮ સુધી તેમણે ભારતના વિવિધ ગામડાં અને શહેરોમાં પૂર્વકકલ્યાણ, શ્રમનું ગૌરવ , મહિલાઓની મુશ્કેલીઓની મુક્તિ તથા રાષ્ટ્રવાદ પર પ્રવચનો આપતા હતા. તેમણે મોટેગ્યુંચેમ્સ્ફર્ડનો સુધારા અને રોલેટ એક્ટનો ખૂબ વિરુદ્ધ કર્યો હતો. તેમણે ૧૯૧૯માં બનેલા જલિયાવાલા બાગના હત્યાકાંડ તથા અમૃતસરમા લશ્કરી કાયદા વિરુદ્ધ તેમણે ધારદાર વકતવ્યો આપ્યા હતા. અને સાહિત્યનું વિતરણ કર્યું હતું. ઇ.સ. ૧૯૨૫માં તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ પદે ચૂંટાયા.

હૈદરાબાદમાં ૧૯૦૮માં મૂસી નદીમાં પૂર આવ્યું હતું ત્યારે સરોજિનીએ રાહતકાર્યોનું આયોજન કર્યું હતું. તે બદલ બ્રિટિશ સરકારે એમને 'કૈસર-એ-હિંદ' ખિતાબ અને સુવર્ણચંદ્રકથી સન્માનિત કર્યા હતા. બ્રિટિશ સરકારના ભારતીયો પ્રત્યેના અન્યાયી અને કઠોર વર્તનથી યાતના અનુભવતાં તેમણે ૧૯૨૦માં આ ખિતાબ અને સુવર્ણચંદ્રક સરકારને પરત કર્યા હતા.


૨ માર્ચ ૧૯૪૯માં રાજ્યપાલના હોદ્દા પર હતા તે દરમિયાન તેમનું અવસાન થયું હતું.

Scanned with CamScanner




**પ્રફુલ્લ ચાકી:**

ક્રાંતિકારી પ્રફુલ્લ ચાકી (૧૦ ડિસેમ્બર ૧૮૮૮ - ૧ મે ૧૯૦૮)નું નામ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસમાં અત્યંત સન્માનપૂર્વક લેવામાં આવે છે. તેમનો જન્મ ઉત્તર બંગાળમાં આવેલા બોગરા ગામ (હાલમાં આ ગામ બાંગ્લાદેશમાં આવેલું છે.) ખાતે થયો હતો. જ્યારે તેમની ઉંમર બે વર્ષની હતી ત્યારે એમના પિતાજીનું નિધન થયું હતું. એમની માતાએ અત્યંત કઠિનાઈઓ પાર કરી એમનું પાલન પોષણ કર્યું હતું. વિદ્યાર્થી જીવન વેળાએ જ એમનો પરિચય સ્વામી મહેશ્વરાનંદ દ્વારા સ્થાપિત ગુપ્ત ક્રાંતિકારી સંગઠન સાથે થયો હતો. પ્રફુલ્લ ચાકીએ સ્વામી વિવેકાનંદના સાહિત્યનો અભ્યાસ કર્યો અને તેઓ એનાથી અત્યંત પ્રભાવિત થયા હતા. અનેક ક્રાંતિકારીઓના વિચારોનું પણ પ્રફુલ્લજીએ અધ્યયન કર્યું, જેના કારણે એમની અંદર દેશને સ્વતંત્ર કરાવવા માટેની ભાવના બળવત્તર થતી ગઈ. બંગાળ વિભાજનના સમય વેળા અનેક લોકો એના વિરોધમાં ઊભા રહ્યા. અનેક વિદ્યાર્થીઓએ પણ આ આંદોલનમાં જોર-શોરથી ભાગ લીધો હતો. પ્રફુલ્લજીએ પણ આ આંદોલનમાં ભાગ લીધો હતો. તેઓ આ સમય દરમિયાન રંગપુર જિલ્લા શાળામાં નવમા ધોરણમાં અભ્યાસ કરતા હતા. પ્રફુલ્લજીને આંદોલનમાં ભાગ લેવાને કારણે એમના વિદ્યાલયમાંથી કાઢી મુકવામાં આવ્યા. ત્યારબાદ પ્રફુલ્લજીનો સંપર્ક ક્રાંતિકારીઓના યુગાંતર પાર્ટી નામના સંગઠન સાથે થયો હતો.




**જયપ્રકાશ નારાયણ:**

જયપ્રકાશ નારાયણ ( ૧૧મી ઓક્ટોબર, ૧૯૦૨ - ૮મી ઓક્ટોબર, ૧૯૭૯) જે પી અથવા લોકનાયક તરીકે જાણીતા ભારતીય સ્વતંત્રતા સેનાની, સિદ્ધાંતકારી, સમાજવાદી અને રાજનેતા હતા. તેઓ ભારત છોડો આંદોલનના નાયક તરીકે પણ ઓળખાય છે તથા પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ૧૯૭૦ના દશકના લોકતાંત્રિક વિરોધ માટે યાદ કરવામાં આવે છે. તેમનું જીવનચરિત્ર તેમના રાષ્ટ્રવાદી મિત્ર અને હિન્દી સાહિત્યના પ્રખ્યાત લેખક રામવૃક્ષ બેનીપુરીએ લખ્યું હતું. ૧૯૯૯માં તેમના સામાજીક કાર્યો માટે ભારતના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન ભારત રત્નથી (મરણોપરાંત) સન્માનિત કરવામાં આવ્યા. અન્ય પુરસ્કારોમાં મેગ્સેસ એવોર્ડ (૧૯૬૫) મુખ્ય છે.

Scanned with CamScanner

જયપ્રકાશ નારાયણનો જન્મ ૧૧ ઓક્ટોબર ૧૯૦૨ના રોજ તત્કાલીન બંગાળ પ્રેસીડેન્સીના સિતાબદીયારા ગામમાં (હાલ બલિયા જિલ્લો, ઉત્તર પ્રદેશ) થયો હતો.તો કાયસ્થ જ્ઞાતિના હતા.તેઓ હરસૂ દયાલ અને ફુલરાની દેવીનું ચોથું સંતાન હતા. તેમના પિતા રાજ્ય સરકારના નહેર વિભાગમાં અધિકારી હતા. જયપ્રકાશ જ્યારે નવ વર્ષના હતા ત્યારે પટનાની કોલેજીએટ સ્કૂલમાં સાતમા ધોરણમાં પ્રવેશ મેળવવા માટે ગામ છોડી દીધું. ગ્રામ્ય જીવનથી દૂર આ તેમનો પહેલો અનુભવ હતો. જેપી સરસ્વતી ભવન નામના એક છાત્રાલયમાં રહેવા લાગ્યા. છાત્રાલયમાં બિહારના કેટલાક ભાવિ નેતાઓ પણ હતા. જેમાં બિહારના પ્રથમ મુખ્યમંત્રી કૃષ્ણા સિંહ, તેમના નાયબ મુખ્યમંત્રી અનુરાગ નારાયણ સિંહા તથા અન્ય કેટલાક રાજનૈતિક અને શૈક્ષણિક જગતમાં વ્યાપકરૂપે જાણીતા હતા.

ઓક્ટોબર ૧૯૨૦માં ૧૮ વર્ષીય જયપ્રકાશના લગ્ન વ્રજકિશોર નારાયણની ચૌદ વર્ષીય પુત્રી પ્રભાવતી દેવી સાથે થયા.તેમના લગ્ન બાદ જયપ્રકાશ પટના રહેતા હતા આથી તેમનાં પત્ની માટે તેમની સાથે રહેવું શક્ય નહોતું. ગાંધીજીના આમંત્રણથી પ્રભાવતી દેવી અમદાવાદ ખાતેના સાબરમતી આશ્રમમાં અંતેવાસી તરીકે જોડાયા।




## જે.બી.કૃપલાની:

જીવતરામ ભગવાનદાસ કૃપલાની (૧૧ નવેમ્બર ૧૮૮૮ – ૧૯ માર્ચ ૧૯૮૨) એ આચાર્ય કૃપલાની નામથી જાણીતા ભારતીય રાજનેતા, પ્રખર દેશભક્ત, સ્વાતંત્ર્યસેનાની હતા.તેઓ ૧૯૪૭માં સત્તા હસ્તાંતરણ દરમિયાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે વિખ્યાત છે. ભારતના પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન સુચેતા કૃપલાની તેમના પત્ની હતા.

તેઓ ગાંધીજીની ખૂબ જ નજીક હતા અને એક સમયે તેમના પ્રબળ અનુયાયી હતા. કૃપલાનીએ લગભગ એક દશક સુધી કોંગ્રેસના મહાસચિવ તરીકે કાર્ય કર્યું. તેમને શિક્ષણ ક્ષેત્રે કામ કરવાનો અનુભવ હતો અને કોંગ્રેસના પુનર્નિર્માણ માટે અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. પ્રક્રિયાત્મક મુદ્દાઓ પર પક્ષ અને સરકાર વચ્ચે વિવાદને કારણે સરકારમાં રહેલા સહયોગીઓ સાથેના તેમના સંબંધો પ્રભાવિત થયા હતા. કૃપલાની ૧૯૨૦ના દશકના અસહયોગ આંદોલનોથી લઈને ૧૯૭૦ના દશકની કટોકટી સુધી રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવતા રહ્યા હતા.

જે. બી. કૃપલાનીનો જન્મ ૧૧ નવેમ્બર ૧૮૮૮માં હૈદરાબાદના સિંધમાં એક ક્ષત્રિય પરિવારમાં થયો હતો. તેમના પિતા સરકારી નોકરી કરતાં હતા. તેમના આઠ બાળકોમાં કૃપલાની છઠ્ઠા ક્રમે હતા. તેમનું પ્રાથમિક શિક્ષણ સિંધની સ્થાનિક શાળામાં થયું. તેમણે વિલ્સન કૉલેજ, મુંબઈ, ડી. જે. કૉલેજ, કરાંચી અને ફર્ગ્યુસન કોલેજ પુણેમાં શિક્ષણ મેળવ્યું હતું. તેઓએ વ્યક્ત કરેલ બંગભંગ આંદોલન પ્રત્યેની સહાનુભૂતિ માટે તેમને વિલ્સન કોલેજમાંથી બરતરફ કરાયા હતા. તેમને સિંધ કોલેજમાંથી પણ આચાર્યએ કરેલા હિન્દી ભાષા પરના અઘટિત શબ્દોના ઉચ્ચારના વિરૂદ્ધમાં કરેલ હડતાળ માટે કાઢી મૂકવામાં આવ્યા હતા. ૧૯૧૨માં તેઓ એમ.એ. પૂર્ણ કર્યા પછી સરકારી કૉલેજ, મુઝફ્ફરપુર (બિહાર) માં પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. ૧૯૧૭માં તેમણે ચંપારણ સત્યાગ્રહમાં ગાંધીજીને મદદ કરી હતી. ઈ.સ.

Scanned with CamScanner

૧૯૧૯-૨૦ના સમયગાળામાં તેઓએ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી. અસહકાર આંદોલનની શરૂઆતમાં તેઓ ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય બન્યા અને ત્યાં ૧૯૨૭ સુધી કાર્ય કર્યું. જ્યાં તેઓએ આચાર્ય કૃપલાની તરીકેની પ્રસિદ્ધિ મેળવી. તેમણે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ગાંધીજી દ્વારા સ્થાપેલ આશ્રમોમાં સામાજિક સુધાર અને શિક્ષણ માટે કામ કર્યું હતું. બાદમાં તેઓ બિહાર અને ઉત્તર પ્રદેશ રવાના થયા હતા જ્યાં તેમણે નવા આશ્રમોને વ્યવસ્થિત કરવાનું તેમજ શિક્ષણ સંબંધિત કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું. સવિનય અવજ્ઞા આંદોલન તેમજ અન્ય કેટલાક પ્રસંગે વિરોધ પ્રદર્શનો આયોજીત કરવા બદલ અને બ્રિટીશ શાસન વિરુદ્ધ વિદ્રોહી સામગ્રી પ્રકાશિત કરવા બદલ ઘણી વાર તેમની ધરપકડ કરવામાં આવી હતી.

૧૯ માર્ચ ૧૯૮૨ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે તેમનું અવસાન થયું.




**પી. કક્કન:**

પી. કક્કન (૧૮ જૂન ૧૯૦૮ - ૨૩ ડિસેમ્બર ૧૯૮૧) અથવા કક્કનજી એક ભારતીય રાજકારણી અને સ્વાતંત્ર્ય સેનાની હતા. તેઓ ભારતની બંધારણ સભાના સભ્ય, સંસદ સભ્ય, તામિલનાડુ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ૧૯૫૭ અને ૧૯૬૭ ની વચ્ચેના મદ્રાસ રાજ્યમાં કોંગ્રેસની સરકારોમાં વિવિધ પદે મંત્રી પણ રહ્યા હતા.

કક્કન તેમના જીવનના પ્રારંભિક તબક્કેથી સ્વતંત્રતા ચળવળ તરફ દોરાયા હતા. સ્કૂલમાં ભણતી વખતે તે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા. ઈ. સ. ૧૯૩૯ માં જ્યારે રાજ્ય સરકાર ટેમ્પલ એન્ટ્રી ઓથોરાઇઝેશન એન્ડ ઇન્ડેમનિટી એક્ટ લાવી ત્યારે આ કાયદાથી પેરિયાર અને શનારોના મંદિરોમાં પ્રવેશવા પરનો પ્રતિબંધ દૂર થયો. કક્કને મદુરાઇમાં મંદિર પ્રવેશની આગેવાની લીધી. તેમણે ભારત છોડો આંદોલનમાં પણ ભાગ લીધો હતો અને તેમને અલીપોર જેલમાં મોકલવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૯૪૬ માં, તેઓ બંધારણ સભામાં ચૂંટાયા હતા[૩] અને ૧૯૪૬ થી ૧૯૫૦ સુધી પદ પર રહ્યા હતા.





**દુર્ગાવતી દેવી:**

દુર્ગાવતી દેવી (દુર્ગા ભાભી) (૭ ઓક્ટોબર ૧૯૦૭ – ૧૫ ઓક્ટોબર ૧૯૯૯) ભારતીય ક્રાંતિકારી અને સ્વતંત્રસેનાની હતા. તેઓ બ્રિટિશ રાજની સામે સશસ્ત્ર લડત ચલાવી રહેલા જૂજ મહિલા ક્રાંતિકારીઓમાંના એક હતા. તેઓ અંગ્રેજ અધિકારી સોન્ડર્સની હત્યા પછી ભગતસિંહ સાથે ટ્રેનમાં નાસી છૂટવાની ઘટનાથી જાણીતા બન્યા હતા, અને તેઓ ક્રાંતિકારી ભગવતીચરણ વોહરાના પત્નિ હતા[૨].

Scanned with CamScanner

તેથી હિંદુસ્તાન રીપબ્લિકન એશોસિયેશનના અન્ય સભ્યો તેમને ભાભી કહીને સંબોધતા હતા અને આમ તેઓ ક્રાંતિકારીઓમાં દુર્ગા ભાભી વડે જાણીતા બન્યા હતા.

તેમનો જન્મ પિતા બાંકે બિહારીલાલ ભટ્ટ, વડનગરા નાગરને ત્યાં ૭ ઓક્ટોબર ૧૯૦૭ના રોજ થયો હતો. તેમના પિતા એક નિવૃત્ત જજ હતાં. દુર્ગાદેવીની માતા દુર્ગાદેવીના નાનપણમાં જ અવસાન પામેલા. માતાના અવસાન પછી માત્ર અગિયાર વર્ષની ઉંમરે તેમના લગ્ન ભગવતીચરણ વોહરા, વિસનગરના વતની સાથે થયા હતા.ભગવતી ચરણ વેપારી અને એક ક્રાંતિકારી પણ હતા. તેમના સંબંધો ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ સાથે હતા. તેમણે જ દુર્ગાદેવીને ક્રાંતિના પાઠ ભણાવ્યા હતા.




## બિધાન ચંદ્ર રોય:

બિધાન ચંદ્ર રોય (૧ જુલાઇ ૧૮૮૨ – ૧ જુલાઇ ૧૯૬૨) એક પ્રખ્યાત ભારતીય ચિકિત્સક, શિક્ષણશાસ્ત્રી, સમાજસેવક, સ્વાતંત્ર્યસેનાની અને રાજનેતા હતા. તેઓ પશ્ચિમ બંગાળના દ્વિતીય મુખ્યમંત્રી હતા અને ૧૪ જાન્યુઆરી ૧૯૪૮ થી તેમના મૃત્યુ સુધી મુખ્યમંત્રી પદ પર રહ્યા. પાંચ પ્રતિષ્ઠિત શહેરો દુર્ગાપુર, કલ્યાણી, બિધાનનગર, અશોકનગર અને હાબરા ઉપરાંત કેટલીક અતિમહત્ત્વની સંસ્થાઓની સ્થાપનામાં તેમની ભૂમિકાને કારણે તેઓ આધુનિક બંગાળના નિર્માતા તરીકે ઓળખાય છે. ભારતમાં દર વર્ષે ૧ જુલાઈને તેમની સ્મૃતિમાં રાષ્ટ્રીય ડૉક્ટર દિવસ તરીકે મનાવવામાં આવે છે. ૪ ફેબ્રુઆરી ૧૯૬૧ના રોજ તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

બિધાનચંદ્ર રોયનો જન્મ ૧ જુલાઈ ૧૮૮૨ના રોજ બિહારના પટના જિલ્લાના બાંકીપોર ખાતે એક બંગાળી પરિવારમાં થયો હતો જ્યાં તેમના પિતા પ્રકાશચંદ્ર રોય આબકારી અધિકારી તરીકે કાર્યરત હતા. તેમની માતા અઘોરકામિની દેવી એક ધર્મપરાયણ મહિલા અને સમર્પિત સામાજીક કાર્યકર હતા. બિધાન તેમના પાંચ ભાઈબહેનોમાં સૌથી નાના હતા. તેમના માતાપિતા બ્રહ્મસમાજના ચુસ્ત અનુયાયી હતા તથા પોતાના અનુશાસિત જીવન દ્વારા તેમણે ધર્મ અને જાતિથી ઉપર ઉઠીને સર્વધર્મની સેવા માટે સમય અને ધન સમર્પિત કર્યા હતા.

પ્રકાશચંદ્ર રોય, જેસોર જિલ્લાના વિદ્રોહી હિન્દુ રાજા પ્રતાપ આદિત્યના વંશજ હતા પરંતુ તેમને પોતાના પૂર્વજોથી વિરાસતમાં વધુ સંપતિ મળી નહોતી. પોતાની આજીવિકાના માધ્યમથી જ તેમણે પોતાના બાળકોના શિક્ષણ અભ્યાસની સાથોસાથ અન્ય અનાથ અને જરૂરિયાતમંદ બાળકોના ભરણપોષણની સામાજિક જવાબદારી ઉઠાવી. આમ, બાળપણથી જ બિધાન અને તેમના ભાઈબહેનોને સમાજ ઉપયોગી કાર્યો કરવાની પ્રેરણા મળી હતી.

બિધાને ૧૮૯૭માં પટના કોલેજીએટ સ્કુલ ખાતેથી મેટ્રીકનો અભ્યાસ પૂરો કર્યો. બાદમાં પ્રેસિડેન્સી કોલેજ, કલકત્તા ખાતેથી આઈ.એ.ની પદવી મેળવી. પટના કોલેજમાંથી ગણિતશાસ્ત્ર વિષયમાં સ્નાતકની પદવી મેળવ્યા બાદ કલકત્તા મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. બિધાનના કૉલેજ અભ્યાસ દરમિયાન જ બંગાળ વિભાજનની ઘોષણા કરવામાં આવી. લાલા લજપતરાય, લોકમાન્ય ટિળક અને

Scanned with CamScanner

બિપિનચંદ્ર પાલ જેવા રાષ્ટ્રવાદી નેતાઓના નેતૃત્ત્વમાં બંગાળ વિભાજનના વિરોધમાં આંદોલન ચલાવવામાં આવ્યું. જોકે, બિધાને ભાવનાત્મક નિર્ણય લેવાને બદલે પોતાની લાગણીઓને નિયંત્રિત કરી અભ્યાસ પર ધ્યાન આપ્યું. તેમનો સ્પષ્ટ મત હતો કે તેઓ પોતાના વ્યવસાયમાં સફળતા મેળવી રાષ્ટ્રની વધુ સારી સેવા કરી શકશે.

ચિકિત્સાક્ષેત્રમાં સ્નાતકોત્તર અભ્યાસ માટે બિધાન ફેબ્રુઆરી ૧૯૦૯માં ઇંગ્લેન્ડ રવાના થયા. અહીં તેમણે બાર્થોલોમેવ હોસ્પિટલમાં પ્રવેશ અરજી દાખલ કરી. જોકે, હોસ્પિટલના વડાએ એશિયાઈ વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો ઈનકાર કરી બિધાનની અરજી ફગાવી દીધી.તેમણે આ પરિસ્થિતિમાં હિંમત ન હારતા વારંવાર પ્રવેશ અરજીઓ દાખલ કરી અને છેવટે ૩૦મા પ્રયત્ને તેમની અરજી સ્વીકારવામાં આવી.બે વર્ષ અને ત્રણ માસના ટૂંકા ગાળામાં બિધાને સ્નાતકોત્તર અભ્યાસ પૂરો કરી મે ૧૯૧૧માં રોયલ કૉલેજ ઑફ ફીઝીશીયન તથા રોયલ કૉલેજ ઓફ સર્જનના સભ્ય બનવાની દુર્લભ ઉપલબ્ધિ પ્રાપ્ત કરી. તેઓ ૧૯૧૧માં ઈંગ્લેન્ડથી સ્વદેશ પરત ફર્યા.



**જુગતરામ ચીમનલાલ:**

જુગતરામ ચીમનલાલ દવે મહાત્મા ગાંધીના અંત્યજન, સ્વાતંત્ર્ય સેનાની અને ગુજરાતી ભાષાના કવિ અને લોકનાટ્યકાર હતા.

તેમનો જન્મ ૧ સપ્ટેમ્બર, ૧૮૮૮ના દિવસે ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ખાતે થયો હતો. એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંબઈ, વઢવાણ તથા ધ્રાંગધ્રા ખાતે લીધું હતું. તેઓ મેટ્રિકની પરીક્ષામાં અનુત્તીર્ણ રહ્યા હતા.

ઇ.સ. ૧૯૧૭ના વર્ષમાં મુંબઈ ખાતે હાજી મહમ્મદ અલારખિયા સંપાદિત 'વીસમી સદી'માં તેમણે નોકરી સ્વીકારી હતી. એક વર્ષ સયાજીપુરામાં ગ્રામસેવા કરી અને પછી સ્વામી આનંદ અને કાકાસાહેબ કાલેલકરના સંસર્ગથી તેઓ સાબરમતી આશ્રમમાં શિક્ષણકાર્ય અર્થે જોડાયા હતા. આ સમયગાળા વચ્ચે એમણે ઇ. સ. ૧૯૧૯ના વર્ષમાં 'નવજીવન' સાપ્તાહિકની જવાબદારી સ્વીકારી, જે એમણે ઇ.સ. ૧૯૨૩ના વર્ષ સુધી સફળતાપૂર્વક સંભાળી હતી. ૧૯૨૩થી ૧૯૨૭માં એમણે દેશભરમાં જાણીતા બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. ઇ.સ. ૧૯૨૮ના વર્ષ પછીનું આખું જીવન એમણે દક્ષિણ ગુજરાતના રાનીપરજ તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલા વેડછી આશ્રમમાં આદિવાસી ગ્રામસેવા અને આશ્રમી કેળવણીમાં ગાળ્યું. અંગ્રેજ સરકાર સામે બાથ ભીડતાં અલગ અલગ સત્યાગ્રહોમાં એમણે કુલ નવ વર્ષ જેલવાસ ભોગવ્યો હતો. ભારત દેશને આઝાદી મળ્યા પછી એમણે ઇ.સ. ૧૯૭૧થી ૧૯૭૮ સુધી 'વટવૃક્ષ' માસિકનું સંપાદન કર્યું.

Scanned with CamScanner

વેડછીનો વડલો તરીકે સંબોધવામાં આવેલા જુગતરામ દવેનું અવસાન ૧૪ માર્ચ, ૧૯૮૫ના રોજ વેડછી ખાતે આવેલા ગાંધી આશ્રમમાં થયું હતું.



**યતીન્દ્રનાથ દાસ:**

યતિન્દ્ર નાથ દાસ (૨૭ ઑક્ટોબર ૧૯૦૪ - ૧૩ સપ્ટેમ્બર ૧૯૨૯) ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર્તા અને ક્રાંતિકારી હતા. તેમને જતીન દાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. લાહોરની જેલમાં ૬૩ દિવસની ભૂખ હડતાલ બાદ તેમનું મૃત્યુ થયું હતું.

યતીન્દ્રનાથ દાસનો જન્મ ઈ.સ. ૧૯૦૪ કોલકાતામાં થયો હતો. તેઓ નાની ઉંમરે બંગાળના અનુશીલન સમિતિ નામના ક્રાંતિકારી જૂથમાં જોડાયા હતા. ઈ.સ.૧૯૨૧ ના ગાંધીજી પ્રેરિત અસહકારની ચળવળમાં પણ તેમણે ભાગ લીધો હતો. તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી હતા, તેમણે મેટ્રિક અને ઇન્ટરમિડિએટની પરીક્ષા પ્રથમ વિભાગમાં પાસ કરી હતી. તેઓ બંગાળના અનુશીલાન સમિતિ નામના એક ક્રાંતિકારી જૂથમાં જોડાયા અને ૧૯૨૧માં મહાત્મા ગાંધીના અસહકાર આંદોલનમાં, માત્ર ૧૭ વર્ષની વયની ઉંમરે ભાગ લીધો હતો. નવેમ્બર ૧૯૨૫માં જ્યારે તેઓ કોલકાતાની બાંગબાસી કૉલેજમાં બી.એ.નો અભ્યાસ કરતા હતા ત્યારે તેમની રાજકીય પ્રવૃત્તિઓમાંના સહભાગ બદ્દલ ધરપકડ કરવામાં આવી હતી અને તેને મૈમનસિંઘ સેન્ટ્રલ જેલમાં કેદ કરવામાં આવ્યા હતા. ત્યાં નજરકેદ થતાં, તેઓ રાજકીય કેદીઓ પર કરવામાં આવતા દુર્વ્યવહારનો વિરોધ કરવા ભૂખ હડતાલ પર ઉતર્યા હતા. વીસ દિવસ ઉપવાસ કર્યા બાદ જેલ અધિક્ષકે માફી માંગી અને તેમણે ઉપવાસ છોડી દીધા. ભારતના અન્ય ભાગોમાં ક્રાંતિકારીઓ દ્વારા તેમનો સંપર્ક કર્યો અને ભગત સિંહ અને સાથીઓ માટે બોમ્બ-બનાવવામાં ભાગ લેવા તેઓ સંમત થયા હતા. સચિન્દ્ર નાથ સન્યાલે તેમને બોમ્બ કેવી રીતે બનાવવા તે શીખવ્યું.

૧૪ જૂન ૧૯૨૯ ના દિવસે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને લાહોર કાવતરાના કેસના વધારાના કેસ હેઠળ તેમને લાહોર જેલમાં કેદ કરવામાં આવ્યા હતા.

Scanned with CamScanner




**બિપિન ચંદ્ર પાલ:**

બિપિન ચંદ્ર પાલ એક રાસ્ટ્રવાદી નેતા હતા તેમનું જન્મ 7 નવેમ્બર 1858 માં શિલ્હુટજિલ્લા નાં પોઇલ ગામ માં બ્રાહ્મણ કુટુંબ માં થયો હતો બંગાળ નાં ભાગલા નો ખુબ વિરોધ કર્યો હતો તેમને સ્વદેશી આંદોલન માં આગળ પડતો ભાગ લીધો હતો આઝાદી નાં આંદોલન માં દેશ ભર માં લાલ, બાલ,અને પાલ ની ક્રાન્તિકારી ત્રિપુટી નાં નામો ગાજતા હતાં તેમણે ઇન્ડિયા હાઉસ માં રહી ને સ્વરાજ નામની પત્રિકા શરૂ કરી હતી તેઓ નાની ઉંમર માં બ્રહ્મસમાજી બની ગયાં હતાં. આજ રોજ બિપિન ચંદ્ર પાલ ની જન્મ જયંતી પ્રસંગે ક્રાંતિતીર્થના સ્ટાફ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પિત કરાઈ હતી.



**રાસબિહારી બોઝ:**

રાસબિહારી બોઝ (૨૫ મે ૧૮૮૬ – ૨૧ જાન્યુઆરી ૧૯૪૫) એક ભારતીય ક્રાંતિકારી હતા. તેઓ ગદર વિદ્રોહના મુખ્ય આયોજકો પૈકી એક હતા. તેમણે આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી હતી બાદમાં તેને સુભાષચંદ્ર બોઝને સોંપી દીધી હતી.

રાસબિહારી બોઝનો જન્મ બંગાળના વર્ધમાન જિલ્લાના સુબલદહ ગામમાં થયો હતો. તેમના પિતા વિનોદ બિહારી બોઝ અને માતા ભૂવનેશ્વરી દેવી હતા. તેમનું પ્રારંભિક શિક્ષણ તેમના વતન સુબલદહની પ્રાથમિક શાળામાં જ તેમના દાદા કાલીચરણ બોઝની દેખરેખ હેઠળ થયું હતું. તેમનો આગળનો અભ્યાસ ડુપ્લીક્સ કોલેજમાં થયો હતો. શાળાના આચાર્ય ચારુચંદ્ર રોયે તેમને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે પ્રેરીત કર્યા. ત્યારબાદ તેમણે કલકત્તાની મોર્ટન સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. બોઝે ચિકિત્સા વિજ્ઞાન અને ઇજનેરી શાખામાં ફ્રાંસ અને જર્મનીથી પદવી મેળવી હતી..

તેઓ શરૂઆતથી જ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં રુચિ ધરાવતા હતા. અલીપુર બોમ્બ ધડાકાના મુકદ્દમાથી દૂર રહેવાના ઇરાદાથી તેમણે ૧૯૦૮માં બંગાળ છોડી દીધું હતું. તેઓ દહેરાદૂન વન અનુસંધાન સંસ્થામાં ક્લાર્ક તરીકેની નોકરી દરમિયાન અમરેન્દ્ર ચેટરજીના માધ્યમથી જતીન્દ્રનાથ મુખર્જીના (જતીન બાઘા) સંપર્કમાં આવ્યા. અહીં તેઓ બંગાળી ક્રાંતિકારીઓના જૂથમાં સામેલ થઈ ગયા અને પંજાબ તેમજ સંયુક્ત પ્રાંતના (હાલ ઉત્તરપ્રદેશ) આર્ય સમાજના પ્રખર ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા.

Scanned with CamScanner




**વિનાયક દામોદર સાવરકર:**

**વિનાયક દામોદર સાવરકર (૨૮ મે ૧૮૮૩ - ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬) ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા હતા.જેથી તેઓ વીર સાવરકર નામથી જાણીતા થયા.**

હિંદુ રાષ્ટ્રની રાજનીતિક વિચારધારા (હિંદુત્વ) ને વિકસિત કરવાનો સંપૂર્ણ શ્રેય સાવરકરને ફાળે જાય છે. સ્વતંત્રતા સેનાની હોવાની સાથે-સાથે તેઓ મહાન ક્રાંતિકારી, વિચારક, સિદ્ધહસ્ત લેખક, કવિ, પ્રખર વક્તા તથા દુરદર્શી રાજનેતા પણ હતા. તેઓ એક એવા ઈતિહાસકાર પણ હતા કે જેમણે હિંદુ રાષ્ટ્રના વિજયના ઈતિહાસને પ્રમાણિકપણે શાબ્દિક રીતે કંડાર્યો હતો. તેમણે ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઈતિહાસ ધ ઈન્ડિયન વૉર ઓફ ઈન્ડિપેન્ડન્સ નામના પુસ્તકમાં લખ્યો જેનાથી બ્રિટિશ શાસકોમાં ખળભળાટ મચી ગયો. ધ ઈન્ડિયન વૉર ઓફ ઈન્ડેપેન્ડન્સ મૂળ મરાઠી ભાષામાં ૧૯૦૮ની સાલમાં તેમણે લખી જેનો અંગ્રેજી ભાષામાં અનુવાદ ઈન્ડિયા હાઉસમાં રહીને છ જેટલા વિદ્યાર્થીઓએ કર્યો. એ સમયે ભારતમાં મુદ્રણકાર્ય શક્ય ન હતું. તેમના આ પુસ્તકનું મુદ્રણ કાર્ય ઈંગ્લેન્ડ અને જર્મનીમાં પણ ન થઈ શક્યું. અંતમાં આ પુસ્તક ૧૯૦૯ની સાલમાં હોલેન્ડમાં મુદ્રિત થયું. સમયાંતરે આ પુસ્તકનો અનુવાદ ઉર્દૂ, હિન્દી, પંજાબી અને તામિલ ભાષામાં પણ થયો. આ પુસ્તક પર બ્રિટિશ શાસકો દ્વારા પ્રતિબંધ લગાવાયો હતો. પ્રતિબંધ દરમિયાન ડૉ. ક્યુતિન્હોએ આ પુસ્તકને એક ધાર્મિક ગ્રંથની જેમ સાચવીને રાખેલો. આ પ્રતિબંધને ૧૯૪૬ના મે મહિનામાં મુંબઈ સરકાર દ્વારા હટાવાયો હતો.



**રાજા રામમોહનરાય:**

રાજા રામમોહનરાય એક સમાજ સુધારક હતા. તેમણે ધર્મમાં રહેલાં દૂષણો દૂર કરવા અનેક પ્રયત્નો કર્યા હતા અને એકેશ્વરવાદનો પ્રચાર કર્યો હતો. તેમણે આત્મીય સભા નામે સંસ્થા સ્થાપી, પાછળથી આ સંસ્થા બ્રહ્મોસમાજ તરીકે પ્રચલિત બની. બ્રહ્મો સમાજે વિશેષ કરીને બંગાળમાં સમાજ અને ધર્મ સુધારણાના ક્ષેત્રે મહત્ત્વનો ફાળો આપ્યો. બ્રહ્મોસમાજ તરફથી 'સંવાદ કૌમુદી' નામે સાપ્તાહિક પણ બહાર પાડવામાં આવ્યું. રાજા રામમોહનરાયે વિશેષ કરીને 'બાળલગ્નો અને બહુપત્ની પ્રથા'ને દૂર કરવા પ્રયત્નો કર્યા. તેમજ 'સતીપ્રથા'ની વિરુદ્ધ મોટી ઝુંબેશ ચલાવી તેમણે કહ્યું, ધર્મશાસ્ત્રમાં કયાંય પણ સતીપ્રથાનો ઉલ્લેખ જોવા મળતો નથી.

Scanned with CamScanner

રાજા રામમોહનરાય આધુનિક ભારતના આધસુધારક ગણાય છે. નવા યુગના અગ્રદૂત અને જયોતિર્ધર પણ કહેવાય છે. આજે પણ બ્રહ્મોસમાજ સમાજ સુધારણા માટે કાર્યરત છે. આજે બાળલગ્નો, સતીપ્રથા, બહુપત્નીપ્રથા વગેરે લુપ્તપ્રાપ્ય બન્યાં છે.

રામ મોહનરાયનો જન્મ બંગાળ પ્રાંતના હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં ૨૨ મે ૧૭૭૨ માં થયો હતો. તેમના પિતા રમાકાંત વૈષ્ણવ કુટુંબના હતા, જયારે માતા તારિણીદેવી શૈવ કુટુંબના હતા.

રામ મોહન રાયે તેમના જીવનમાં ત્રણ વખત લગ્ન કાર્ય હતા. તેમની પહેલી પત્ની વહેલી મૃત્યુ પામી હતી. તેઓને બે પુત્ર હતા રાધાપ્રસાદ અને ૧૮૦૦ માં અને બીજી પત્ની દ્વારા રામપ્રસાદ ૧૮૧૨ માં થયો હતો તેમની બીજી પત્નીનું મૃત્યુ ૧૮૨૪ માં થયું હતું. તેમની ત્રીજી પત્ની તેમની સાથે રહી હતી.

રાજા રામમોહન રાયનું બાળપણના શિક્ષણની માહિતી વિવાદિત છે. એક બાજુ જોઈએ તો રાજા રામ મોહન રાય નું પ્રારંભિક શિક્ષણ તેમના ગામની નિશાળ માં શરુ થયું હતું. જ્યાં તેઓ બંગાળી, સંસ્કૃત અને ફારસી ભાષાઓનું જ્ઞાન મેળવ્યું. ત્યારબાદ તેઓ મદ્રાસના પટનામાં અરબી અને ફારસી ભાષા શીખ્યા અને ત્યારબાદ તેઓને વેદ અને ઉપનિષદ જેવા સંસ્કૃત અને હિંદુ ગ્રંથો નો અભ્યાસ કરવા માટે બનારસ (કાશી) મોકલવામાં આવ્યા. જોકે આ બંને સમયગાળાના સ્થાન અનિશ્ચિત છે.

જોકે એવું માનવું રહ્યું કે તેઓ જયારે નવ વર્ષના હતા ત્યારે તેઓને પટના મોકલવામાં આવ્યા અને ત્યારબાદ બે વર્ષ પછી તેઓને બનારસ મોકલવામાં આવ્યા હોય.

ફારસી અને અરબી ભાષાઓના અભ્યાસ પરથી તથા યુરોપિયન દેવવાદના અભ્યાસથી તેમના પર એકેશ્વરવાદના વિચારનો પ્રભાવ પડ્યો. તે સમયે તેઓ પોતાનો પહેલો ગ્રંથ લખી રહ્યા હતા. તે સમયે તેઓ સારી રીતે અંગ્રેજી બોલી કે લખી શકતા ન હતા કે કદાચ સમજી પણ શકતા નહીં.

રાજા રામમોહનરાયે સમાજ સુધારણા માટે ‘ઇસ્ટ ઇન્ડિયા કંપની’ની બહુમૂલ્ય નોકરી છોડી દીધી. રાજા રામમોહનરાયના સમાજ સુધારણાનાં કાર્યોથી ખુશ થઇને મુગલ બાદશાહે ૧૮૩૧માં તેમને ‘રાજા’નો ઇલકાબ આપીને પોતાના વકીલ તરીકે ઇંગ્લેન્ડ મોકલ્યા.

૨૭ સપ્ટેમ્બર ૧૮૩૩ ના રોજ તેમનું અવસાન થયું હતું.



**દાદાભાઈ નવરોજી:**

‘હિંદના દાદા’ તરીકે વિશ્વભરમાં ખ્યાતિ મેળવનારા દાદાભાઈ નવરોજીનો જન્મ ૪ સપ્ટેમ્બર ૧૮૨૫ માં નવસારીમાં થયો હતો.તેઓ એક પારસી પુરોહિતના પુત્ર હતા

Scanned with CamScanner

બી.એસસી. નો અભ્યાસ પૂર્ણ કરી ૨૭ વર્ષની ઉંમરે તેઓ મુંબઈની એલફિસ્ટન ઈન્સ્ટિટયુટમાં હેડમાસ્તર બન્યા હતા. પ્રોફેસર તરીકે નિમણૂંક પામનારા સૌ પ્રથમ હિંદી હતા. ધંધામાં પોતાની કારકીર્દી શરૂ કરવા માટે ૩૦ વર્ષની ઉંમરે તેઓએ ઈંગ્લેન્ડ ભણી પ્રયાણ કર્યુ હતું. ૧૮૫૫માં નવરોજી લંડનમાં ઈમ્પોર્ટન્ટ પારસી કોમર્શીયલ પેઢીમાં ભાગીદાર બન્યા હતા ત્યાર બાદ તેમણે ત્યાં પોતાનુ કોમર્શયીલ હાઉસ ઉભુ કર્યું હતું. ૩૧ ઓક્ટોબર ૧૮૬૧માં ધ લંડન અંજુમન નામનું સંગઠન સ્થપાયુ હતુ અને ડો. દાદાભાઈ નવરોજી તેના સ્થાપક અને પ્રથમ પ્રમુખ હતા.

અંગ્રેજી કેળવણી પામેલા પારસી યુવાનોએ ધર્મ અને સુધારણા માટે ઈ.સ. ૧૮૫૧માં 'રહનુમા-ઇ-મઝદયરન સભા' ની સ્થાપના કરી. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતા. આ સંસ્થાએ 'રાશ્ત ગોફતાર'નામનુ મુખપત્ર શરૂ કરી પારસી સુધારણા આંદોલનને વેગવંતુ બનાવ્યું.

૧૮૫૯માં તેમને ઈન્ડિયન સિવિસ સર્વિસમાં ભરતી પ્રક્રિયામાં થતા અન્યાય સામે એક આંદોલન શરૂ કર્યું હતું.ભારતીય પબ્લિકમાં બુધ્ધિજીવીઓની ઉન્નતિ માટે પધ્ધતિસર કામ કરનારા પ્રથમ વ્યક્તિ હતા.

૧૮૬૨માં તેમણે ઈંગ્લિશ પ્રજાને ભારતીય બાબતોથી માહિતગાર બનાવવા માટે ઈસ્ટ ઈન્ડિયન એસોશિયેશન નામનુ વગદાર સંગઠનની સ્થાપના કરી હતી. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ બ્રિટનને ભારતની દુર્દશા અને જરૂરિયાતો વિશે સારી રીતે માહિતગાર કરવાનો હતો.

૧૮૭૪માં તેઓ ભારત પાછા ફર્યા હતા. બરોડા રાજ્યના દિવાન તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. પરંતુ તેઓ બ્રિટિશ પાર્લામેન્ટમાં પ્રવેશ મેળવવાના હેતુથી ૧૮૮૬માં ફરીથી ઈંગ્લેડ પાછા ફર્યા હતા. ૫ જુલાઈ ૧૮૯૨ ના રોજ તેઓ પાર્લામેન્ટમાં ચૂંટાયા હતા અને આ રીતે બ્રિટિશ પાર્લામેન્ટમાં સ્થાન મેળવનારા પ્રથમ ભારતીય બન્યા હતા. તેઓ ઈન્ડિયન નેશનાલિઝમના પિતા તરીકે જાણીતા બન્યા હતા.

નવરોજી ૧૮૯૨માં દાદાભાઈની ગણના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપક તરીકે થાય છે. તેઓ ત્રણ વખત કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. કોંગ્રેસના શરૂઆતના વર્ષોમાં સ્વતંત્રતાની લડાઈ દરમિયાન તેમણે ઉદારમતવાદી રસ્તો અપનાવ્યો હતો. તેઓને બ્રિટિશરોમાં વિશ્વાસ હતો પરંતુ બ્રિટિશ રાજકીય વ્યવસ્થાથી તેમની ભ્રમણામાં વધારો થતા તેઓ નિરાશ બન્યા હતા. ૧૯૦૪માં તેમણે સ્વરાજની માંગણી કરી હતી. ગોપાલ કૃષ્ણ ગોખલે અને મોહનદાસ કરમચંદ ગાંધી સહિત યુવા રાષ્ટ્રીય નેતાઓની પેઢી તેમનો એક સલાહકાર તરીકે આદર કરતા હતા.




**બાબાસાહેબ આંબેડકર:**

બાબાસાહેબ આંબેડકર (મૂળ નામ: ભીમરાવ રામજી આંબેડકર) (૧૪ એપ્રિલ ૧૮૯૧ – ૬ ડિસેમ્બર ૧૯૫૬) એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઇતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયના જ્ઞાતા હતા. તેઓ ડૉ.

Scanned with CamScanner

બાબાસાહેબ આંબેડકર ના હુલામણા નામથી પણ જાણીતા છે. તેઓએ ભારતમાં બૌદ્ધ પુનર્જાગરણ આંદોલનની શરૂઆત કરી. તેઓએ ભારતીય બંધારણસભામાં નિભાવેલી જવાબદારીને કારણે તેમને 'બંધારણના ઘડવૈયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા. તેમને મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી ૧૯૯૦માં નવાજવામા આવ્યા હતા.

૧૯૪૬ માં વચગાળાની સરકાર રચવાનો તેમજ બંધારણસભા બોલાવી ભારતનું બંધારણ ઘડવાનો નિર્ણય લેવાયો. ડૉ. આંબેડકર ભારતની બંધારણસભામાં ચૂંટાયા. ૯ ડિસેમ્બર ૧૯૪૬માં પ્રથમવાર બંધારણસભા દિલ્હીમાં મળી. ડૉ. આંબેડકર ભારતના બંધારણના માળખા તેમજ લઘુમતી કોમના હક્કો વિશે સચોટ વિચારો વ્યક્ત કર્યા. ૨૯ એપ્રિલ ૧૯૪૭માં બંધારણ સભાએ અસ્પૃશ્યતાને કાયદા દ્વારા ભારતભરમાંથી નાબુદ થયેલી જાહેર કરી. ભારતના ભાગલા પછી ભારત-પાકિસ્તાન અલગ દેશો અસ્તિત્વમાં આવ્યા અને ૩ ઓગસ્ટ ૧૯૪૭ માં ભારતની વચગાળાની સરકાર રચાઈ. ભારતની વચગાળાની સરકારમાં ડૉ. આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા. ૨૯ ઓગસ્ટે ડૉ. આંબેડકરની ભારતના બંધારણીય ડ્રાફટીંગ કમિટીના પ્રમુખ તરીકે વરણી થઈ. અનેક મુશ્કેલીઓ અને નાદુરસ્ત તબિયત વચ્ચે પણ ડૉ. આંબેડકર અને બંધારણ સમિતિએ ફેબ્રુઆરી ૧૯૪૮ના છેલા અઠવાડીયામાં ભારતનાં બંધારણની કાચી નકલ તૈયાર કરી અને બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને સુપ્રત કરી. ડૉ. આંબેડકરે ૧૫ એપ્રિલ ૧૯૪૮માં ડૉ. શારદા કબીર સાથે લગ્ન કર્યા. પત્ની ડોક્ટર હોવાથી તેમની બગડેલી તબિયતમાં ઘણો સુધારો આવ્યો અને તેમનું કાર્ય ફરીથી ચાલુ કર્યું. ભારતના બંધારણના કાચા મુસદ્દાને દેશના લોકોની જાણ માટે અને તેઓના પ્રત્યાઘાતો જાણવા માટે ૬ માસ સુધી જાહેરમાં મૂકવામાં આવ્યો. ૪ નવેમ્બેર ૧૯૪૮ના રોજ ડૉ. આંબેડકરે ભારતના બંધારણને બંધારણસભાની બહાલી માટે રજુ કર્યું. મુખ્યત્વે બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું. આ વખતે બંધારણસભાના પ્રતિનિધિઓ તેમજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ડૉ. આંબેડકરની સેવા અને કાર્યના મુક્ત કંઠે વખાણ કર્યા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને દેશ પ્રજાસતાક બન્યો.

रुतबा मेरे सर को तेरे संविधान से मिला है! ये सम्मान भी मुझे तेरे संविधान से मिला है!

औरो को जो मिला है वो मुकदर से मिला है! हमें तो मुकदर भी तेरे संविधान से मिला है!

**आओ झुक कर सलाम करे उनको, जिनके हिस्से में ये मुकाम आता है,**

**खुशनसीब होता है वो खून, जो देश के काम आता है,**

**देश के शहीदों को शत् शत् नमन**

Scanned with CamScanner

Scanned with CamScanner